સંબંધિત ક્ષેત્રમાં થયેલા સંશોધનોને યોગ્ય સ્વરૂપમાં રજૂ કરવા માટે ચોક્કસ કોઈ એક પદ્ધતિ સુનિશ્ચિત નથી. જેમ કે એક પદ્ધતિ પ્રમાણે સંબંધિત સંશોધનોને તેમના કાલાનુક્રમ પ્રમાણે રજુ કરવામાં આવે છે. બીજી પદ્ધતિ પ્રમાણે સંશોધનની મુખ્ય બાબતો જેવી કે ચલોની વ્યવહારૂ વ્યાખ્યાઓ, સંબંધિત ચલો, અભ્યાસમાપન પદ્ધતિઓ તથા સંશોધનના તારણોને ધ્યાનમાં રાખીને વિશ્લેષણ કરવામાં આવે છે. સંશોધકે સંબંધિત ક્ષેત્રમાં થયેલા સંશોધનોને કાલાનુક્રમ પ્રમાણે રજૂ કર્યા છે.

## ૨.૨.૦ સંબંધિત સંશોધનોની સમીક્ષાના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસમાં સંબંધિત ક્ષેત્રમાં થયેલા સંશોધનોની સમીક્ષાના હેતુઓ આ પ્રમાણે હતા.

- વિવિધ સંશોધનમાં સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા વલણનો અભ્યાસ થયેલા છે તે જાણવુ, વિવિધ સંશોધનોના અભ્યાસના વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોની જાણકારી મેળવવી.
- સિદ્ધિપ્રેરણા, મૂલ્યો અને વલણ માપવા માટે ઉપયોગમાં લીધેલ ઉપકરણો તથા તેની પ્રાપ્તિ વિશે માહિતગાર થવું
- નિર્ધારિત પરતંત્ર ચલ ઉપર સ્વતંત્ર ચલની જુદી જુદી કક્ષાની અસરોનો અભ્યાસ કરવો.
- વિવિધ સંશોધનોમાં પૃથક્કરણ માટે ઉપયોગમાં લેવાયેલ વિવિધ આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો અભ્યાસ કરવો.
- વિવિધ સંશોધનોનાં તારણોથી માહિતગાર થવું

પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં બે પ્રકારના સાહિત્યનો આધાર લેવામાં આવ્યો હતો :

(૧) સૈદ્ધાંતિક આધાર માટેનું સાહિત્ય

(૨) સંલગ્ન ક્ષેત્રે પૂર્વે થયેલા સંશોધનો

## ૨.૩.૦ સંશોધનની સૈદ્ધાંતિક બાબતોની સમીક્ષા

પ્રસ્તુત સંશોધન એ માધ્યમિક શાળાના શિક્ષકોના મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને શીખવવા પ્રત્યેના વલણ પર આધારિત હતું. આ માટે મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને વલણની સંકલ્પનાઓ, અને વિવિધ વ્યાખ્યાઓ વગેરે જાણવી ખૂબ જ આવશ્યક હોવાથી સંશોધકે વિવિધ સ્ત્રોતોમાંથી તેનો સૈદ્ધાંતિક આધાર મેળવેલ જેની વિગતો ક્રમશઃ રજુ કરવામાં આવેલી છે.

### *૨.૩.૧ મૂલ્યની સંકલ્પના અને વ્યાખ્યાઓ*

Value (મૂલ્ય) શબ્દ લેટીન શબ્દ 'Valuer' પરથી ઉતરી આવેલો છે. જેનો અર્થ "મજબૂત" અથવા "ઉત્સાહી હોવું" અથવા "કોઈ ખાસ કાર્ય કરવાની શકિત" એવો થાય છે.

મૂલ્ય શબ્દના ઘણાં અર્થ થાય છે. (Multiple meaning) મૂલ્ય એ વ્યક્તિને કઈ રીતે વર્તવું જોઈએ તેમજ બીજાના કાર્યનું કઈ રીતે અર્થઘટન કરવું તે સંબંધી દિશા સૂચન કરે છે.

મૂલ્યો એટલે આપણે કાર્યને વળગી રહેવું, મૂલ્ય એ મુખ્ય સ્તંભ છે કે જેની આસપાસ આપણી ઈચ્છા મહત્ત્વકાંક્ષા અને આપણા જીવનની રીતભાત (ઢબ) સ્થપાયેલી હોય છે.

મૂલ્યો માટે જુદા–જુદા વિચારકોએ આપેલી વ્યાખ્યાઓ જોઈએ તો,

લોસ્કી (૧૯૩૫) મૂલ્યોની વ્યાખ્યા આપતા કહે છે કે "એવું કંઈક જે દરેક વસ્તુ ઉપર જીત અપાવે અથવા ચડીયાતું બનાવે."

આ વ્યાખ્યા મૂલ્યને એવી રીતે વર્ણવે છે કે તે દુનિયાનો અર્થ નક્કી કરે, સાથે સાથે દરેક વ્યક્તિ દરેક ઘટના (પ્રસંગ) અને દરેક કાર્યના અર્થને નક્કી કરે છે.

કર્ટગોલ્ડસ્ટીન (૧૯૫૭) મૂલ્યની વ્યાખ્યા આપતા કહે છે કે "સાચા માણસની એવી લાક્ષણિકતા જે તે વાસ્તવિક સ્થિતિમાં પ્રદર્શિત કરે છે."

લેવીન (૧૯૫૯) મૂલ્યની વ્યાખ્યા આ રીતે કહે છે કે "હકારાત્મક કે નકારાત્મક રાસાયણિક બંધ ધરાવતું અસરકારક કે માર્ગદર્શક વર્તન જાણ ચારિત્ર્ય કે ધ્યેય ધરાવતુ નહીં."

કેચ (૧૯૬૨) મૂલ્ય એટલે "શું ઈચ્છનીય અથવા સારું છે તે વિષેની માન્યતા."

બોવી અને માર્ગન (૧૯૬૨) કહે છે કે "મૂલ્ય એ વ્યક્તિનાં આંતરિક જીવનનો એક ભાગ છે જે વર્તન દ્વારા પ્રદર્શિત થાય છે."

રોકેચ (૧૯૭૩) મૂલ્યની વ્યાખ્યા આપતા કહે છે કે "વ્યક્તિગત અથવા સામાજિક રીતે પસંદ કરાયેલું ખાસ પ્રકારનું વર્તન, અથવા અસ્તિત્વ કે જે સ્થિર માન્યતા સ્થાપિત કરે છે."

ઉપરની મૂલ્યની વ્યાખ્યાઓ દ્વારા મૂલ્યની સંકલ્પનાં સ્પષ્ટ થાય છે.

અભિરુચિ કરતાં મૂલ્ય બહોળો અર્થ ધરાવે છે. એ રીતે સ્ટ્રોંગની સંશોધનિકા અંગે હોલેન્ડે પ્રતિપાદિત કરેલી છ વિષયવસ્તુઓ (themes) એ મૂલ્યો જ છે. સ્પેન્જરે (Spranger) એવાં છ મૂલ્યક્ષેત્રો ગણાવ્યા છે. (૧) સૈદ્ધાંતિક (૨) આર્થિક (૩) સૌન્દર્યાત્મક (૪) સામાજિક (૫) રાજનીતિ વિષયક અને (૬) ધાર્મિક

સૈદ્ધાંતિક માણસ સત્યની શોધ કરે છે, આર્થિક દૃષ્ટિ વાળો માણસ વસ્તુની ઉપયોગિતા તરફ તથા પૈસા કમાવા તરફ ધ્યાન આપે છે, સૌન્દર્યાત્મક દૃષ્ટિવાળો માણસ સ્વરૂપ અને સંવાદિતા શોધે છે, સામાજિક માણસને લોકોના કલ્યાણમાં તથા તેમની સાથે સંપર્કમાં રહેવામાં વધુ રસ છે, રાજકારણી માણસને પોતાની સત્તામાં વધુ રસ છે, અને ધાર્મિક માણસ સર્વ અનુભવોની એકતા સમજી અખિલ વિશ્વનો તાગ મેળવવામાં વધુ રસ લે છે.

## ➢ *મૂલ્યોનું માપન*

ઓલપોર્ટ, વર્તન અને લિન્ડઝી રચિત મૂલ્યોનો અભ્યાસ એ મૂલ્ય સંશોધનિકા છે. તેમાં બે વિભાગ છે. પ્રથમ વિભાગમાં સમસ્યાઓ રજૂ કરી છે અને તેની સામે આપેલા બે વિકલ્પોમાંથી પ્રયોગપણે પસંદ હોય તેની સામે ૩ અને ના પસંદ હોય તેની સામે ૦ લખી દર્શાવવાનું છે.

## ➢ *મૂલ્યોનું વર્ગીકરણ*

પરંપરાગત વિચારસરણી પ્રમાણે નિરપેક્ષ અને સાધ્યમૂલ્યો તરીકે મૂલ્ય ત્રયી લગભગ સર્વ સામાન્ય બની છે. આ ત્રણે આધ્યાત્મિક મૂળભૂત મૂલ્યો તે સત્યમ, શિવમ, સુદરમ છે. અંગ્રેજી ભાષામાં આ મૂલ્ય ત્રયી Truth. Goodness and Beauty એક મૂલ્યવાન સુપ્રસિદ્ધ શબ્દોની જાણીતી છે. આ ત્રણ સાધ્ય કે મૂળભૂત મૂલ્યો અનુક્રમે

બૌદ્ધિક, નૈતિક, અને કલાત્મક કહી શકાય, ઘણાં ચિંતકો માને છે કે મૂલ્યોની આ ત્રિપુટી કે ત્રિવેણી એ મૂલ્યોની સંપૂર્ણ યાદી છે. પરંતુ ૧૯મી સદીમાં ફ્રોઈડ, વિન્ડલબેન્ડ અને બીજા કેટલાક જર્મન તત્ત્વવેતાઓએ ધર્મમાં જો કે સત્ય, શિવ અને સૌન્દર્યનો સમાવેશ થાય છે છતાં ધાર્મિક–અનુભૂતિ એ એક નવું મૂલ્ય ઉમેર્યુ છે.




## ➢ આર્થિક મૂલ્યો

અર્થ એ ધર્મ, કામ અને છેવટે મોક્ષ માટે પણ એક જરૂરી સાધન છે, ચતુર્થ પુરુષાર્થ વ્યવસાયમાં અર્થને એક પુરુષાર્થ ગણ્યો છે. તેનું કારણ એટલું જ કે તે આપણા ભૌતિક, શારીરિક અને સામાજિક જીવનના બહિપ્રાણ રૂપ છે. છતાં અર્થનું મૂલ્ય કેવળ સાધન રૂપ છે. આપણી આશ્રમ–વ્યવસ્થા અને પુરુષાર્થ વ્યવસ્થામાં આર્થિક અને સામાજિક મૂલ્યોનું આયોજન કરવા માટે ઘણો પદાર્થ પાઠ પડયો છે.

## ➢ સામાજિક મૂલ્યો

માનવ સામાજિક પ્રાણી છે. એ બહું જાણીતું સત્ય છે. સમાજમાં રહી અનુભવનાં બધાં મૂલ્યોને આ મૂલ્યો સ્પર્શતા નથી. પણ વિશિષ્ટ રીતે "સંઘ" કે મંડળો કે સંસ્થાઓ રચી જૂથ ભાવનાથી એટલે કે સહકાર, સંઘજીવન અને પરસ્પર ભાગીદારી, હક્ક અને જવાબદારીની સભાનતાથી અનુભવતા વિશિષ્ટ મૂલ્યોને સાચા અર્થમાં સામાજિક મૂલ્યો કહી શકાય.

## ➢ ચારિત્ર્યનાં મૂલ્યો

આ મૂલ્યો માટે ચારિત્ર્ય મૂલ્યો એવો જરા અસ્પષ્ટ અને ભાષા કે અભિવ્યક્તિની દૃષ્ટિએ અસંતોષકારક શબ્દ વાપર્યો છે. તેમાં આપણો "શુભ–સંકલ્પ" નો અનુભવ સમાવવા માગીએ છીએ.

કાન્ટ પોતાની નીતિશાસ્ત્રની તાત્વિક મીમાંસામાં જેને "Good will" કહે છે તેનું ગૌરવંતુ મૂલ્ય સ્વયંસિદ્ધિ મૂલ્યે કથે છે.

જેને આપણે સારું અને સર્વશ્રેષ્ઠ અગર સર્વોતમ તરીકે માની તેની સભાનતા પૂર્વક સ્વેચ્છાથી પસંદગી કરીએ છીએ તે શુભ સંકલ્પની અનુભૂતિ અહીં આપણે ચારિત્ર્ય શબ્દથી કહેવામાં આવી છે.

## ➢ સૌંદર્ય મૂલ્યો

આ મૂલ્યોમાં ફકત સૌંદર્યનો સમાવેશ થતો નથી. પણ સાથે સાથે, ભવ્ય, કરુણ, હાસ્યનીક અને એવી ઘણી શ્રેણીનો સમાવેશ થાય છે.

ચારિત્ર્ય–મૂલ્યની જેમ સૌંદર્ય મૂલ્ય ધ્યેયની સિદ્ધિ ન સાધી શકે તો તે સૌદર્ય મૂલ્ય જ ન કહેવાય. ધ્યેયની યોગ્ય, સુંદર રીતે અભિવ્યક્તિ કરી શકે તેમાં જો સફળતા મળે તો જ તે સૌંદર્ય કહી શકાય. ટૂંકમાં ચારિત્ર્ય મૂલ્યોની જેમ સૌંદર્ય – મૂલ્યો પણ સમસ્ત જીવનને અમુક વિશિષ્ટ દૃષ્ટિ બિન્દુથી વ્યવસ્થિત કે પ્રકાશિત કરતા અનુભવો છે, આ વિશિષ્ટ દૃષ્ટિ બિન્દુ એટલે સૌદર્યનું સર્જન અને તેની યોગ્ય સમપ્રમાણ અભિવ્યક્તિ.

## ➢ ધાર્મિક મૂલ્યો

માનવ જયારે દુન્યવી ઘટનાઓ અને શકિતથી પર થઈ પોતાનું જીવન જેના પર અવલંબિત છે એવી કોઈ અલૌકિક દિવ્ય 'પર' શકિતનો આશ્રય લે છે કે તે શકિત કે શકિતઓનું અવલંબન શોધે છે, ત્યારે તે એક પ્રકારના અંતર્ગત મૂલ્યનો અનુભવ કરે છે. આવા અનુભવમાં તેના અનુભવનાં બધા જ પાસાં વ્યવસ્થિત રીતે સંકળાયેલા હોય છે.

આ પ્રકારની ઊંડી સૂઝમાંથી અહોભાવના અને પૂજા–પ્રાર્થનાની ઊંડી લાગણીઓની અનુભૂતિ માનવના આત્મામાં થાય છે. આ અનુભૂતિને ધાર્મિક મૂલ્યો વિશિષ્ટ રીતે કહી શકાય.

## ➢ નૈતિક મૂલ્યનો સ્કેલ (Moral Judgment Scale)

કોહલબર્ગે (Kohlberg) તાજેતરમાં નૈતિક મૂલ્યોના વિકાસના છ તબક્કાઓ, નીતિની શરૂઆતથી માંડી, સમાજમાન્ય મૂલ્યોની સાથે સહમતિ સાધીને પોતે સ્વીકારેલા નૈતિક મૂલ્યો નિશ્ચિત કરવા સુધી પ્રતિપાદિત કર્યા છે. તેમના નૈતિક મૂલ્યોના સ્કેલમાં નવી દ્વિધાયુકત સમસ્યાઓ (dilemmas) એક પછી એક રજૂ કરવામાં આવે છે.

પ્રયોગપાત્રે આ વર્તનનું મૂલ્યાંકન કરવાનું હોય છે અને પોતાના નિર્ણય માટે તેણે કારણો આપવાનાં હોય છે. પ્રયોગકર્તા તેને વધુ પ્રશ્નો પુછી વધુ ઊંડાણથી તેની સમજુતી માગે છે. કોહલબર્ગની ભલામણ એ છે કે આ સ્કેલનો ઉપયોગ માણસનાં નૈતિક મૂલ્યો વિકસાવવા માટે કરવો જોઈએ. આ સ્કેલના પ્રમાણીકરણમાં ખામીઓ રહી ગઈ છે, હજુ આ સ્કેલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો નથી.

આવો જ બીજો એક સ્કેલ રોટરે તૈયાર કરેલો આંતરિક બાહ્ય નિયમન પારખવાનો છે, જે પણ હજુ પ્રસિદ્ધ કરવામાં આવ્યો નથી.

## ➢ મૂલ્ય માપનની કસોટીઓ

૧. જી.પી. શેરી અને આર.પી. વર્માની "પર્સનલ વેલ્યુ કવેશ્ચનીયર" (હિન્દી, અંગ્રેજી). જો બન્ને વચ્ચે થોડોજ પસંદગીનો ભેદ હોય તો વધુ પસંદ સામે '૨' અને ઓછા પસંદ સામે '૧' તેણે લખવાનું છે.

બીજા વિભાગમાં ૧૫ વિધાનો છે અને દરેક વિધાનના પાછલા ભાગમાં ચાર વિકલ્પો છે. પ્રયોગપાત્રે એ ચારે વિકલ્પોને પોતાના મત પ્રમાણે ૧ થી ૪ ક્રમાંક (સૌથી વધુ આકર્ષક સામે '૪' અને સૌથી ઓછા સામે '૧') લખવાના હોય છે.

આ સંશોધનિકાનો હેતુ માનાંકો સ્થાપિત કરવાનો નથી, છતાં, વિવિધ અભ્યાસક્રમના તથા વિવિધ ધંધામાં રહેલા માણસોના પ્રાપ્તાંકો પરથી તેમના માનાંકો આપવામાં આવ્યા. જેની સાથે પ્રયોગપાત્રનાં પ્રાપ્તાંકોને સરખાવી શકાય. પ્રાપ્તાંક મૂલ્યો માટે અલગ અલગ મળે છે. એટલે સરખામણી શકય બને છે.

કોઈપણ વ્યક્તિનાં પ્રાપ્તાંક કોઈ એક મૂલ્ય ક્ષેત્રમાં વિશેષ અને અન્યમાં અલ્પ હોઈ શકે અથવા એક થી વધુ મૂલ્યક્ષેત્રોમાં વિશેષ અને બાકીનામાં અલ્પ હોઈ શકે છે.

૨. આર.કે. ઓઝાનો "વેલ્યુ ટેસ્ટ"

૩. એચ.એન. ઉપાધ્યાયનો "વેલ્યુ ટેસ્ટ"

## ૨.૩.૨ *સિદ્ધિપ્રેરણાની સંકલ્પના અને વ્યાખ્યાઓ*

શિક્ષણના ક્ષેત્રે અનેક સંશોધનો થયા છે. સંશોધનકારોની જુદી જુદી વિચારધારાઓએ એમાં યોગદાન આપ્યુ છે, અને તેમાં પાછલા દાયકામાં એક મનોવૈજ્ઞાનિક ફળદાયી સિદ્ધિપ્રેરણાની નવી સંકલ્પના અમેરિકાના હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર મેકલેલેન્ડે શિક્ષણ જગતને ભેટ ધરી છે. જે સિદ્ધાંત આ મુજબ છે. "સામાજિક પ્રતિષ્ઠા માટે નહી, પણ પોતે કંઈક સિદ્ધ કર્યાનો આંતરિક સંતોષ પામવા માટે, કોઈપણ કામ સારી રીતે પાર પાડવાની અભિલાષા એટલે સિદ્ધ પ્રેરણા.

મેકલેલેન્ડ પ્રેરણાની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.

"ભાવાનુભૂતિવાળી પરિસ્થિતિમાં થતા ફેરફારમાં ગૌણ ઉદ્દીપક દ્વારા ઉત્પન્ન થતી પૂર્વશિક્ષણની સ્થિતિ એટલે પ્રેરણા."

વ્યક્તિની ધ્યેયસિદ્ધિ સાથે સંકળાયેલી પ્રેરણાને સિદ્ધિપ્રેરણા કહેવામા આવે છે.

"ગુણવતાનાં મૂલ્યો સાથે હરીફાઈમાં મૂકી શકાય એ રીતે કાર્ય કરવા માટેના વિચારોની ગુંથવણીનું સાતત્ય એટલે સિદ્ધિપ્રેરણા."

મેકડૂગલના મતે પ્રેરણા એટલે –

"પ્રેરકો એ પ્રાણીઓની એવી શારીરિક અને માનસિક સ્થિતિ છે જે એને કોઈ એક કાર્ય ચોક્કસ રીતે કરવા પ્રેરે છે."

વૂડવર્થના મતે પ્રેરણા –

"પ્રેરકો એ વ્યક્તિની મનોદશા છે, જે કોઈ નિશ્ચિત ધ્યેયની પૂર્તિ માટે એને અમુક નિશ્ચિત વર્તન તરફ દોરે છે."

ગિલ્ફર્ડના મતે પ્રેરણા એટલે –

"પ્રેરક વૃતિ એ એક એવી આંતરિક મનોદશા કે પરિબળ છે, જે વ્યક્તિમાં પ્રવૃતિ ઉત્પન્ન કરે છે અને લક્ષ્યપૂર્તિ થાય ત્યાં સુધી એ પ્રવૃતિ જારી રાખે છે."

શોએન પ્રેરક વૃતિઓની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.

"પ્રેરક વૃત્તિઓ ક્રિયા કરવા માટેની એક પ્રવૃતિ છે, જે ઈરણથી ઉત્પન્ન થાય છે અને અનુકૂલનથી સમાપ્ત થાય છે."

પ્રો. મેકલેલેન્ડે અનેક સંશોધનના અંતે ભારપૂર્વક કહ્યુ છે કે "વ્યક્તિ પોતાનો વિકાસ પોતાની જાતે જ સાધી શકે છે. દરેક વ્યક્તિમાં એવુ આંતરિક તત્ત્વ રહેલું છે કે જે તેને સિદ્ધિ તરફ દોરી જાય છે. જરૂર છે વ્યક્તિમાં રહેલા આંતરિક તત્ત્વને ઢંઢોળવાની." તે જાગૃત બનતાં વ્યક્તિ પોતાના ધ્યેયની સિદ્ધિ ભણી પ્રગતિ સાધતો બની જાય છે. આ આંતરિક તત્ત્વ કયું તે અંગે મેકલેલેન્ડે લાંબા વિચારણાને અંતે "સિદ્ધિપ્રેરણા" એવુ નામ આપ્યું. તેમણે એવુ જણાવ્યુ છે કે જો વ્યક્તિને સિદ્ધિપ્રેરિત બનાવી શકાય તો તે આપોઆપ પોતાનો વિકાસ સાધતી બની જાય. જયારે રાષ્ટ્રની વ્યક્તિઓ સિદ્ધિથી સભાન બનશે ત્યારે રાષ્ટ્રની બધી જ સમસ્યાઓ આપોઆપ હલ થઈ જશે.

પ્રો. મેકલેલેન્ડે જણાવ્યુ છે કે "પ્રત્યેક વ્યક્તિમાં અમુક ધ્યેયોનો સળવળાટ પડેલો છે. આ ધ્યેયોની પ્રાપ્તિની ઝંખના પ્રત્યેક મનુષ્યમાં હોય છે." તેમની આ સંકલ્પનાનું ઉદ્ગમ સ્થાન અમેરિકન સમાજની આર્થિક વ્યવસ્થા હતી. અર્થશાસ્ત્રની પ્રણાલિગત માન્યતા મનુષ્યના વલણો અને અતિપ્રેરણને બિલકુલ મહત્ત્વ આપતી ન હતી. મેકલેલેન્ડે સિદ્ધિપ્રેરણાની સંકલ્પનાની આ પ્રણાલિગત માન્યતાને ધક્કો માર્યો. તે ઉપરાંત મનુષ્યોનો સ્વભાવ બધે જ સરખો હોય છે અને તેની ઈચ્છાને કોઈ છેડો નથી. એવી રુઢિચુસ્ત માન્યતાનો પણ સિદ્ધિપ્રેરણાની સંકલ્પનાએ જાકારો આપ્યો.

"સિદ્ધિપ્રેરણા"ની સંકલ્પના સ્પષ્ટ કરતાં તેઓ જણાવે છે કે સિદ્ધિપ્રેરણા એ તો શ્રેષ્ઠતા તરફ દોરી જનાર ભૂવિચાર ભૂમિકા છે. એટલે કે તેના દ્વારા એવો સમાજ ઘડાય છે કે જે સમાજમાં વ્યક્તિનું લક્ષ સાહસિકતા, પ્રવૃતિશીલતા, શ્રેષ્ઠતા તરફની હરીફાઈ અને પ્રગતિશીલતા તરફ હોય. આ પ્રકારની લાક્ષણિકતા જે સમાજ જીવન કે દેશમાં હોય તે સમાજ કે દેશ સિદ્ધિ તરફ આગળ ધપશે એમ ચોક્કસપણે કહી શકાય.

મેકલેલેન્ડે સિદ્ધિપ્રેરણાના ક્ષેત્રમાં કરેલા અનેક સંશોધનોમાંથી જે કાંઈ શોધી કાઢયું તેને તદન સાદી વાત વડે સમજવું હોય તો આમ કહી શકાય. "વ્યક્તિની ધ્યેય સિદ્ધિ સાથે સંકળાયેલી પ્રેરણાને સિદ્ધિપ્રેરણા કહેવામાં આવે છે."

તેનો અંગ્રેજીમાં શબ્દ છે. – Achievement motivation.

સફળ વ્યક્તિની સફળતાનું રહસ્ય આ સિદ્ધિપ્રેરણાનું છૂપાયેલું છે કારણ કે સિદ્ધિપ્રેરણા એ વ્યક્તિના વિચારોની એક એવી તરાહ છે જેમાં હમેશાં કોઈપણ બાબત ઉત્તમ રીતે કેમ કરી શકાય વગેરે વિચારો સંકળાયેલા છે એટલે કે કોઈપણ કાર્યને વધુ સારી

રીતે કરવાની આંતરિક ઈચ્છાને સિદ્ધિપ્રેરણા કહી શકાય. કોઈપણ પ્રકારનું કામ સારી રીતે કરવાની ઈચ્છા માત્ર સામાજિક મોભો મેળવવા કે કોઈપણ પ્રકારનો ભૌતિક બદલો મેળવવા નહીં પરતું "સારુ કાર્ય થવાથી વ્યક્તિગત રીતે પોતાને થતા આનંદની અનુભૂતિ મેળવવા માટેની તમન્ના" એમ એને સમજવા માટે સારી રીતે કામ કરવાની ઈચ્છા એવા શબ્દ પ્રયોગ થયેલ જણાય છે.

મેકલેલેન્ડ એટકીનસને અભિપ્રેરણાના ક્ષેત્રે કરેલું સિદ્ધિપ્રેરણાના ખ્યાલોનું પ્રદાન ખૂબ વિશિષ્ટ અને મહત્ત્વનું છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સફળતાનો આધાર વ્યક્તિની સિદ્ધિ મેળવવાની પ્રેરણા પર રહે છે. રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે પણ રાષ્ટ્રના નાગરિકોમાં સિદ્ધિ માટેની ઝંખના અનિવાર્ય છે. તેઓના સંશોધન તારણો એવો નિર્દેશ કરે છે કે સિદ્ધિપ્રેરિત વ્યક્તિ જીવનનું ધ્યેય મુકરર કરે છે. સિદ્ધિપ્રેરિત વ્યક્તિમાં સિદ્ધિપ્રેરિત વર્તન કેટલા પ્રમાણમાં રહેલુ છે તે જાણવા માટે સિદ્ધિ કલ્પનાનું પ્રમાણ જાણવુ પડે છે.

મેકલેલેન્ડે તારવેલા સિદ્ધિપ્રેરિત વ્યક્તિના લક્ષણો.

૧. *શ્રેષ્ઠતાના ધોરણો સાથે હરિફાઈ :* સિદ્ધિપ્રેરિત વ્યક્તિ શ્રેષ્ઠતાના ઉત્તમ ધોરણો સાથે હરિફાઈ કરે છે.

૨. *અદ્વિતીય સફળતા :* સિદ્ધિપ્રેરિત વ્યક્તિને સામાન્ય સફળતામાં રસ નથી. તે અદ્વિતીય સફળતા મેળવવા પ્રયત્ન કરે છે.

૩. *લાંબાગાળાના પ્રયાસો :* સિદ્ધિપ્રેરિત વ્યક્તિ સફળતા માટે લાંબાગાળાના પ્રયાસો કરે છે. કાર્યના તુરત ફળની અપેક્ષા રાખતો નથી.

૪. *નવીનતા :* સિદ્ધિપ્રેરિત વ્યક્તિ કાર્યને ચીલાચાલુ રીતે નહી પરતું નવીન રીતે હાથ ધરે છે.

૫. *લક્ષ્ય પ્રાપ્તિની જાણ :* સિદ્ધિ પ્રેરિત વ્યક્તિ પોતાની શકિતઓ અને મર્યાદાઓનું મૂલ્યાંકન કરી પોતાનું લક્ષ્ય નક્કી કરે છે. લક્ષ્ય અંગે સભાન થઈ ચોકસાઈથી અને જવાબદારીથી કાર્ય કરે છે.

૬. *ગણતરીપૂર્વકનું જોખમ લેવાની ટેવ :* સિદ્ધિ પ્રેરિત વ્યક્તિ ગણતરી પૂર્વકનું જોખમ ખેડે છે. ખેડવામાં તે ગભરાતી નથી. પરંતુ આંધળુકીયા કરી ખોટું જોખમ પણ તે ખેડતી નથી.

૭. *સ્વતંત્રતા :* સિદ્ધિપ્રેરિત વ્યક્તિ વિચારોમાં, નિર્ણયો લેવામાં અને કાર્ય કરવામાં સ્વતંત્રતાની આગ્રહી હોય છે.

૮. *જવાબદારી પોતાને શિરે :* સિદ્ધિ પ્રેરિત વ્યક્તિ પોતે જ સ્વતંત્રપણે નિર્ણયો લે છે અને આ નિર્ણય લીધા પછી જવાબદારી પોતાને શિરે રાખે છે.

- આ વ્યક્તિ જો સિદ્ધિ અર્થપૂર્ણ જણાય તો સિદ્ધિ મેળવવાની પ્રવૃતિ અસરકારક રીતે ખંતથી કરશે.
- આવી વ્યક્તિ પરિસ્થિતિમાંથી પડકાર શોધી કાઢે છે અને એને પહોંચી વળવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્નને અંતે પ્રાપ્ત થતી સિદ્ધિ એને આનંદ આપી જાય છે.
- આવી વ્યક્તિઓ પ્રમાણમાં સહેલુ અને સહેલાઈથી થઈ શકે તેવું કામ પસંદ કરતી નથી.
- આવી વ્યક્તિઓ પોતાનાં સિદ્ધિસોપાનો જાતે જ નક્કી કરે છે અને બહારની મદદની આશા રાખતી નથી. બાહ્ય ઈનામો, પ્રલોભનો કે અન્ય લાભો તેમને આકર્ષી શકતા નથી. તેઓ તો આકર્ષાય છે પરિસ્થિતિમાં રહેલા પડકારથી.
- પોતાની કામની પ્રંશસા થાય અથવા પોતાને પ્રતિપોષણ મળે એવી અપેક્ષા તેઓ રાખતા હોય છે.
- તેઓ દરેક કાર્ય મૌલિકતાથી કરે છે, તેઓ પ્રણાલિકાને તિલાંજલી આપી દરેક કાર્યને પોતાનો સ્પર્શ આપે છે અને એ રીતે બધાથી અલગ તરી આવે છે.
- આવી વ્યક્તિઓ કોઈપણ વાત પ્રારબ્ધપર છોડી દેવાનું પસંદ કરતી નથી. પુરુષાર્થ દ્વારા પોતાનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડવામાં તેઓ માને છે. સફળતા, શ્રેષ્ઠતા, પુરુષાર્થ વગેરે જેવા શબ્દો તેમને ખૂબ પ્રિય હોય છે. જયારે અવરોધ, નડતર, પ્રતિકૂળતા, અશકય વગેરે જેવા શબ્દો ને ભાગ્યેજ ગણકારે છે.

## ➢ સિદ્ધિપ્રેરણાનું માપન

મેકલેલેન્ડે સિદ્ધિપ્રેરણાના માપન માટે, થેમેટિક એપરસેપ્શન ટેસ્ટ (T.A.T.) માં હોય છે. તેવા રેખાચિત્રો પસંદ કરી, તે પરથી વ્યક્તિનો સિદ્ધિપ્રેરણાંક શોધી કાઢવાની તરકીબ વિચારી એ માટે સિદ્ધિપ્રતિભા વાળી વાર્તાનાં મૂલ્યાંકન પર જ ભાર મૂકયો, સિદ્ધિપ્રતિભાવાળી વાર્તામાં કેટલા પ્રમાણમાં સિદ્ધિપ્રેરણાનાં મનોવૈજ્ઞાનિક ઘટકો છે, તે શોધી તેને ગુણાંક આપી વ્યક્તિનો સિદ્ધિપ્રેરણાંક શોધી શકાય.

આમ મેકલેલેન્ડે સિદ્ધિપ્રેરણા ક્ષેત્રે પાયાનું યોગદાન આપ્યું છે. તેણે સિદ્ધિપ્રેરણાનો ખ્યાલ સ્પષ્ટ કર્યો. તેને વિકસાવવાની પદ્ધતિ અને તેનો અભ્યાસક્રમ પણ આપ્યો. તેમણે સિદ્ધિ પ્રેરણાનો વિકાસ કરી શકાય છે એમ અનેક સંશોધનો દ્વારા સિદ્ધ પણ કરી બતાવ્યું. તેમના આ કાર્યની નોંધ, તેમના પુસ્તકો The Achievement motivation, The Achieving society, The roots of consciousness and motivation, Economics Achievement માં મળી આવે છે.

## ૨.૩.૩ *વલણની સંકલ્પનાં અને વ્યાખ્યાઓ*

કોઈ પણ ઉદ્દીપકોના વર્ગ જેવા કે રાષ્ટ્રિય કે માનવવંશીય જૂથ, રિવાજ, વિચાર પ્રણાલિ કે સંસ્થા પ્રત્યે સંમતિ કે અસંમતિ દર્શાવતા મનના પ્રતિચારોને વલણો (Attitudes) કહેવામાં આવે છે. આ માનસિક પ્રતિચારો હોવાથી તેમને ઈન્દ્રિયો વડે અવલોકી શકાતા નથી. પરંતુ વ્યક્તિના વર્તન તથા વાણી પરથી તેમને કળી શકાય છે વલણો અમુક સમય સુધી સ્થિર રહે છે. અને પળે પળે બદલાઈ જતા નથી. સામાજિક ઉદ્દીપકો પ્રત્યેના ભાવાવેશ યુકત પ્રતિચારો માપવાનું કામ વલણ માપનમાં મુખ્યત્વે જોવા મળે છે.

વ્યક્તિના વ્યવહારમાં વલણોનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. વલણો એ સામાન્યી કૃત ટેવો અથવા વિચાર જન્ય ટેવો છે, જે અંશત : વ્યક્તિના વિચાર અને વ્યવહારને દોરે છે. વલણની કેટલીક વ્યાખ્યાઓ આ પ્રમાણે આપવામાં આવે છે.

થર્સ્ટન – "કોઈ વિશિષ્ટ મનોવૈજ્ઞાનિક વસ્તુની તરફેરણમાં કે વિરોધમાં અપાતો સામાન્યી કૃત પ્રતિચાર એટલે વલણ."

આલ્પોર્ટ – "વલણ એટલે અનુભવોને કારણે સંગઠિત થયેલી માનસિક અને સ્નાયવિક તત્પરતાની એવી સ્થિતિ જે સંબંધિત વસ્તુઓ કે સંજોગો તરફના વ્યક્તિના પ્રતિચારને નિર્દેશિત કે પ્રભાવિત કરે છે."

ગિલ્ફર્ડના મતે "વલણ એટલે અમુક વસ્તુ અથવા પરિસ્થિતિ અંગે તરફેણ યા વિરોધમાં ઢળવું તે."

શો અને રાઈટ – "સામાજિક વસ્તુ કે વસ્તુઓના વર્ગના લક્ષણો વિશે શીખેલ મૂલ્યાંકનાત્મક સંકલ્પનાઓ કે માન્યતા ઉપર આધારિત અને તેનું પરાવર્તન કરતાં મૂલ્યાંકનાત્મક આવેગયુકત, પ્રત્યાઘાત ને વલણ તરીકે દર્શાવે છે.

થોર્નડાઈક અને હેગન – "સામાજિક સંસ્થા અને વિચાર સમૂહ અને વ્યક્તિઓના બનેલા જૂથો વગેરેને સ્વીકારવાની જે વૃતિ હોય છે તેની સાથે વલણ સંબંધ ધરાવે છે." તેમ કહે છે.

ગ્યુલ્ડફોર્ડ (Guildford) પણ વલણ વિશેના ખ્યાલમાં સમાન વિચારો ધરાવે છે તે કહે છે કે "સ્થાપિત વર્ગ તરફ સંમતિ કે અસંમતિ દર્શાવવાની વૃતિ એટલે વલણ.

સ્થાપિત વર્ગો જેવા કે રાષ્ટ્ર, જાતિનો સમૂહ, રિવાજ અથવા કોઈ સંસ્થાએ સાબિત થયેલ છે કે વલણનું પ્રત્યક્ષ રીતે નિરીક્ષણ કરી શકાતુ નથી પણ તે બાહ્ય વર્તન બંને શાબ્દિક અને અશાબ્દિક દ્વારા અનુમાનિત હોય છે.

રેર્મેસ (Remmers) ના મતે વલણ એટલે "અનુભવ દ્વારા સ્થાપિત થયેલી લાગણી સભર વૃતિ કે મનોવૈજ્ઞાનિક બાબતો તરફ હકારાત્મક કે નકારાત્મક રીતે વર્તે છે."

લીન્ડગ્રેન (Lindgren) ના  મતે વલણ એટલે "સ્થાપિત વર્ગ કે વર્ગોના સમૂહ પરત્વેનું વિશિષ્ટ વર્તન દર્શાવવા પ્રાપ્ત કરેલ મજબૂત માનસિક વૃતિ કે ઝોક."

સ્કીનર (Skinner) ના મતે વલણ એટલે "લાગણી, અગત્યની માન્યતાઓ, પૂર્વગ્રહો, પક્ષપાત, માનસિક વલણો, વખાણ અથવા પ્રસંશા અને તૈયારી બતાવતા વિચારો."

## ➢ ***વલણની લાક્ષણિકતાઓ***

અર્થ અને વિકાસના આધારે વલણની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

(૧) વલણો જન્મગત નથી, વલણો પરિવર્તનશીલ છે.

(૨) દરેક વ્યક્તિમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં વલણો હોય છે.

(૩) વલણો વર્તનમાં લાવી શકાય છે અને છુપાવી પણ શકાય છે.

(૪) વલણો વર્તનમાં પરિવર્તન લાવે છે.

(૫) વલણો બીજાના અનુકરણ દ્વારા ઘડાય છે.

(૬) વલણો વ્યક્તિની અંગત ઈચ્છાઓ, વૃતિઓ કે સંબધોમાંથી પરિણમે છે.

(૭) વલણોનો વિસ્તાર અમર્યાદિત છે.

(૮) વલણો વ્યવસ્થિત લાગણીની વૃતિ છે.

(૯) વલણો કોઈપણ બાબત કે વસ્તુની વિરૂદ્ધમાં કે તરફેણમાં અભિપ્રાય દર્શાવી નકારાત્મક કે હકારાત્મક બને છે.

સ્પ્રેજર વલણોને મુખ્ય પાંચ પ્રકારોમાં વહેચવાનું પસંદ કરે છે.

(૧) જ્ઞાનાત્મક : જેમાં વ્યક્તિ જ્ઞાનને સમગ્ર જીવનમાં વિશેષ મહત્ત્વનું ગણે છે.

(૨) સૌંદર્યાત્મક વલણ : જેમાં વ્યક્તિ સૌંદર્ય અને લાક્ષણિકતાઓને પ્રાધાન્ય આપે છે.

(૩) આર્થિક વલણ : જેમાં વ્યક્તિ માત્ર નાણાંનેજ જીવનનું મહત્ત્વપૂર્ણ અંગ ગણે છે.

(૪) સામાજિક વલણ : જેમાં માનવી સામાજિક તેમજ માનવીય સંબંધોને વધુ મહત્ત્વ આપે છે.

(૫) ધાર્મિક વલણ : જેમાં વ્યક્તિ જીવનની ભૌતિક બાબતો તરફ બેદરકાર રહે છે તે અને આધ્યાત્મિક મૂલ્યોને વિશેષ મહત્ત્વ આપે છે.

## ➢ *વલણમાપનની પદ્ધતિઓ*

વલણ માપનની વિવિધ પદ્ધતિઓમાંની અગત્યની કેટલીક પદ્ધતિઓનો ખ્યાલ અહી આપવામાં આવે છે.

(૧) થર્સ્ટર્ન અને કેવ પદ્ધતિ

(૨) સેમાન્ટિક ડિફરન્શીયલ પદ્ધતિ

(૩) કયૂ–સોર્ટ (Q-Sort) પદ્ધતિ

(૪) ગટમેન પદ્ધતિ

(૫) લિકર્ટ પદ્ધતિ

(૬) અન્ય પદ્ધતિઓ

અન્ય પદ્ધતિઓ જેમાં એડવર્સની ભેદપારખ પદ્ધતિ, સેફીરની સમાન અંતર પદ્ધતિ તથા પ્રમાણિત પદ્ધતિ છે. જેમાં પ્રમાણિત પદ્ધતિમાં આપેલા વિધાનોમાંથી પ્રયોગપાત્રને તેને સાચું લાગતુ વિધાન પસંદ કરવાનું હોય છે. આ પસંદ કરેલા વિધાન પરથી પ્રયોગપાત્રનું વલણ નક્કી કરવામાં આવે છે.

### ➢ *લિકર્ટ પદ્ધતિ*

જે બાબતનું વલણમાપન કરવાનું હોય તે અંગેના વલણ દર્શક વિધાનો એકત્ર કરવામાં આવે છે. આ વિધાનો સંપૂર્ણ ઘનથી માંડી સંપૂર્ણ ઋણ વલણ દર્શાવતા હોવા જોઈએ. આંતરિક સાતત્ય વિધાન પસંદગી માટેનો એક માત્ર માપદંડ છે. આ પદ્ધતિમાં નિર્ણાયકોને વિધાનો મોકલવામાં આવતા નથી. પરતું શ્રેષ્ઠ લાગતાં વિધાનો પસંદ કરવા ઘણીવાર વિગત વિશ્લેષણની પદ્ધતિનો ઉપયોગ કરીને જે વિધાનો વચ્ચે આંતરિક સંવાદિતા શ્રેષ્ઠ હોય તે વિધાનોને પસંદ કરવામાં શકય હોય તો બાહ્ય માપદંડનો આશરો પણ લેવાય.

આ પદ્ધતિમાં દરેક વિધાન સામે ચઢતા ક્રમમાં પાંચ બિંદુવાળો માપદંડ હોય છે. જેમકે ખૂબ સહમત, સહમત, તટસ્થ, અસહમત, ખૂબ અસહમત. આ પદ્ધતિમાં સ્પષ્ટ રીતે હકારાત્મક અથવા સ્પષ્ટ રીતે નકારાત્મક એવા બેજ પ્રકારનાં વિધાનો સમાવવામાં આવે છે. જયારે પક્ષવાળા વિધાનોનું મૂલ્યાંકન કરવાનું હોય છે ત્યારે ઉપરના પ્રતિચારોને ૫, ૪, ૩, ૨, ૧ એવા ભારાંક આપવામાં આવે છે એથી ઉલટુ જયારે વિપક્ષમાં વિધાનો હોય ત્યારે ઉલ્ટા ક્રમમાં એટલે કે ઉપરના ક્રમના પ્રતિચારોને ૧, ૨, ૩, ૪, ૫ ભારાંક આપવામાં આવે છે.

આ રીતે બધાં વિધાનો પરના "પ્રાપ્તાંકો" નો સરવાળો શોધી વ્યક્તિનો વલણાંક નક્કી કરવામાં આવે છે.

## ૨.૪.૦ સમીક્ષા માટે પસંદ થયેલ સંશોધનો

પૂર્વે થયેલા સંશોધનો પૈકી મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને વલણ સંબંધમાં થયેલા શૈક્ષણિક સંશોધનોનો અત્રે સમીક્ષામાં સમાવેશ કર્યો હતો.

આ માટે શિક્ષણ, મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક સંશોધનોને લગતા દેશ–પરદેશના કેટલાક સામયિકો, અંકો, ઈન્ટરનેશનલ એબસ્ટ્રેક્સ, સર્વે ઓફ રીસર્ચના ગ્રંથો, સંશોધનના માત્ર સાર પ્રકાશિત કરતાં સામાયિકો, તથા કેટલાક અપ્રકાશિત સંશોધન અહેવાલ વગેરે નમુના પ્રાપ્તિના સ્ત્રોતો હતા.

પ્રસ્તુત અભ્યાસમાં સંબંધ સાહિત્યની સમીક્ષા માટે આનુષંગિક નમૂના પસંદગીની પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પ્રાપ્ત સામયિકોમાંથી આ નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. પરિણામે દરેક ચલના સંદર્ભમાં પ્રાપ્ત થયલ સમીક્ષા માટેના સંશોધનોની સંખ્યામાં સમાનતા નથી. સમીક્ષા માટે થયેલા સંશોધનોની વિગત સારણી ૨.૧ માં રજૂ કરવામાં આવી છે.

**સારણી – ૨.૧**

**સમીક્ષા માટેના નમૂનામાં સમાવિષ્ટ સંશોધનો**

| *ક્રમ* | *વિષય* | *સંશોધનોની સંખ્યા* |
|---|---|---|
| (૧) | મૂલ્યો | ૧૨ |
| (૨) | સિદ્ધિપ્રેરણા | ૦૫ |
| (૩) | વલણો | ૩૨ |
| કુલ | ૩ | ૪૯ |

સારણી ૨.૧ નું અવલોકન દર્શાવે છે કે સૌથી વધારે સંશોધનો વલણના ૩૨ પ્રાપ્ત થયા હતા. જ્યારે મૂલ્યો તથા સિદ્ધિપ્રેરણાના ક્રમશઃ ૧૨ અને ૦૫ સંશોધનો પ્રાપ્ત થયા હતા.

## ૨.૫.૦ શિક્ષકોના મૂલ્યો અંગે પ્રાપ્ત થયેલા સંશોધનો

વિવિધ મૂલ્યોને ધ્યાનમાં રાખી જુદા જુદા ક્ષેત્રમાં આ અંગે ઘણા સંશોધનો થયા છે. પૂર્વે થયેલા અભ્યાસો પૈકી શિક્ષકોના મૂલ્ય અંગે ૧૯૭૨ થી ૨૦૦૦ દરમ્યાન જે સંશોધનો થયા છે તેવા ૧૨ અભ્યાસો પ્રાપ્ત થયા હતા. જેનાં દ્વારા વિવિધ મૂલ્યોનું માપન કરવામાં આવેલ હતું. જેની માહિતી અત્રે વર્ષવાર ક્રમશઃ સારણી – ૨.૨માં રજૂ કરવામાં આવી છે.

## સારણી – ૨.૨

## શિક્ષકોના મૂલ્યો માટે પ્રાપ્ત થયેલા સંશોધનો

| *ક્રમ* | *સંશોધકનું નામ* | *સાલ* | *યુનિવર્સિટી* |
|---|---|---|---|
| ૧. | વર્મા આર. પી. | ૧૯૭૨ | આગ્રા યુનિવર્સિટી |
| ૨. | કુલશ્રેષ્ઠા એસ. પી. | ૧૯૭૪ | પાન યુનિવર્સિટી |
| ૩. | પટેલ સી. કે. | ૧૯૭૯ | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી |
| ૪. | ભુષણ એ. | ૧૯૭૯ | હીમાચલ પ્રદેશ યુનિવર્સિટી |
| ૫. | શર્મા એસ. પી. | ૧૯૮૧ | શિક્ષણની યુનિવર્સિટી |
| ૬. | કુમારી પી. | ૧૯૮૧ | ગોવા યુનિવર્સિટી |
| ૭. | રાજ જી. એસ. | ૧૯૮૧ | એમ. એસ. યુનિવર્સિટી |
| ૮. | ગૌસ્વામી નારાયણ | ૧૯૮૬ | ગુજરાત યુનિવર્સિટી |
| ૯. | પટેલ પલ્લવી વી. | ૧૯૯૧ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૧૦. | ગોહિલ ઘનશ્યામ | ૧૯૯૫ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૧૧. | રાચ્છ મધુરિકા | ૧૯૯૫ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ૧૨. | જોશી ચંદ્રમૌલી વી. | ૧૯૯૯ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |

(સારણી – ૨.૩) (આડા પેઈજ)

વર્મા આર. પી. (૧૯૭૨)એ માધ્યમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓના મૂલ્યો અને વૈયક્તિક આંતરિક સંબંધોની પ્રણાલી વચ્ચેના સંબંધોનો અભ્યાસ એ વિષય પર પોતાનું સંશોધન કાર્ય હાથ ધર્યું. આ માટે તેમણે માધ્યમિક શાળાના ૮૦૦ શિક્ષકો પસંદ કર્યા. સાધન તરીકે તેમણે ધી પર્સનલ વેલ્યુઝ કવેશ્વનરીનો ઉપયોગ કર્યો, આવેલા પ્રતિચારોનું પૃથક્કરણ કરતાં આ મુજબના તારણો પ્રાપ્ત થયા હતા. જ્ઞાન અને સામાજિક ગુણો માટે શિક્ષકો વધારે સંલગ્ન લાગ્યા. વ્યક્તિગત ક્ષમતાના મૂલ્યનું કાર્ય સ્વનિર્ભર જણાયું. શિક્ષક અને વિદ્યાર્થીની મૂલ્ય પદ્ધતિ એક બીજા કરતાં જુદી માલુમ પડી.

કુલશ્રેષ્ઠા એસ. પી. (૧૯૭૪)એ "વર્તમાન સમયમાં શાળાઓના સામાજિક, સાંસ્કૃતિક વાતાવરણમાં ઉદ્‌ભવતી શિક્ષકોની મૂલ્ય પદ્ધતિ" પર પોતાનું અભ્યાસ કાર્ય હાથ ધર્યું હતું, આ માટેનો તેમનો હેતુ એ હતો કે શિક્ષકોના ઉદભવતા મૂલ્યોની એકરૂપતા સ્થાપિત કરવા અને મૂલ્ય માપન માટેનું સાધન બનાવવું. સામાજિક–સાંસ્કૃતિક વાતાવરણને લીધે ઉદભવતી શિક્ષકોની લાક્ષણિકતા અને મૂલ્ય પદ્ધતિનું સંશોધન કરવું. આ માટે તેમણે યુ.પી.ની ગ્રામીણ તેમજ શહેરી શાળાઓના ૭૦૦ શિક્ષકોને નમૂના માટે પસંદ કર્યા. શિક્ષકોનું મૂલ્ય માપદંડ (STV) The School Scale Culture Identification Profile (SSCIP) જાત માહિતી પત્રક આપવામાં આવ્યું. તેમાંથી આવા તારણો પ્રાપ્ત થયા. મોટે ભાગે બધો શાળાઓમાં સામાજિક–સાંસ્કૃતિક પરિસ્થિતિની સમાનતા છે. મોટા ભાગની શાળાઓના શિક્ષકો પુસ્તકાલયનો લાભ લેવામાં – વાંચનમાં રસ ધરાવે છે. શાળાઓમાં લોકશાહી વાતાવરણ માલૂમ પડેલું છે.

પટેલ સી. કે. (૧૯૭૯)એ દક્ષિણ ગુજરાતની માધ્યમિક શાળાના શિક્ષકોની પ્રવર્તમાન મૂલ્ય સંયોજનનો અભ્યાસ એ વિષયને પોતાનો અભ્યાસ વિષય બનાવ્યો. આ માટે તેમનો હેતુ તાત્ત્વિક, સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞાનને લગતા અને લોકશાહી મૂલ્યોના વ્યક્તિગત તફાવતના સંશોધન માટેનો હતો. આ માટે તેમણે દક્ષિણ ગુજરાતના જ જિલ્લાના ૩૦૦ શિક્ષકોને રેન્ડમ પદ્ધતિથી પસંદ કર્યા શિક્ષકો ના મૂલ્યોની સંશોધનિકા અને માહિતી અનુસુચી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી મેળવેલ માહિતીની સરાસરી, પ્રમાણ વિચલન, એર ઓર્ડર, સહસંબંધાંક, ટી ટેસ્ટ, અધવિચ્છેદન વિશ્વસજાયતા, એફ ટેસ્ટ અને સ્કવેર ટેસ્ટ થી પૃથક્કરણ કરવામાં આવ્યું.

જે તારણો મળ્યા તે આ પ્રમાણે હતા.

સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક મૂલ્યોમાં યુવાન શિક્ષકો કરતાં ઉંમરલાયક શિક્ષકોએ ખૂબ સૂચક પ્રાપ્તાંક મેળવ્યા. સૌંદર્યાત્મક અને લોકશાહી મૂલ્યોમાં ઉંમરલાયક શિક્ષકો કરતાં યુવાન શિક્ષકોએ ખૂબ સૂચક પ્રાપ્તાંક મેળવ્યા. ધાર્મિક અને સૌંદર્યલક્ષી મૂલ્યોના પ્રાપ્તાંક પુરુષ શિક્ષક કરતાં સ્ત્રી શિક્ષકોના વધારે હતા. રાજકીય મૂલ્યોના પ્રાપ્તાંક પુરુષ શિક્ષકોનો સૌથી ઊંચો હતો.

ભૂષણ એ. હિમાચલ પ્રદેશ યુનિ.(૧૯૭૯)એ મૂલ્ય પ્રથાની પસંદગીનો અભ્યાસ ૨૦૦ વિદ્યાર્થી અને શિક્ષકોને નમૂના માટે પસંદ કર્યા, પ્રશ્નાવલિ પદ્ધતિ પરથી જે તારણો આવ્યા તેમાં સ્ત્રી શિક્ષિકાઓ જતું કરવાની વૃતિ ધરાવે છે. વધારે મહત્ત્વકાંક્ષી જોવા મળ્યા. તેમજ સ્ત્રી શિક્ષિકા મદદરૂપ થવાની તત્પરતા ધરાવે છે. સ્ત્રી શિક્ષિકાઓનો અરસ–પરસનો વ્યવહાર પ્રેમપૂર્વકનો જોવા મળ્યો, તેમજ પ્રતિસ્પર્ધા પણ વધારે જોવા મળી. સૌથી વધુ મહત્ત્વ આત્મસંયમ અને પ્રમાણિકતાને આપવામાં આવ્યું તેમજ ઓછું મહત્ત્વ તાર્કિપણાને અપાયું.

શર્મા એસ. પી. (૧૯૮૧)એ વિવિધ કક્ષાએ શિક્ષકની સ્વ–સંકલ્પના, વ્યક્તિત્વ, અનુકૂલન અને મૂલ્યોનો ભેદ દર્શક અભ્યાસને પોતાની સમસ્યાના વિષય તરીકે પસંદ કરેલ આ માટેનો તેમનો હેતુ એ હતો કે ગ્રામીણ અને શહેરી વિસ્તારની કોલેજ, માઘ્યમિક શાળા અને પ્રાથમિક શાળાના સ્ત્રી–પુરુષ શિક્ષકોના સ્વસંકલ્પના–વ્યક્તિત્વ અનુકૂલન અને મૂલ્યોના સંદર્ભમાં તફાવતનું પૃથક્કરણ કરવું. આ માટે તેમણે આગ્રા જિલ્લાના બધા શિક્ષકોમાંથી જુદી જુદી શ્રેણીઓ પર આધારિત ૭૦૨ શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા. તેમને ભટનાગરના સ્વ સંશોધનિકા ભટનાગરની ઓલપોટે વર્ણનના મૂલ્ય માપન (હિન્દી રૂપક) અને જાતે બનાવેલ સંશોધનિકાને પ્રશ્નોનો અભ્યાસ કર્યો એક શાસ્ત્રીય પૃથક્કરણ કરતાં આવા તારણો પ્રાપ્ત થયા. પ્રાથમિક શાળાના શિક્ષકો પોતાની જાતને કોલેજ શિક્ષકો કરતાં વધુ સિદ્ધિશાળી છે એમ માને છે. શહેરી શિક્ષકોના આત્મવિશ્વાસને લગતા સરાસરી પ્રાપ્તાંકોનો આંક ગ્રામીણ શિક્ષકો કરતાં વધુ ઊંચો છે. અન્ય જૂથ કરતાં કોલેજના શિક્ષકો આત્મવિશ્વાસની બાબતમાં વધુ સભાન છે. જુદા જુદા શિક્ષકોના જૂથ વચ્ચે મૂલ્ય માળખામાં સારો ફરક છે.

કુમારી પી. (૧૯૮૧)એ માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યક્તિત્વની જરૂરિયાતો, નૈતિક નિર્ણય અને મૂલ્ય તરાહો પર એક વિવેચાત્મક વિશ્લેષણ એપર અભ્યાસ કર્યો. આ માટે હેતુ એ હતો કે સ્ત્રી અને પુરુષ શિક્ષકોના મૂલ્યની સંશોધિકા પ્રતિભાલક્ષી જરૂરિયાતો અને મૌલિક નિર્ણયના પ્રાપ્તાંકનો તુલનાત્મક અભ્યાસ કરવો. રેનડમ પદ્ધતિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો. પૃથક્કરણ કરતાં આવા તારણો પ્રાપ્ત થયા હતા.

પુરુષ શિક્ષકો સૌંદર્યલક્ષી રાજકીય અને સામાજિક મૂલ્યોમાં સ્ત્રી–શિક્ષિકો કરતાં વધુ ભારાંક મેળવે છે. શહેરી વિસ્તારના પુરુષ શિક્ષકો ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો કરતાં વધારે નૈતિક છે. ગ્રામ્ય સ્ત્રી શિક્ષકો સૌંદર્યલક્ષી સૈદ્ધાંતિક અને ધાર્મિક મૂલ્યના ધરાવે છે. શહેરી સ્ત્રી શિક્ષકો આર્થિક–સામાજિક મૂલ્યોને પ્રાધાન્ય આપે છે. ગ્રામ્ય સ્ત્રી–શિક્ષકો શહેરી સ્ત્રી શિક્ષકો કરતા નૈતિકતામાં વધુ સભાનતા ધરાવે છે.

રાજ જી.એસ. (૧૯૮૧)એ સામાજિક – સાંસ્કૃતિક ભૂમિકાના સંદર્ભમાં શિક્ષકોના વલણો અને મૂલ્યો પર ઈથિપોપીયા અને ભારતના શિક્ષકોનો તુલનાત્મક અભ્યાસ હાથ ધર્યો. આમ કરવાનો તેનો હેતુ એ હતો કે ભારતના અને ઈથિપોપિયામાંના કાર્યશીલ શિક્ષકોના મૂલ્ય માળખા અને વલણ નું સંશોધન એના નિદર્શ માટે ઈથિપોપીયાના ૧૫ શૈક્ષણિક વિસ્તાર માંથી ૭ વિસ્તારો ના ૨૧ શાળાની પસંદી કરી. દરેક શાળામાંથી એક ભારતીય અને એક ઈથિપોન શિક્ષકને પસંદ કરાયા. એડલપોર્ટ વતન લીન્ડ્રેગનો મૂલ્ય અભ્યાસ મીનેસોટી. શિક્ષક વલણ સંશોધિકા અને સામાજિક–સાંસ્કૃતિક પ્રશ્નોતરી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી મેળવેલ માહિતી નું T ટેસ્ટ અને Chi સ્કવેરટેસ્ટ ના ઉપયોગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું. જેમાંથી નીચેના તારણો મળ્યા હતા. ભારતીય શિક્ષકોની સરખામણીમાં ઈથિપિયોન શિક્ષકોના સૈદ્ધાંતિક સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોના પ્રાપ્તાંક વધારે હતા. અને તફાવત નો ભારાંક ૦.૦૧ સ્તરે રહ્યો હતો. કારકીર્દી અને પ્રાકૃતિક મૂલ્યોના પ્રાપ્તાંકોના બંને જૂથમાં શિક્ષકો વચ્ચે કોઈ ખાસ તફાવત ન જણાયો, ધાર્મિક મૂલ્યોના સંદર્ભમાં ભારતીય શિક્ષકોના પ્રાપ્તાંક ઈથિપિપોન શિક્ષકોના પ્રાપ્તાંક ઘણા વધારે હતા.

નારાયણભાઈ ગોસ્વામી (૧૯૮૬)એ ગુજરાતની ઉત્તર બુનિયાદી શાળા અને સામાન્ય શાળાના ધો. ૧૦ના ૧૨૦૦ વિદ્યાર્થી અને શિક્ષકો એ અભ્યાસ હાથ ધર્યો

ઓલ્પર્ટ વર્તન મૂલ્યાંકન લીન્ડ્રેઝ રચિત મૂલ્ય પ્રશ્નાવલિ દ્વારા તારણો મળ્યા કે ઉ.બુ. શાળાના શિક્ષકોમાં સૈદ્ધાંતિક, સામાજિક અને ધાર્મિક મૂલ્યોની ઉચ્ચ ભાવના દૃષ્ટિગોચર થઈ. સામાન્ય માધ્યમિક શળાના શિક્ષકોમાં રાજકીય મૂલ્યોનાં પ્રાપ્તાંક વધુ જોવા મળ્યા. સામાન્ય માધયમિક શાળાના આર્થિક મૂલ્યના પ્રાપ્તાંક ઉ.બુ. શાળાના શિક્ષક કરતા વધુ ઉચ્ચ જોવા મળ્યા. સામાન્ય શાળાના શિક્ષકો કરતા ઉ.બુ. શાળાના શિક્ષકોના નૈતિક મૂલ્યોના પ્રાપ્તાંક ઉચ્ચ જોવા મળ્યા સામાન્ય શાળાના શિક્ષકોના સૈર્ધ્યલક્ષી પ્રાપ્તાંક ઉચ્ચ રહ્યા.

પલ્લવી બી. પટેલ (૧૯૮૧)એ અભ્યાસ કરેલ જેમાં ૨૬૧ શાળાના ૪૦૦ શિક્ષિકા બહેનોનો સમાવેશ કરેલ Stanord W. Raitan ના પુસ્તક એજ્યુકેશન સોસાયટી એન્ડ ચેઈજમાં આપવામાં આવેલી સંશોધન પ્રશ્નાવલિના ઉપયોગ દ્વારા તારણો તારવેલ જેમાં શિક્ષકોના મતાનુસાર શાળાની મુખ્ય કામગીરીના વિષયમાં બાળકોમાં સ્વઓળખ માનવીય ગુણોનાં વિકાસને મહત્ત્વ આપે. વ્યક્ગિત મૂલ્યોના વિકાસ માટે ચર્ચાસભા નિબંધ સ્પર્ધા અને ખેલકુદ ને વધારે મહત્ત્વ આપે છે. શાળા પરિક્ષણની વિવિધ કસોટીમાં હેતુલક્ષી કસોટી મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ઘનશ્યામ ગોહિલ (૧૯૯૫)એ સુરેન્દ્રનગર જિલ્લાના અધ્યાપન મંદિરોમાં તાલીમ લેતા તાલિમાર્થીઓના મૂલ્યોનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં પુરુષ અને સ્ત્રી તાલીમાર્થીઓના વિવિધ મૂલ્યોની તુલના કરવી, ગ્રામીણ અને શહેરી વિસ્તારના તાલીમાર્થીઓના વિવિધ મૂલ્યોની તુલના કરવી અને ઉચ્ચ અને નિમ્ન સામાજિક આર્થિક પરિસ્થિતિવાળા તાલીમાર્થીઓના વિવિધ મૂલ્યોની તુલના કરવી એ હતા. અભ્યાસના નમૂનામાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ચાર અધ્યાપન મંદિરોમાં શૈક્ષણિક વર્ષ ૧૯૯૩–૯૪માં તાલીમ લેતા બધાજ તાલીમાર્થીનો સમાવેશ કર્યો હતો. જેમની સંખ્યા ૪૧૯ હતી. જી.જી. નકુમ રચિત તમને શું લાગે છે ? મૂલ્ય કસોટી અને કે. જી. દેસાઈ રચિત સામાજિક આર્થિક દરજ્જાનો માપદંડનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં અધ્યાપન મંદિરોમાં તાલીમાર્થી પુરુષ અને સ્ત્રી તાલીમાર્થીઓના ધાર્મિક, સામાજિક, સૈર્ધ્યાત્મક, આર્થિક, જ્ઞાનાત્મક, કૌટુંબિક મૂલ્યોમાં સાર્થક તફાવત ન હતો. અધ્યાપન મંદિરોના તાલીમાર્થી પુરુષ અને સ્ત્રી તાલીમાર્થીઓના

લોકશાહી, સુખાત્મક, સત્તાના અને આરોગ્યનો મૂલ્યોમાં સાર્થક તફાવત મળ્યો હતો.સ્ત્રી પુરુષના ચાર મૂલ્યોમા જાતીયતાની અસર જોવા મળી.

મધુરિકાબેન રાચ્છ (૧૯૯૫)એ સ્ત્રી શિક્ષિકા બહેનોના વ્યવસાયિક, સંતોષ, મૂલ્યો તથા સમસ્યાઓનો અભ્યાસ કર્યો હતો. નોકરી કરતી સ્ત્રી શિક્ષિકા બહેનોના વ્યવસાયિક સંતોષના ૧૧ સ્વતંત્રચલના સંદર્ભમાં અભ્યાસ કરવો તેમજ મૂલ્યોના સંદર્ભમાં અને સમસ્યાના સંદર્ભમાં અભ્યાસ કરવો એ આ અભ્યાસના મુખ્ય હેતુ હતા. નમૂનામાં પ્રાથમિક કક્ષાના ૨૧૯, માધ્યમિક કક્ષાના ૧૬૭, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ૧૪૭ અને કોલેજ કક્ષાના ૫૧ કુલ ૫૮૪ શિક્ષિકા બહેનોનો સમાવેશ કર્યો હતો. જી. જી. નકુમ અનુવાદિત મૂલ્યમાપદંડ સમસ્યાસૂચિની રચના અને અભિપ્રાયાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો.

ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષિકા બહોનોનું સામાજિક મૂલ્ય, ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષિકા બહેન કરતા વધારે હતુ તથા સરકારી સંસ્થાના સંચાલનમાં નોકરી કરતા શિક્ષિકા બહેનોના લોકશાહી મૂલ્યો કરતાં બીજા સંચાલનમાં નોકરી કરતા શિક્ષિકા બહેનોના લોકશાહી મૂલ્યો કરતા નીચા હતા.

ચંદ્રમૌલી જોષી (૧૯૯૯)એ પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. પ્રાથમિક શાળાના શિક્ષકોનો છ સ્વતંત્ર ચલના સંદર્ભમાં તેની સિદ્ધિ પ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કરવો તે આ અભ્યાસના મુખ્ય હેતુઓ હતાં. નમુનામાં કુલ ૫૨૫ પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. જી.જી. નકુમ અનુવાદિત મૂલ્ય માપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો તેમના તારણો આ પ્રમાણે હતા.

- ➩ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોનું ધાર્મિક મૂલ્ય ઉંચું જોવા મળેલ.
- ➩ શહેરી વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યો બીજા વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકો કરતાં ઉંચા જોવા મળેલ.
- ➩ નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉંચા જોવા મળેલ.

- ➾ અર્ધશહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉંચા જોવા મળેલ.
- ➾ ખાનગી સંચાલનવાળી પ્રાથમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉંચા જોવા મળેલ.
- ➾ ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યો ઉંચા જોવા મળેલ.
- ➾ ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા પ્રાથમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉંચા જોવા મળેલ.

## ૨.૬.૦ શિક્ષકોના સિદ્ધિપ્રેરણા અંગે પ્રાપ્ત થયલા સંશોધનો

સિદ્ધિપ્રેરણાના ક્ષેત્રમાં છેલ્લા થોડાક વર્ષોથી સંશોધનનું મહત્ત્વનું પ્રદાન થયુ છે. શિક્ષકોના સિદ્ધિપ્રેરણા ક્ષેત્રે સંશોધનનો ઈતિહાસ ઘણો જ ટુંકો છે.

શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષકો પર જુજ સંશોધન થયલ છે.પૂર્વ થયેલા અભ્યાસોમાંથી ૧૯૭૧ થી ૨૦૦૦ દરમ્યાન શિક્ષકોને લગતા સિદ્ધિપ્રેરણાના પાંચ અભ્યાસો પ્રાપ્ત થયા હતા. ત્યારબાદ શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સંબંધિત સંશોધનો પ્રાપ્ત થઈ શકયા નથી. પ્રાપ્ત થયેલા સંશોધનોથી માહિતી અત્રે વર્ષવાર સારણી – ૨.૪માં રજૂ કરવામાં આવેલ છે.

**સારણી – ૨.૪**

**શિક્ષકોના સિદ્ધિપ્રેરણા અંગે પ્રાપ્ત થયેલા સંશોધનો**

| *ક્રમ* | *સંશોધકનું નામ* | *સાલ* | *યુનિવર્સિટી* |
|---|---|---|---|
| ૧. | નિખીલ આર. લાખીયા | ૧૯૭૧ | સરદાર પટેલ યુનિ., વલ્લભવિદ્યાનગર |
| ૨. | કે. સંગીધન રાવ | ૧૯૭૫ | એમ.એસ.યુનિ., બરોડા |
| ૩. | પટેલ એ. ડી. | ૧૯૭૭ | એમ.એસ.યુનિ., બરોડા |
| ૪. | કિરપાલસિંગ નરૂલ્લા | ૧૯૭૮ | એમ.એસ.યુનિ., બરોડા |
| ૫. | જોષી ચંદ્રમૌલી વી. | ૧૯૯૯ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |

(સારણી ૨.૫) (આડા ટેબલ)

લાખીયા (૧૯૭૧)એ શિક્ષકોના વ્યવસાય પ્રત્યેના વલણનો બૌધિ, શૈક્ષણિક સિદ્ધિ, સામાજિક, આર્થિક પરિસ્થિતિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં શિક્ષણનોવ્યવસાય સ્વીકારવા પાછળની પ્રાથમિક પ્રેરણાની શોધ કરવી અને અનુભવ, તાલીમ, સામાજિક સ્થિતિ, ઊંમર, વૃદ્ધિ, શાળાકિય સિદ્ધિ, અને પ્રેરણા જેવા જુદા જુદા વલણોના સંબંધ નક્કી કરવો મુખ્ય હતા. નમૂનામાં અમદાવાદ શહેરની ૬ શાળાઓ અને એક ટ્રેનીંગ કોલેજમાંથી ૧૦૦ શિક્ષકો લીધા હતા. ઉપકરજ્ઞણો તરીકે શ્રીમતી યશોમતિ બહેન પટેલનો વલણમાપદંડ,ડૉ.સી.સી.પાઠકનો વ્યક્તિ માપન ટેસ્ટ અને શ્રીએચ.એસ. ડેવિડની ટી.એ.ટી. વાર્તાઆનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણો આચ પ્રમાણે હતા. ૮૦% શિક્ષકો વલણના ક્ષેત્રથી નીચે હતા, તેમનું ક્ષેત્ર ૨.૮ હતુ તે બતાવે છે કે શિક્ષકો કે તેઓ, અનુકુલ વલણ ધરાવે છે. તેમનો એન.એચ. સ્કોર ઊંચો  છે. જે ૬.૭ ના વલણમાંથી નીચેના છે તેઓ એન.એચ. સ્કોરમાં વહેંચાયેલા છે. પણ શિક્ષકો એ ઊંચા પ્રકારનું એન.એચ. બતાવ્યુ.

કે. સંગીથા રાવ (૧૯૭૫)એ ભાવી શિક્ષકોની સિદ્ધિપ્રેરણા અને શાળાકીય કામગીરી જાણવાનો અભ્યાસ કર્યો હતો. તાલીમી કોલજમાં ભણતા વિદ્યાર્થીઓના સિદ્ધિપ્રેરણા અને જાત પરિક્ષણને જાણવું. સિદ્ધિપ્રેરણા અને શાળકીય કામગીરી વચ્ચેનો સંબંધ તપાસવો.માતા પિતાનો અભ્યાસ, ધંધો અને આવકની સિદ્ધિપ્રેરણા સાથે અસર તપાસવી એ આ સંશોધનના મુખ્ય હેતુઓ હતા. નમૂનામાં મદ્રાસ યુનિવર્સિટીની ૧૪ બી.એડ્. કોલેજનાં ૪૧૦ તાલીમાર્થીઓને લીધા હતા. ઉપરોકત હેતુઓને જાણવા માટે તઈબઈતઈ ટેસ્ટનો ઉપયોગ કર્યોહતો, તેમજ અન્ય ટૂલ્સનો ઉપયોગ કર્યો હતો.

સિદ્ધિપ્રેરણા અને શાળાકીય કામગીરી વચ્ચેનો સંબંધ જોવા મળ્યો તથા જુદી જુદી જાતી (સ્ત્રી, પુરુષ) ના સિદ્ધિપ્રેરણાના આંકમાં બહુ તફાવત નથી એ આ અભ્યાસના મુખ્ય તારણો હતા.

પટેલ (૧૯૭૭)એ ગુજરાત રાજયની શૈક્ષણિક કોલેજના વિદ્યાર્થી–શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, ચિંતાતુરતા, યુનિવર્સિટીની પરીક્ષામાં દેખાવ અનેસામાજિક આર્થિક દરજ્જાનોઅભ્યાસ કર્યો હતો. સંશોધનના મુખ્ય હેતુઓમાં ગુજરાત રાજયની શિક્ષણ

મહાવિદ્યાલયના વિદ્યાર્થી–શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ચિંતાતુરતા, યુનિવર્સિટીની પરીક્ષામાં દેખાવ અને સફળતાનું લેવલનો અભ્યાસ કરવો, તાલીમાર્થી શિક્ષકોની સામાજિક, આર્થિક દરજ્જાનો લેવલનો અભ્યાસ કરવો, તથા તાલીમાર્થી શિક્ષકોની સફળતા સિદ્ધિપ્રેરણા, સામાજિક આર્થિક દરજ્જો અને ચિંતાતુરતાના સંબંધમાં તેની કક્ષા જાણવી એ હતા. નમુના તરીકે 876 તાલીમાર્થી શિક્ષકો (ભાઈ–બહેનો) શિક્ષણ મહાવિદ્યાલયના – નમૂનામાં પસંદ કર્યા હતા. ઉપકરણ તરીકે ધ મેટીટ એપીરેન્સીપયશોર્ટ, SES સ્કેલ (ગ્રામ્ય, શહેરી માટે), ચિંતાતુર માપદંડ વગેરેનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં તાલીમાર્થી (વિદ્યાર્થી) શિક્ષકોની સિદ્ધિ પેંરણાનું સ્તર સારુ હતું. તાલીમાર્થી શિક્ષકોમાં સ્ત્રી અને પુરુષ શિક્ષકો વચ્ચેનો તફાવત અર્થસૂચક હતો. (સિદ્ધિપ્રેરણા માટે) તેમજ  સરાસરી જે સ્કોર ઊંચોહતો તથા સિદ્ધિપ્રેરણાની સરાસરીનો સ્કોર, ઉચ્ચ, મધ્યમ, અને નીમ્ન SES ગ્રુપમાં અનુક્રમે,8.0, 6.9  અને 6.7  રહ્યો હતો.

નરૂલ્લા (૧૯૭૮)એ ઓરિસ્સા રાજયની માધ્યમિક શાળાઓના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા વ્યક્ગિત પસંદગી તેના ખ્યાલો, તેની ચિંતાતુરતાઓ અને તેની કામગીરીનો અભ્યાસ કર્યો હતો. પાયાની બાબતો, સિદ્ધિપ્રેરણા, પોતાની યોગ્યતા, જવાબદારી, લેવાની વૃત્તિ, હોશીયારી, સારો દેખાવ વગેરે માટે સામાન્ય કુટુંબ અને પછાત વર્ગના કુટુંબના તાલીમાર્થીઓનો અભ્યાસના હેતુસર ઓરીસ્સા રાજયની ૬ સરકારી શિક્ષણ તાલીમી સંસ્થાના ૬૦૮ તાલીમી શિક્ષકભાઈ  બહેનોને પોતાના નમૂનામાં લીધા હતા.જેમાં ૪૨૯ પુરુષ અને ૧૭૯ સ્ત્રીઓ હતી. ઉપકરણ તરીકે Self Report card for teacher's, T.A.T. Test તથા Dr. Sinhar Axiety testનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં સામાન્ય કુટુંબ અને પછાત વર્ગના કુટુંબના તાલીમાર્થી પોતાની યોગ્યતાઓની સિદ્ધિપ્રેરણા, જવાબદારી લેવાની વૃત્તિમાં તફાવત જોવા મળેલ નથી.

ચંદ્રમૌલી જોષી સૌરાષ્ટ્ર યુનિ. એ (૧૯૯૯) પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. પ્રાથમિક શાળાના શિક્ષકોના છ સ્વતંત્ર ચલોના સંદર્ભમાં તેની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કરવો તે આ અભ્યાસના મુખ્ય હેતુઓ હતાં. નમુનામાં કુલ

પરપ પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. નમુનાના પાત્રોની સિદ્ધિપ્રેરણા માપવા માટે મીનાક્ષી ભટનાગર રચિત "સિદ્ધિપ્રેરણા કસોટી" ના વિધાનોનું કે.પી.મેવાએ કરેલ ગુજરાતીકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વિવિધ સ્વતંત્ર ચલોના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણામાં તફાવત જોવા મળ્યો ન હતો.

## ૨.૭.૦ શિક્ષકોના વલણ અંગે પ્રાપ્ત થયેલા સંશોધનો

વલણ અંગે ઘણા સંશોધનો થયા છે. તેમાં શિક્ષકોના વલણ જાણવા માટે સંશોધનો એમ.એડ., એમ.ફીલ. કક્ષાએ તથા પીએચ.ડી. કક્ષાએ ઘણા થયા છે. પૂર્વે થયેલા ૧૯૬૨ થી ૨૦૦૦ દરમ્યાન ૩૨ જેટલા શિક્ષકોના વલણ અંગેના અભ્યાસો પ્રાપ્ત થયા હતા. પ્રાપ્ત થયેલા સંશોધનોને વર્ષવાર ક્રમશઃ અત્રે સારણી ૨.૬ માં રજુ કરવામાં આવ્યા છે.

**સારણી – ૨.૬**

**શિક્ષકોના વલણ અંગે પ્રાપ્ત થયેલા સંશોધનો**

| *ક્રમ* | *સંશોધકનું નામ* | *સાલ* | *યુનિવર્સિટી* |
|---|---|---|---|
| ૧ | યશોમતિબેન પટેલ | ૧૯૬૫ | એમ.એસ.યુનિ., બરોડા |
| ૨ | એચ.એચ.હુઝ | ૧૯૬૭ | જર્નલ એજયુકેશનલ સાયકોલોજી |
| ૩ | ઓ.એલ.ડેવીડ અને કઓરવાવ મોટો | ૧૯૬૮ | જર્નલ ટીચર એજયુકેશનલ |
| ૪ | જોસેફ કે.જે. | ૧૯૬૮ | એન.સી.ઇ.આર.ટી. |
| ૫ | શાંતિલાલ અંધારિયા | ૧૯૭૧ | સૌરાષ્ટ્ર યુનિ. |
| ૬ | એન.સી.ઈ.આર.ટી. રીપોર્ટ | ૧૯૭૧ | એન.સી.ઈ.આર.ટી. |
| ૭ | ડાહ્યાભાઈ રાવલ | ૧૯૭૧ | ગુજરાત યુનિ. |
| ૮ | લાખીયા એન. આર | ૧૯૭૧ | સરદાર પટેલ યુનિ. |
| ૯ | સુદ જે.કે. | ૧૯૭૪ | રાજસ્થાન યુનિ. |
| ૧૦ | એસ.એલ.નાગદા | ૧૯૭૪ | તીરૂપતિ યુનિ. |
| ૧૧ | પ્રફુલ્લ આર. ઉન્યા | ૧૯૭૬ | એમ.એસ.યુનિ., બરોડા |
| ૧૨ | પી.આર.નૈયર | ૧૯૭૭ | મૈસુર યુનિ. |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | પ્રમોદ કુમાર | ૧૯૭૮ | જર્નલ ઓફ એજયુકેશન |
| ૧૪ | શ્રીવાસ્તવ એન.એન. | ૧૯૮૦ | પટણા યુનિ. |
| ૧૫ | બી.જી. ભંડારકર | ૧૯૮૦ | જલગાંવ પોલીટેકનીક |
| ૧૬ | સુશીલાબેન પટેલ | ૧૯૮૦ | સરદાર પટેલ યુનિ. |
| ૧૭ | બ્રુશ વર્થ વોકર | ૧૯૮૧ | ઇન્ટરનેશનલ એબસ્ટ્રેક |
| ૧૮ | જયુડીથ બિનેશ વોટસન | ૧૯૮૧ | ઇન્ટરનેશનલ એબસ્ટ્રેક |
| ૧૯ | રઘુરામસિંગ એમ. | ૧૯૮૧ | જર્નલ ઓફ હાયર એજયુકેશન |
| ૨૦ | તુલસીદાસ પટેલ | ૧૯૮૨ | એમ.એસ.યુનિ. |
| ૨૧ | ગોન્સાલિસ એન્જેલા | ૧૯૮૩ | ઇન્ટરનેશનલ એબસ્ટ્રેક |
| ૨૨ | કે.પી.સોલંકી | ૧૯૮૩ | સરદાર પટેલ યુનિ. |
| ૨૩ | આરતીબેન પી. કરવેકર | ૧૯૮૨ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૨૪ | કે.એસ.રૈડી | ૧૯૮૨ | જર્નલ ઓફ એજયુકેશન |
| ૨૫ | કે.સી.જોષી | ૧૯૯૫ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૨૬ | જગદીશકુમાર દવે | ૧૯૯૫ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૨૭ | દીપક જે. ભટ્ટ | ૧૯૯૬ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૨૮ | ચંદ્રમૌલી વી. જોષી | ૧૯૯૯ | સૌરાષ્ટ્ર યુનિ. |
| ૨૯ | રશ્મિકા જે. મોદી | ૨૦૦૦ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૩૦ | જયંતિલાલ આર. પટેલ | ૨૦૦૦ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૩૧ | દશરથભાઇ જે. ભોપા | ૨૦૦૦ | ગુજરાત વિદ્યાપીઠ |
| ૩૨ | નીતા એસ. પરમાર | ૨૦૦૦ | ગુજરાત વિદ્યાપીઠ |

સારણી ૨.૭ (આડા ટેબલ)

યશોમતિબેન પટેલે (૧૯૬૫) માધ્યમિક શિક્ષકોનું વ્યવસાય પ્રત્યેનું વલણ માપનનો અભ્યાસ કર્યો હતો. સંશોધનના મુખ્ય હેતુઓમાં વ્યવસાય પ્રત્યે વલણો પ્રમાણે માધ્યમિક શાળાના શિક્ષકોની વર્ગ વહેંચણી કરવી અને માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યવસાય પ્રત્યે વલણ ઉપર જાતિ, પદવી, અનુભવ તથા તાલીમ જેવા પરિબળોની શી અસર થાય છે તે તપાસવું. જુદી જુદી માધ્યમિક શાળાના ૧૦૦ શિક્ષકોને નમૂનામાં પસંદ કર્યા હતા. પ્રયોજકે માધ્યમિક શિક્ષકોનો વ્યવસાય પ્રત્યેનું વલણ માપન થર્સ્ટન પ્રકારનો વલણ માપદંડની રચના કરી પ્રમાણિત કરેલ છે તેનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો.

બિનતાલીમી શિક્ષકો વ્યવસાય પ્રત્યેનું વલણ તાલીમી શિક્ષકો કરતા વધુ નકારાત્મક દેખાયુ હતુ, વ્યવસાય પ્રત્યે વલણમાં ઉચ્ચ શિક્ષણ પદવી ખાસ અસર કરતી નથી અને સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો કરતા વ્યવસાય પ્રત્યે વધુ હકારાત્મક વલણ ધરાવતા હતા તે અભ્યાસના મુખ્ય તારણો હતા.

હુઝ (૧૯૬૭)એ શિક્ષકોના શિક્ષણના વ્યવસાય પરત્વેના વલણનું માપન કરવાનો અભ્યાસ કર્યો હતો. તેમના સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષકોના શિક્ષણ વ્યવસાય પરત્વેના વલણ માપદંડ વિકસાવવાનો હતો. નમૂના તરીકે પ્રથમ ૩૦ના સમૂહમા કોલેજના શિક્ષકોને, સ્નાતક કક્ષાના શિક્ષકો, વ્યવસ્થાપકો અને કોલેજ પ્રોફેસરોમાં યાદચ્છિક રીતે વહેંચી દેવામાં આવ્યા હતા.

અભ્યાસના મુખ્ય તારણોમાં સંશોધનકારને સ્નાતક કક્ષાના શિક્ષકો અને વહીવટીકારો વચ્ચે ૦.૦૫ લેવલે મહત્ત્વનો તફાવત માલુમ પડયો. અને કોલેજ કક્ષાના પ્રોફેસરોનો સમૂહ એ વ્યવસ્થાપકો ના તરફેણનો હતો. તફાવત માટેના t ટેસ્ટમાં એકરૂપતામાં પણ ૦.૦૫ લેવલનો તફાવત જોવા મળ્યો હતો.

ડેવીડ અને વાવમોટો (૧૯૬૮)એ શિક્ષકોની તૈયારી, વ્યવસાય પ્રત્યેનું વલણ અને પ્રેરણા વિશે અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુ શિક્ષકોના તેના ઉમેદવારોની પ્રેરણા, વલણ પસંદગી અને ખ્યાલો વિષેની તૈયારી અને તેઓના વર્ગમાંના ભવિષ્યના કાર્ય વિશે ધારણા કરવી એ હતો. કેન ટેસ્ટ યુનિવર્સિટીના ૧૯૬૩–૬૪ના શૈક્ષણિક વર્ષ દરમ્યાનમાના પ્રાથમિક કક્ષાના શૈક્ષણિક વર્ષમાના ૧૩૨ સ્ત્રી ઉમેદવારોને નમૂનામાં પસંદ

કર્યા હતા. BT-1 સંશોધન, MTAI વલણની સંશોધની અને TPS વગેરેનો ઉપયોગ કર્યા હતા.

જોસેફ કે.જે. (૧૯૬૮)એ કોઈમ્તુર જિલ્લાના માધ્યમિક શિક્ષકોનું કેળવણીના કેટલાક આધુનિક પ્રવાહો પ્રત્યેનું વલણનો અભ્યાસ કર્યો હતો.

આ અભ્યાસ જણાવે છે કે શિક્ષકોની શિક્ષણની તકોની સમાનતા શિક્ષણની આધુનિક પદ્ધતિઓ, બાળકોનો માનસિક અને શારીરિક આરોગ્ય પર વધુ ભાર મૂકે છે. અને શાળામાં નૈતિક શિક્ષણના વિકાસની તરેફણ કરે છે.

જ્યારે અભ્યાસક્રમોનું એકીકરણ રાજયની શિક્ષણ પરનો વિશેષ કાબુ, પાઠયપુસ્તકોનું રાષ્ટ્રિયકરણ અને માધ્યમિક શાળાઓને પ્રવર્તમાન અભ્યાસક્રમ આ બધા વિશે તેઓ નારાજી બતાવે છે.

આમાં પણ ખાસ કરીને મોટી ઉંમરના શિક્ષકો શિક્ષણના આધુનિક પ્રવાહો તરફ વિશેષ પ્રમાણમાં નકારાત્મક વલણ દર્શાવે છે.

જોસેફનો આ અભ્યાસ વિશેષ પ્રતિપાદન કએ કરે કે, શિક્ષકો આધુનિક કેળવણીના ઈચ્છિત હેતુઓમાં બાળકોની ચારિત્રય ઘડતરને પ્રથમ સ્થાન આપેછે. અને રાષ્ટ્રિય એકતાને છેલ્લુ સ્થાન આપે છે.

અંધારિયા (૧૯૭૧)એ સૌરાષ્ટ્રના પ્રાથમિક અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓનું તાલીમ પ્રત્યેનું વલણ તપાસવાનો અભ્યાસ કર્યો હતો. સૌરાષ્ટ્રના ૧૯ માધ્યમિક અધ્યાપન મંદિરોના તાલીમાર્થીમાંથી કુલ ૧૪૨૮ તાલીમાર્થીઓએ માપદંડ ભર્યો હતો. તેમાંથી ૪૭૪ પાત્રોને નમૂનામાં લેવામાં આવ્યા હતા. ઉપકરણ તરીકે થર્સ્ટન પદ્ધતિએ વલણ માપદંડની રચના કરી તેનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં ભાઈઓનું અને બહેનોનું તાલીમ પ્રત્યેનું વલણ તપાસતા બહેનોનું વલણ વધુ હકારાત્મક જોવા મળ્યું હતું તથા બીજા વર્ષના અભ્યાસ કરતા પૂરા પગારે તાલીમ લેતા શિક્ષકોનું વલણ નકારાત્મક જોવા મળેલ છે તે હતા.

એન.સી.આર.ટી. (૧૯૭૧)એ શિક્ષકોના શૈક્ષણિક વ્યવસાય પ્રત્યેના પ્રત્યાઘાતોનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં શિક્ષકોના વ્યાવસાયિક જીવન અને તેમની ક્ષમતાઓને લક્ષમા રાખીને જુદી જદી સમસ્યાઓમાં તેઓ કેવી રીતે

પુનઃકસોટી દાખવી શકે તે જાણવી તથા શિક્ષકોના સ્વીકારની ભૂમિકાનો વ્યાપ જેમાં છે તેઓ પોતાની જાતને શોધી શકે કે નહિ તે નક્કી કરવું એ હતો. નમૂના તરીકે માધ્યમિક વિભાગની ૩૭૭ શાળાઓના એક સંકલિત પ્રદેશના બધા રાજ્યોના ૬૫૫૮ શિક્ષકોને પસંદ કર્યા હતા. ઉપકરણ તરીકે લિકર્ટ પ્રકારના વલણ માપનની રચના કરી તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં શિક્ષકોનું વલણ તેઓના નોકરી કે સામાજિક દરજ્જાના વ્યવસાય પ્રત્યે આધાર રાખતુ નથી તથા સ્ત્રી અને પુરુષ શિક્ષકોનું વલણ રહસ્યાત્મક રીતે જુદુ જોવા મળ્યું તે હતા.

રાવલ (૧૯૭૧)એ માધ્યમિક શાળાના શિક્ષકોના શિક્ષણ વ્યવસાય તરફના વલણોનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં માધ્યમિક શિક્ષકોનુ તેમના વ્યવસાય વલણો તપાસવું તથા પુરુષ અને સ્ત્રી શિક્ષકો તેમના વ્યવસાય તરફના વલણો તપાસવા એ હતા. મહેસાણા જિલ્લામાં આવેલી શાળાના ૭૦૦ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. ઉપકરણ તરીકે થર્સ્ટન પદ્ધતિનો વલણ માપદંડનો ઉપયોગ કર્યો હતો.

માધ્યમિક શિક્ષકો તેમના વ્યવસાય તરફનું વલણ વધારે સારૂ ધરાવે છે, પુરુષ અને સ્ત્રી શિક્ષકો તેમના વ્યવસાય તરફના વલણો અત્યંત સાનુકૂળ છે તથા ૫૦ વર્ષથી ઉપરના શિક્ષકોનું વ્યવસાય તરફનું વલણ મધ્યમમાર્ગી જોવા મળેલ છે તે આ અભ્યાસના મુખ્ય તારણો હતા.

લાખીયા (૧૯૭૧)એ શિક્ષકોના વ્યવસાય પ્રત્યેના વલણોનો બૌદ્ધિક, શૈક્ષણિક, સિદ્ધિ, સામાજિક, આર્થિક પરિસ્થિતિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં વ્યવસાય તાલીમી શિક્ષકોના તેમના ધંધા પ્રત્યેના હાલના વલણો શોધવા અને શિક્ષણ વ્યવસાય પ્રત્યે કયા વલણનો ઢાંચો જરૂરી છે તેમજ કયા ફેરફારની જરૂર છે તે શોધવાનો હતો. ૬ શાળાઓ અને ૧ ટ્રેનીંગ કોલેજના ૧૦૦ શિક્ષકોને જેમનો વ્યવસાયિક અનુભવ વધારે હતો તેમને નમૂનામાં પસંદ કર્યા હતા. ઉપકરણ તરીકે શ્રીમતી યશોમતી બહેન પટેલનો વલણ માપદંડ, ડૉ. ડી. બી. દેસાઈની વલણ પ્રશ્નાવલિ અને ડૉ. મધુકર પટેલની અશાબ્દિક આઈકયુ ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં ૫૦% શિક્ષકો વલણના ક્ષેત્રથી નીચે હતા, તેમનું ક્ષેત્ર ૨.૮ હતુ. તે બતાવે છે કે શિક્ષકો કે તેઓ અનુકૂલન વલણ ધરાવે છે. તેઓનો એન.એચ. સ્કોર ઊંચો હતો તથા જે ૬.૭ના વલણમાંથી નીચેના છે તેઓનો એન.એચ. સ્કોરમાં વહેંચાયેલા હતા.

સુદ (૧૯૭૪)એ ભારતનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં ભિન્ન જૂથોનાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો અંગેનાં વલણોનો અભ્યાસ કર્યો હતો.

આ અભ્યાસનો મુખ્ય હેતુ શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં વિજ્ઞાન વિષય અનેવૈજ્ઞાનિકો પ્રત્યેનાં વલણ પર જાતીયતા અને સામાજિક આર્થિક સ્તરની અસર તપાસવા માટે હાથ ધરાયો હતો.

આ અભ્યાસ માટે શાળનાં ૧૦૦૦ છોકરાઓ અને છોકરીઓ તેમજ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં વલણમાપન માટે કલી અને કલોફરની વલણ માપન માટેની 'વિજ્ઞાન સમજ'કસોટીનો ડબલ્યુ (W) ફોર્મનોઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસનાં પરિણામો આ પ્રમાણે આવ્યા હતા.

(૧) સમગ્ર નમૂના વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો અંગેનાં વિધાયક વલણો હતો. આ વલણો, 'વિજ્ઞાનની સમજ' સાથે સાર્થક સંબંધ ધરાવતાં હતાં.

(૨) વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં વલણો વચ્ચે સાર્થક તફાવત હતો.

(૩) રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રતિભાશોધ પદક મેળવનાર અનેરાષ્ટ્રીય વિજ્ઞાન પ્રતિભાશોધ પદક ન મેળવનાર વિદ્યાર્થીઓનાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો અંગેનાં વલણોમાં સાર્થક તફાવત હતો.

(૪) છોકરાઓ અને છોકરીઓનાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકે અંગેનાં વલણો વચ્ચે સાર્થક તફાવત ન હતો.

નાગદા (૧૯૭૪)એ વસ્તીની સમસ્યાનાં સંદર્ભમાં શિક્ષકોનું જ્ઞાન અનેવલણ તપાસવું. આ માટે તેમણે પ્રશ્નાવલીનો ઉપયોગ કર્યો હતો. તેમનાં અભ્યાસ દરમ્યાન તારણો આ પ્રમાણે હતાં.

(૧) ૯૦% શિક્ષકો કે જેમને પ્રશ્નોતરી કરવામાં આવીહતી તેઓ વસ્તી શિક્ષણોનો અર્થ સમજતાં હતાં.

(૨) ૬૫% શિક્ષકો એમ સમજતાં હતાં કે, વસ્તી, શિક્ષણ અનેકટુંબ નિયોજન એ એક જ છે.

(૩) ૯૦%શિક્ષકો માનતા હતા કે, જવાબદાર વાલીપણા માટે યુવાન પેઢી ને વસ્તી, શિક્ષણ આપવું જરૂરી છે.

ઉન્યા (૧૯૭૬)એ શિક્ષકનાં શૈક્ષણિક વ્યવસાય પ્રત્યેનાં તેઓનાં વલણ પ્રત્યે, જાતિ, ઉંમર, શૈક્ષણિક લાયકાત, તાલિમ દરમ્યાન થયેલ અનુભવનાં સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં વિદ્યાર્થી–શિક્ષકો શૈક્ષણિક વ્યવસાય પ્રત્યેનાં તેઓનાં વલણ પ્રત્યે, જાતિ, ઉંમર, શૈક્ષણિક લાયકાત, તાલીમ દરમિયાન થયેલ અનુભવમાં તફાવત શોધવો, શિક્ષક તાલીમનું સ્વદર્શન અને શૈક્ષણિક વ્યવસાય પ્રત્યે વલણ વચ્ચે શું કોઈ સંબંધ સ્થાપી શકાય છે કે નહિ તે શોધવું એ હતા. ૧૯૭૫નાં મનોવિજ્ઞાનની વિદ્યાશાખાનાં એમ.એસ.યુ. વડોદરાનાં બી.એડ્.નાં વિદ્યાર્થીઓનો ઉપયોગ કરેલ હતો. ઉપકરણ તરીકે કે. જે. પટેલનાં યસ્ટર્ન પદ્ધતિ આધારે બનાવેલ માપદંડનો ઉપયોગ કર્યો હતો. તથા The Patted-self Perception scale નો ઉપયોગકર્યો હતો.

વિદ્યાર્થી–શિક્ષકોનાં શૈક્ષણિક વ્યવસાય પ્રત્યેનાં તેઓનાં વલણ પ્રત્યે જાતિ, ઉંમર, શૈક્ષણિક લાયકાત, તાલીમ દરમ્યાન થયેલ અનુભવમાં તફાવત જોવા મળ્યો ન હતો એ આ અભ્યાસનું મુખ્ય તારણ હતું.

નૈયર (૧૯૭૭)એ શિક્ષક વલણ કસોટીની રચના અને પ્રમાણીકરણ કર્યુ હતું.

આ અભ્યાસનો મુખ્ય હેતુ વલણ, કસોટીની રચના અને પ્રમાણીકરણ કરવાનો હતો. તેમાં શિક્ષકોના વલણોના ચાર મુખ્ય ક્ષેત્રો

(૧) અધ્યાપન એક વ્યવસાય તરીકે પ્રત્યે વલણ

(૨) વિદ્યાર્થીઓ પ્રત્યે એકંદરે વલણ

(૩) સમગ્ર શાળાકાર્ય અંગેનાં વલણો અને

(૪) વ્યાવસાયિક વિકાસ અંગેના વલણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં કસોટીની રચના કરવામાં બીકર્ટ પદ્ધતિનો ઉપયાગ કરવામાં આવ્યો હતો. તેમાં ૧૧૦ વિધાનો હતાં. આ અભ્યાસમાં ૪૦૦ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ કસોટીની વિવિધક્ષેત્રો અંગેનાં અર્ધવિચ્છેદન વિશ્વસનીયતાંકો 0.78, 0.83, 0.78 અને 0.98 હતી. આ કસોટીની યથાર્થતા શિક્ષકોનું આચાર્યો અનેઅન્ય શિક્ષકો અને વ્યાવસાયિક વલણ અંગે કરેલ મૂલ્યાંકનનાં આધારે મળેલ ખૂબ સારા વ્યાવસાયિક વલણવાળા અનેખૂબ નબળાં વ્યાવસાયિક વલણવાળા શિક્ષકોને કસોટી પરનાં પ્રાપ્તાંકો પર સરખાવીને નક્કી કરવામાં આવ્યા હતાં.

પ્રમોદકુમાર (૧૯૭૮)એ શૈક્ષણિક વલણોનાં તુલનાત્મક અભ્યાસ કર્યો હતો.

આ અભ્યાસનાં પ્રવનોઆ પ્રમાણે હતાં.

(૧) વિજ્ઞાન અને બિન–વિજ્ઞાનનાં શિક્ષક તાલીમાર્થીઓ શૈક્ષણિક વલણની બાબતમાં જુદા પડે છે ?

(૨) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક વલણોની બાબતમાં જુદા પડે છે ?

(૩) શૈક્ષણિક અનુભવ પ્રમાણે તાલીમાર્થી અને શૈક્ષણિક વલણોની બાબતમાં ભિન્નતા ધરાવે છે ?

(૪) ભિન્ન જાતિનાં તાલીમાર્થીઓ શૈક્ષણિક વલણોની બાબતમાં ભિન્ન હશે.

આ અભ્યાસ માટે પંચાશી તાલીમાર્થી શિક્ષકોનો મનૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં શૈક્ષણિક વલણ માપદંડ રચવામાં આવ્યો હતો.

આ અભ્યાસના પરિણામો આ પ્રમાણે હતાં.

(૧) વિજ્ઞાનનાં શિક્ષકો અન્ય શિક્ષકો કરતાં શિસ્તનાં વધુ આગ્રહી હતાં.

(૨) સ્નાતક કરતાં અનુસ્નાતક તાલીમાર્થીઓ 'સંચાલન' અંગેનાં વલણમાં ચડિયાતાં હતાં.

(૩) શિક્ષણ પ્રત્યેના વલણ અને શૈક્ષણિક અનુભવને આંશિક સંબંધ હતો.

(૪) પુરુષ તાલીમાર્થીઓકરતાં સ્ત્રી તાલીમાર્થીઓ શિસ્તનાં વધારે આગ્રહી હતાં.

(૫) પુરુષ તાલીમાર્થીઓ કરતાં સ્ત્રી તાલીમાર્થીઓ શિસ્ત અને સંચાલન અંગે વિધાયક વલણ ધરાવતાં હતાં.

શ્રી વાસ્તવે (૧૯૮૦) વૈજ્ઞાનિક વલણો અને તેનાં માપન અંગે અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસનો હેતુ વૈજ્ઞાનિક વલણ કસોટીની રચના અને પ્રમાણીકરણ કરવાનોહતો. તેમાં વિજ્ઞાન, શિક્ષકો અને બિન–વિજ્ઞાન શિક્ષકોની તેમજ વિજ્ઞાનનાં વિદ્યાર્થીઓ અને બિન–વિજ્ઞાનનાં વિદ્યાર્થીઓની તુલના વૈજ્ઞાનિક વલણનાં સંદર્ભમાં કરવામાં આવી હતી.

આ અભ્યાસ માટે લીકર્ટ–પદ્ધતિ અનુસાર છત્રીસ કલમોની રચના હિંદી ભાષામાં કરવામાં આવી હતી. તેમાં તાર્કિકતા, અંધશ્રદ્ધાનો નિષેધ, વસ્તુલક્ષિતા, બૌદ્ધિક પ્રમાણિકતા અને અનિર્ણાયકતા જેવા વલણ ક્ષેત્રો પર કલમો રચવામાં આવીહતી. યસ્ટર્ન પદ્ધતિ પ્રમાણે કલમો પસંદ કરવામાં આવીહતી. આ કસોટીની વિશ્વસનીયતા ૦.૯૦ અને યથાર્થતા ૦.૯૪ હતા.

આ અભ્યાસમાં ૩૦૦ વિજ્ઞાનનાં શિક્ષકો કરવામાં આવ્યો હતો. જેમાં ૫૦ વિજ્ઞાનનાં શિક્ષકો, ૫૦ બિન–વિજ્ઞાનનાં શિક્ષકો, ૧૦૦ વિજ્ઞાનનાં વિદ્યાર્થીઓ અને ૧૦૦ બિન–વિજ્ઞાનનાં વિષયનાં વિદ્યાર્થીઓ હતાં.

આ અભ્યાસનાં તારણો આ પ્રમાણે મળ્યા હતાં.

(૧) વૈજ્ઞાનિક જ્ઞાન અથવા વિજ્ઞાનનાં અભ્યાસક્રમ, સામાન્ય પ્રદર્શનની વૈજ્ઞાનિક વલણો ઘડવામાં વિધાયક અસર જોવા મળી હતી.

(૨) વૈજ્ઞાનિક વલણોનાં ઘડતરમાં વૈજ્ઞાનિક જ્ઞાન મદદરૂપ થતું હતું.

(૩) છોકરાઓ અને છોકરીઓનાં વૈજ્ઞાનિક વલણોમાં તફાવત હતો.

(૪) પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોનાં વૈજ્ઞાનિક વલણો વચ્ચે તફાવત ન હતો.

ભંડારકર (૧૯૮૦)એ પોલીટેકનિકનાં શિક્ષકોનાં શિક્ષણ વ્યવસાય તરફનાં વલણનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓ શિક્ષણ વ્યવસાય તરફનાં વલણ અને શૈક્ષણિક, લાયકાત વચ્ચેનાં સંબંધની સાર્થકતા તપાસવી, શિક્ષણ વ્યવસાય તરફનાં વલણ અને ઉંમર વચ્ચેનાં સંબંધની સાર્થકતા તપાસવી અને તાલીમી અને બિનતાલીમી શિક્ષકોનાં શિક્ષણ વ્યવસાય તરફનાં વલણોનાં તફાવતની સાર્થકતા તપાસવી એ હતા.

મહારાષ્ટ્ર રાજયનાં જુદી જુદી સરકારી પોલીટેકનીકલનાં ૫૦૦ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. ઉપકરણ તરીકે થસ્ટર્ન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણો શિક્ષણ વ્યવસાય તરફનાં વલણ અને શૈક્ષણિક લાયકાત વચ્ચેનાં સંબંધની સાર્થકતા ન હતી. શિક્ષણ વ્યવસાય તરફનાં વલણ અને ઉંમર વચ્ચેનાં સંબંધની ધનાત્મક અને સાર્થક જોવા મળ્યો હતો તથા તાલીમી અને બિનતાલીમી શિક્ષકોનાં શિક્ષણ વ્યવસાય તરફનાં વલણોનાં તફાવત સાર્થક જોવા મળ્યો હતો.

પટેલ (૧૯૮૦)એ ખેડા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણ માપનનો અભ્યાસ કર્યો હતો. તેમનાં હેતુઓ ખેડા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણનું માપન કરવું ખેડા જિલ્લાનાં પ્રાથમિક અધ્યાપન મંદિરના પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓ, અભ્યાસ કુટુંબના સભ્યોના સંદર્ભમાં, માતા,પિતાના શિક્ષણના સંદર્ભમાં, શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણનો અભ્યાસ કરવો એ હતા. સંશોધકે ખેડા જિલ્લામાંથી કુલ ૫૭૫ પ્રશિક્ષણાર્થીઓનો આકસ્મિક રીતે નિદર્શન પદ્ધતિ નમૂનો પસંદ કર્યો હતો. ઉપકરણ તરીકે શ્રીમતી યશોમતી બહેન પટેલનો થસ્ટર્ન પ્રકારનો વલણ માપદંડનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં સમગ્ર શિક્ષક પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષણ વ્યવસાય પ્રત્યેનું વલણ સાર્થક નથી, પુરુષ શિક્ષણાર્થીઓ કરતાં સ્ત્રી શિક્ષણાર્થીઓનું શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણનો અભિગમ ઊંચો હતો તે હતો.

વોકરે (૧૯૮૧) પ્રાથમિક શાળાના તાલીમાર્થી શિક્ષિકાઓના ગણિત પ્રત્યેના વલણ અને તેની સિદ્ધિ ઉપર પૂરક અધ્યાન સામગ્રી કાર્યક્રમની અસરનો અભ્યાસ કર્યો હતો. નિયત્રિત જૂથ તથા પ્રાયોગિક જૂથમાં નમૂનામાં ત્રેવીસ–ત્રેવીસ પાત્રો હતા. બન્ને જૂથને એક જ શિક્ષક દ્વારા તથા એકજ અધ્યયન પદ્ધતિથી અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. પ્રાયોગિક જૂથને પૂરક અધ્યયન સામગ્રી આપવામાં આવી હતી. નિયંત્રિત જૂથને આ સામગ્રી ન મળે તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. પૂર્વ કસોટી તથા ઉત્તર કસોટીમાં નમૂનાના પાત્રોની સિદ્ધિ તથા વલણ માપવામાં આવ્યા હતા. ઉત્કલ્પનાની ચકાસણી

વિચરણ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા કરવામાં આવી હતી. નિયંત્રિત જૂથ તથા પ્રાયોગિક જૂથના ગણિત પ્રત્યેના વલણ તથા સિદ્ધિમાં સાર્થક તફાવત જણાયો ન હતો.

વોટસને (૧૯૮૧) પ્રાથમિક શાળાના શિક્ષકોના ગણિતના વલણ ઉપર નિશ્ચાયકો (Matrices) વિષયમાં સૂચનાના પ્રકારની અસર તપાસી હતી. પ્રાથમિક શાળાના એકાણું શિક્ષકોના નમૂનામાં સામેલ હતા. ત્રણ પ્રાયોગિક જૂથમાં ત્રેવીસ–ત્રેવીસ તથા એક નિયંત્રિત જૂથમાં બાવીસ શિક્ષકો હતા. એક પ્રાયોગિક જૂથનું દશ્યશ્રાવ્ય પદ્ધતિથી તથા બીજા પ્રાયોગિક જૂથનું વર્કશોપ પદ્ધતિથી અધ્યયન કરાવવામાં આવ્યું હતું. આ માટે એક અથવા દોઢ કલાકના દસ તાસ ફાળવવામાં આવ્યા હતા. ત્રીજા પ્રાયોગિક જૂથને સ્વયં શિક્ષણ પદ્ધતિ પ્રોગ્રામ માર્ગદર્શનથી અભ્યાસ કરાવ્યો હતો. આ માટે આ જૂથ ચાર વખત મળેલ હતુ. નિયંત્રિત જૂથને ચીલાચાલુ પદ્ધતિથી અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. પિયર્સન સહસંબંધાંક પદ્ધતિ ઉત્કલ્પનાને ચકાસેલ હતી.

વલણ તથા સિદ્ધિની બાબતમાં નિયંત્રિત જૂથ તથા દશ્યશ્રાવ્ય જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક વચ્ચે સાર્થક તફાવત હતો.તેવી જ રીતે નિયંત્રિત જૂથ તથા વર્કશોપ જૂથના ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંક વચ્ચે સાર્થક તફાવત હતો. વર્કશોપ જૂથ ચારે જૂથમાં વલણની બાબતમાં આગળ હતુ અને દશ્યશ્રાવ્ય જૂથ સિદ્ધિની બાબતમાં સૌથી આગળ હતું.

રઘુરામસિંગ (૧૯૮૧)એ બી.એડ્. અને એમ.એડ્.નાં તાલીમાર્થી શિક્ષકોના વ્યાવસાયિક શિક્ષક વલણોઅને તેના સંબંધિત ચલોનો અભ્યાસ કર્યો હતો.

આ અભ્યાસ માટે બી.એડ. અભ્યાસક્રમનાં ૫૪૬ વિદ્યાર્થીઓઅને એમ.એડ. અભ્યાસક્રમનાં (૭૮) ઈઠોતેર વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં આહલુવાલીયા શિક્ષક વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસના તારણો આ પ્રમાણે હતા.

(૧) સરકારી બી.એડ્ફ કોલેજના અને બિન–સરકારી બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓના વલણાંકો વચ્ચે તફાવત હતો.

(૨) સ્નાતક કક્ષાનો વિદ્યાર્થીઓ અને એમ.એડ્. કક્ષાના વિદ્યાર્થીઓનાં વલણોમાં તફાવત હતો.

(૩) એમ.એડ્.ના વિદ્યાર્થીઓની આર્થિક–સામાજિક સ્તર, જાતીયતા, ઉંમર, કુટુંબમાં સ્થાન, શૈક્ષણિક અનુભવ અને આર્થિક સ્થિતિની વલણ પર અસર ન હતી.

(૪) બી.એડ્. તાલીમાર્થીઓનો વલણને ઉંમર કે શૈક્ષણિક અનુભવ સાથે સંબંધ ન હતો. પણ વલણ અને શૈક્ષણિક સિદ્ધિ સાથે ઘનસંબંધ હતો.

(૫) એમ.એડ્. ના વિદ્યાર્થીઓનાં તાલીમ પ્રત્યેના વલણ અને તેની શૈક્ષણિક સિદ્ધિ ઉંમર સાથે સંબંધ ન હતો.

પટેલ (૧૯૮૨) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના શિક્ષણના વ્યવસાય તરફના વલણનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં ઉ. માધ્યમિક શાળાના શિક્ષકોના વલણ માપદંડના વ્યવસાયિક સંતોષના સંદર્ભમાં અભ્યાસ અને જુદા જુદા પરિબળો જેવા કે, તાલીમ, જાતિ, લાયકાત, અનુભવ વગેરેની વલણો પર અસર તપાસવી, પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષિકાઓના વ્યવસાય પ્રત્યેના વલણ તપાસવા એ હતો. વડોદરા જિલ્લાના ૨૬ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નમૂનામાં પસંદ કરી હતી. ઉપકરણ તરીકે ડૉ. જશુમતીબેન પટેલે તૈયાર કરેલ થર્સ્ટન પ્રકારના વલણ માપદંડનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં ૮૦ ટકા શિક્ષકો વલણના ક્ષેત્રથી નીચે રહ્યા તેમનું ક્ષેત્ર ૨.૮ હતુ તે બતાવે છે કે શિક્ષકો કે જેઓ અનુકૂલન વલણ ધરાવે છે તેઓની સિદ્ધિ ઉચ્ચી હતી. જે ૬.૭ના વલણમાંથી નીચા છે તેઓ સિદ્ધિપ્રેરણા આંકમાં વહેચાયેલા છે. પરંતુ તેમનો સિદ્ધિપ્રેરણાનો આંક ઉચ્ચો બતાવેલ છે.

ગોન્સાલિઝે (૧૯૮૩)એ કોયડા ઉકેલની ક્રિયાત્મક પદ્ધતિની પ્રાથમિક શાળાના તાલિમી શિક્ષકોના ગણિત પ્રત્યેના વલણ ઉપરની અસરનો અભ્યાસ કર્યો હતો. નમૂનામા બ્યાસી શિક્ષકોનો સમોશ કરવામાં આવ્યો હતો.. બહુવિધ સહસંબંધાંક તથા વિચરણ પૃથક્કરણ પદ્ધતિથી ઉત્કલ્પનાને ચકાસતા પ્રાયોગિક જૂથનો ગણિતના કોયડા ઉકેલ પ્રત્યેના વલણમાં થયેલો સુધારો ધનાત્મક હતો જે સાર્થક હતો.

સોલંકીએ (૧૯૮૩)૩૭ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોનો અધ્યાપનના કેટલાક પાસાઓ પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોનો અધ્યાપનના વિવિધ પાસાઓ પ્રત્યેનો વલણનો અભ્યાસ કરવાનો હતો તથા ગ્રામ્ય વિસ્તારના શાળાના શિક્ષકો પોતાના વ્યવસાયી વર્ગ શિક્ષણ અને વિદ્યાર્થીઓ પ્રત્યેના વલણનો અભ્યાસ કરવાનો હતો. નમૂના તરીકે ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ઉચ્ચતરમાધ્યમિક શાળામાંથી પુરુષ–૨૫ અને સ્ત્રી–૧૫ કુલ ૪૦ અને શહેરી વિસ્તારમાંથી ૧૬૦ કુલ ૨૦૦ શિક્ષકોને યાદચ્છિક પ્રયુક્તિ રીતે પસંદ કર્યા હતા. ડૉ. એસ. પી. આહલુવાલિયા એ વિકસાવેલ અને પ્રમાણિત કરેલ શિક્ષકવલણ સંશોધનીનો ઉપયોગ કર્યો હતો. (લિકર્ટ પદ્ધતિથી) સરાસરી, પ્રમાણવિચલન, વિગેરે

શિક્ષકોના શૈક્ષણિક વ્યવસાય પ્રત્યે વલણ મહંદઅશે એક સરખુ છે, શિક્ષકોનો વર્ગ વ્યવહાર પ્રત્યેના વલણમાં કોઈ તફાવત જોવા મળતો નથી તથા વિનયન, વાણિજય, વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોના વ્યવહારમાં વિદ્યાર્થી કેન્દ્રી પ્રવૃતિઓનું પ્રત્યેનું વલણ કોઈ નોંધપાત્ર નથી એ આ અભ્યાસના મુખ્ય તારણો હતા.

કરવેકર (૧૯૮૫)એ અમદાવાદ શહેરની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વસ્તીશિક્ષણ પ્રત્યેના વલણોનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓનાં પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈ–બહેનો વસ્તી શિક્ષણ પ્રત્યેના વલણોનો અભ્યાસ કરવો તથા પુરુષ, સ્ત્રી, પ્રાથમિક શિક્ષકોની વસ્તી શિક્ષણ તરફના વલણોનો તફાવતનો અભ્યાસ કરવો એ હતા. નમૂનામાં અમદાવાદ શહેરની ૫૦ પ્રાથમિક શાળાઓના કુલ ૨૫૦ શિક્ષકો સમાવેલ હતા. થર્સ્ટન રીત પ્રમાણે પૃથક્કરણ કર્યુ હતું.

અભ્યાસના મુખ્ય તારણોમાં પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈ–બહેનો વસ્તી શિક્ષણ તરફ સાનુકૂળ વલણ ધરાવે છે, પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના વસ્તી શિક્ષણ પ્રત્યેના વલણમાં નોંધપાત્ર પફાવત જોવા મળ્યો હતો તે હતા.

રેડી (૧૯૮૫)એ વિદ્યાર્થીઓ, માતા–પિતા અને શિક્ષકોના શૈક્ષણિક વલણનો અભ્યાસ કર્યો હતો.

આ અભ્યાસ માટે કોલેજના ૭૫૦ છોકરાઓ (ગ્રામ્ય અને શહેરી વિસ્તારના) ૭૫૦ વાલીઓ અને ૭૫૦ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસ માટે લીકર્ટ પ્રકારનો વલણ માપદંડ રચવામાં આવ્યો હતો.

આ અભ્યાસના પરિણામો આ પ્રમાણે આવ્યા હતા.

(૧) ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારના વાલીઓ અને શિક્ષકો કરતા વિદ્યાર્થીઓના શિક્ષણ અંગેના વલણો ભિન્ન હતા, જયારે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં તફાવત ન હતો પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે તફાવત હતો.

(૨) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ કરતા ભિન્ન હતા. અર્ધ–શહેરી વિસ્તારના શિક્ષકો કરતા વિદ્યાર્થીઓમાં તફાવત હતો. પણ તેઓના વાલીઓ માટે તફાવત ન હતો.

(૩) ગ્રામ્ય વિસ્તારના વાલીઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકો કરતા ભિન્ન હતાં, તેઓ શહેરી વિસ્તારના શિક્ષકો કરતા ભિન્ન હતા, અને અર્ધ–શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ પણ ભિન્ન વલણો ધરાવતા હતા.

જોષી (૧૯૯૫)એ આણંદ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વસ્તી શિક્ષણ પ્રત્યેના વલણનો અભ્યાસ હાથ ધર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના વસ્તી શિક્ષણ પ્રત્યેના વલણ તપાસવા, પ્રાથમિક પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના વસ્તી શિક્ષણ પ્રત્યેના વલણ તપાસવા એ હતા. સાણંદ તાલુકાના ૧૩૦ પુરુષ પ્રાથમિક શિક્ષકો અને ૧૨૦ સ્ત્રી શિક્ષિકા મળી ૨૫૦ શિક્ષકોનો નમૂનામાં સશાવેશ કર્યો હતો. ઉપકરણ તરીકે થર્સ્ટન પદ્ધતિનો વલણમાપદંડનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના વસ્તી શિક્ષણ પ્રત્યેના વલણો ખૂબજ તરફેણમાં છે, પુરુષ અને સ્ત્રી શિક્ષકોમાં વસ્તી શિક્ષણ તરફના વલણોમાં કોઈ તફાવત નથી તથા પીટીસી થયેલા શિક્ષકોના વલણો હકારાત્મક હતા.

દવે (૧૯૯૫)એ શિક્ષણ પ્રત્યેના પ્રાથમિક શિક્ષકોના વલણનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં થર્સ્ટન પદ્ધતિ પ્રમાણે શિક્ષણ કાર્ય પ્રત્યે પ્રાથમિક શિક્ષકો માટેના વલણ માપદંડ તૈયાર કરવો, બનાસકાઠા જિલ્લાના થરાદ તાલુકાના પ્રાથમિક શિક્ષકોના તેમના શિક્ષણ કાર્ય પ્રત્યેના વલણ જાણવા તથા વિસ્તાર અનુસાર પ્રાથમિક શિક્ષકોમાં તેમના શિક્ષણ કાર્ય પ્રત્યેના વલણમાં તફાવત પડે છે કે કેમ તે જાણવું

તે હતા. થરાદ તાલુકાની પ્રાથમિકશાળાઓમાંથી ૨૧૦ શિક્ષકોને નમૂનામાં પસંદ કર્યા હતા.

અભ્યાસના મુખ્ય તારણોમાં શિક્ષણ કાર્ય પ્રત્યે અત્યંત વિરોધાત્મક વલણ ધરાવનાર પ્રાથમિક શિક્ષકો નથી, ગામડામાં શિક્ષણના લીધે કોઈ વ્યવસાય મળતો નથી તેથી તેમનું વલણ શહેરના પ્રાથમિક શિક્ષકોના કરતા વધારે વિરોધાત્મક છે તથા સ્ત્રીઓનું વલણ શિક્ષણ કાર્ય પ્રત્યે વિરોધાત્મક હતા.

ભટ્ટ (૧૯૯૬)એ પ્રાથમિક શાળાના શિક્ષકોના ક્ષમતાકેન્દ્રી શિક્ષણપ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં વલણ માપદંડની રચના કરવી અને પ્રાથમિક શાળાના શિક્ષકોના ક્ષમતાકેન્દ્ર શિક્ષણ પ્રત્યેના વલણનો વિવિધ ચલોના સંદર્ભમાં અભ્યાસ કરવો હતા. નમુનામાં ૪૧૬ પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ઉપકરણ તરીકે સ્વરચિત વલણ માપદંડ જેનાં કુલ ૪૬ વિધાનો હતાં. તેનો પંચબિંદુ સ્કેલ પર શિક્ષકોએ આપેલ પ્રતિભાવને આધારે તારણો મેળવેલ હતા. અભ્યાસના મુખ્ય તારણોમાં સમગ્ર રીતે પ્રાથમિક શાળાના શિક્ષકો ક્ષમતાકેન્દ્રી શિક્ષણ પ્રત્યે હકારાત્મક વલણ ધરાવતા હતા. જાતીયતા અને શાળાના પ્રકારના સંદર્ભે સાર્થક તફાવત જોવા મળેલ ન હતો. જયારે મ્યુનિસિપાલીટીં સંચાલિત શાળામાં પુરુષ શિક્ષકોના વલણ વધુ હકારાત્મક જોવા મળ્યા હતા.

જોષી (૧૯૯૯)એ પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિ પ્રેરણા, મૂલ્યો અને શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં વલણ માપદંડની રચના કરવી તથા વિવિધ ચલોના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કરવોનો સમાવેશ કર્યો હતો. નમુનામાં સૌરાષ્ટ્રના ૫૨૫ પ્રાથમિક શાળાના શિક્ષકો લેવામાં આયા હતા.

સ્વરચિત વલણ માપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. અભ્યાસના મુખ્ય તારણોમાં નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ કરતા જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળા અને ખાનગી સંચાલનવાળી પ્રાથમિક

શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉંચા હતા જયારે અન્ય સાથેના સંદર્ભમાં શીખવવા પ્રત્યેના વલણ લગભગ સમાન જોવા મળ્યા હતા.

મોદી (૨૦૦૦)એ મહેસાણા જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોનાં ક્ષમતાલક્ષી અભિગમ પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના ક્ષમતાલક્ષી અભિગમ પ્રત્યેના વલણનો વિવિધ ચલોના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. મહેસાણા જિલ્લાના ૧૨૦ પ્રાથમિક શાળાના શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે સ્વરચિત વલણમાપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસના મુખ્ય તારણોમાં વિવિધ ચલોના સંદર્ભમાં મહેસાણા જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોના ક્ષમતાલક્ષી અભિગમ પ્રત્યેના વલણ સમાન હતા.

પટેલ (૨૦૦૦)એ બનાસકાંઠા જિલ્લાના અધ્યાપન મંદિરોનાં તાલીમાર્થીઓના શિક્ષણના વ્યવસાય પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના શિક્ષણના વ્યવસાય પ્રત્યેના વલણનો વિવિધ ચલનોા સંદર્ભમાં અભ્યાસ કરવો એ આ અભ્યાસનો મુખ્ય હેતુ હતો. આ માટે બનાસકાંઠા જિલ્લામાંથી કુલ ૪૦૯ પાત્રો નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ઉપકરણ તરીકે શ્રી એમ.એન.તપોધન રચિત વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસના મુખ્ય તારણોમાં સ્ત્રી તાલીમાર્થીઓના વલણો વધુ ઉંચા જોવા મળ્યા હતા. તેમજ ગ્રામ્ય વિસ્તારના તાલીમાર્થીઓના વલણો પણ વધુ ઉંચા જોવા મળ્યા હતાં.

ભોપા (૨૦૦૦)એ વાંસદા તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના લઘુત્તમ અધ્યયન કક્ષા અભિગમ પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. પ્રાથમિક શાળાના શિક્ષકોના લઘુત્તમ અધ્યયન કક્ષા અભિગમ પ્રત્યેના વલણનો વિવિધ ચલોના સંદર્ભમાં અભ્યાસ કરવો એ આ અભ્યાસના મુખ્ય હેતુઓ હતા. નમુનામાં ૧૦૦ પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે સ્વરચિત વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસના મુખ્ય તારણોમાં અનુભવી શિક્ષકોના વલણો વધુ ઉંચા જોવા મળ્યા હતા. વધુ લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં પી.ટી.સી. થયેલ શિક્ષકોના વલણ વધુ ઉંચા જોવા મળ્યા હતાં.

પરમાર (૨૦૦૦)એ સૂક્ષ્મ અધ્યાપન કાર્યક્રમ પ્રત્યે શિક્ષક તાલીમી કોલેજના પ્રશિક્ષણાર્થીઓ અને અધ્યાપકોના વલણનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં પ્રશિક્ષણાર્થીઓના તથા અધ્યાપકોના સૂક્ષ્મ અધ્યાપન કાર્યક્રમ પ્રત્યનો વલણનો વિવિધ ચલોના સંદર્ભે અભ્યાસ કરવો એ હતાં. નમુનામાં ૨૦૦ પ્રશિક્ષણાર્થીઓ તથા ૫૦ અધ્યાપકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે સ્વરચિત વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સૂક્ષ્મ અધ્યાપન કાર્યક્રમ પ્રત્યે પુરુષોના વલણો વધુ ઉંચા જોવા મળ્યા હતા. ગ્રામ્ય વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓના વલણ વધુ ઉંચા જોવા મળ્યા હતા.

## ૨.૮.૦ મૂલ્યો અંગે પ્રાપ્ત થયેલા સંશોધનોની સમીક્ષા

વર્મા આર.પી. (૧૯૭૨)એ માધ્યમિક શાળાના શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા હતા. કુલશ્રેષ્ઠા એસ.પી. (૧૯૭૪)એ શાળાના શિક્ષકો લીધા હતા. પટેલ સી.કે. (૧૯૭૮)એ નમૂનામાં માધ્યમિક શાળાના શિક્ષકો લીધા હતા. ભૂષણ એ (૧૯૭૯)એ વિદ્યાર્થીઓ અને શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા હતા, શર્મા એસ.પી. (૧૯૮૧)એ કોલેજ, માધ્યમિક અને પ્રાથમિક શાળાના શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા હતા. કુમારી પી. (૧૯૮૧)એ માધ્યમિક શાળાના શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા હતા, રાજ જી.એસ. (૧૯૮૧)એ શાળાના શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા હતા. નારાયણ ગોસ્વામી (૧૯૮૬)એ માધ્યમિક શાળાના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો નમૂનામાં લીધા હતા. પલ્લવી વી. પટેલ (૧૯૯૧)એ માધ્યમિક શાળાની શિક્ષિકાઓને નમૂનામાં લીધેલ હતી. ઘનશ્યામ ગોહિલ (૧૯૯૫)એ પ્રાથમિક અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓને નમૂનામાં લીધા હતા. મધુરિકા રાચ્છ (૧૯૯૫)એ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને કોલેજની સ્ત્રી શિક્ષકોને નમૂનામાં લીધા હતા. ચંદ્રમૌલી જોષી (૧૯૯૯)એ પ્રાથમિક શાળાના શિક્ષકો નમૂનામાં લીધા હતા.

વર્મા આર.પી. (૧૯૭૨)એ ૮૦૦ પાત્રો નમૂનામાં લીધા હતા. કુલશ્રેષ્ઠા એસ.પી. (૧૯૭૪)એ ૭૦૦ પાત્રો નમૂનામાં લીધા હતા. પટેલ સી.કે. (૧૯૭૮૯)એ ૩૦૦ પાત્રો નમૂનામાં પસંદ કર્યા હતા. ભૂષણ એ (૧૯૭૯)એ ૨૦૦ પાત્રો નમૂનામાં લીધા હતા. શર્મા એસ.પી. (૧૯૮૧)એ ૭૦૨ પાત્રો પસંદ કર્યા હતા. રાજ જી.એસ. (૧૯૮૧)એ ૨૧ શાળાના શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા હતા. નારાયણ ગોસ્વામી (૧૯૮૬)એ ધો. ૧૦ ના ૧૨૦૦ વિદ્યાર્થીઓ અને તેના શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. પલ્લવી વી. પટેલ (૧૯૯૧)એ ૪૦૦ શિક્ષિકા બહેનોને નમૂનામાં પસંદ કર્યા હતાં. ઘનશ્યામ ગોહિલ (૧૯૯૫)એ ૪૧૯ પાત્રોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. મધૂરિકા રાચ્છ (૧૯૯૫)એ ૫૮૪ પાત્રો નમૂનામાં લીધા હતા. જયારે ચંદ્રમૌલી જોષી (૧૯૯૯)એ ૫૨૫ શિક્ષકોને નમૂનામાં પસંદ કર્યા હતાં.

વર્મા આર.પી. (૧૯૭૨)એ મૂલ્ય માપન માટે પર્સનલ વેલ્યુઝ કવેશ્વનરીનો ઉપયોગ કર્યો હતો. કુલશ્રેષ્ઠા એસ.પી. (૧૯૭૪)એ એસ.ટી.વી. મૂલ્ય માપદંડનો ઉપયોગ કર્યો હતો. પટેલ સી.કે. (૧૯૭૯)એ મૂલ્યોની સંશોધનિકાનો ઉપયોગ કર્યો હતો. ભૂષણએ (૧૯૭૯)એ મૂલ્ય પ્રથાની પસંદગીનો ઉપયોગ કર્યો હતો. શર્મા એસ.પી. (૧૯૮૧)એ ભટનાગરની ઓલપોર્ટ વર્તન મૂલ્ય માપનનો ઉપયોગ કર્યો હતો. રાજ જી.એસ. (૧૯૮૧)એ ઓલપોર્ટ વર્તન લીન્ડ્રેગનો ઉપયોગ કર્યો હતો. નારાયણ ગોસ્વામી (૧૯૮૬)એ ઓલપોર્ટ વર્તન મૂલ્યાંકનનો ઉપયોગ કર્યો હતો. પલ્લવી પટેલ (૧૯૯૧)એ Standard W. Raitanના પુસ્તકમાં આપેલ પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. ઘનશ્યામ ગોહિલ (૧૯૯૫)એ જી.જી. નકુમ રચિત "તમને શું લાગે છે ?" મૂલ્ય કસોટીનો ઉપયોગ કર્યો હતો. મધુરિકા રાચ્છે (૧૯૯૫)એ જી.જી. નકુમ રચિત મૂલ્ય કસોટીનો ઉપયોગ કર્યો હતો જયારે ચંદ્રમૌલી જોષી (૧૯૯૯)એ જી.જી. નકુમ રચિત "તમને શું લાગે છે ?" મૂલ્ય માપન કસોટીનો ઉપયોગ કર્યો હતો.

## ૨.૯.૦ સિદ્ધિપ્રેરણા અંગે પ્રાપ્ત થયેલા સંશોધનોની સમીક્ષા

લાખીયા (૧૯૭૧)એ બૌદ્ધિક, શૈક્ષણિક, સામાજિક–આર્થિક પરિસ્થિતિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

કે.સંગીધન રાવ (૧૯૭૫)એ સિદ્ધિપ્રેરણા અને શાળાકીય કામગીરી જાણવાનો અભ્યાસ કર્યો હતો.

પટેલ એચ.ડી. (૧૯૭૭)એ સિદ્ધિપ્રેરણા, ચિંતાતુરતા, યુનિવર્સિટીની પરીક્ષામાં દેખાવ અને સામાજિક આર્થિક દરજ્જાનો અભ્યાસ કર્યો હતો.

કિરપાલસિંગ નરૂલ્લા (૧૯૭૮)એ સિદ્ધિપ્રેરણા વ્યક્તિગત પસંદગી તેના ખ્યાલો, તેની ચિંતાતુરતાઓ અને જોખમ લેવાની વૃતિ અને સંબંધી બાબતો જેવી કે બુદ્ધિમતા, સામાજિક, આર્થિક મોભો કામગીરીનો અભ્યાસ કર્યો હતો.

જયારે ચંદ્રમૌલી જોષી (૧૯૯૯)એ પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો.

લાખીયા (૧૯૭૧)એ નમૂનામાં પાત્રોની સંખ્યા ૧૦૦ લીધી હતી. કે. સંગીથારાવ (૧૯૭૫)એ ૪૧૦ પાત્રો નમૂનામાં પસંદ કર્યા હતા. પટેલ એન.ડી. (૧૯૭૭)એ ૮૭૬ પાત્રો નમૂનામાં લીધા હતા. કિરપાલસીંગ નરૂલ્લા (૧૯૭૦)એ ૬૦૮ પાત્રોને નમૂનામાં લીધા હતા. જયારે ચંદ્રમૌલી જોષી (૧૯૯૯)એ ૫૨૫ પાત્રો નમૂનામાં લીધા હતા.

લાખીયા (૧૯૭૧)એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ડો. સી.સી. પાઠકનો વ્યક્તિ માપન ટેસ્ટ અને શ્રી એચ.એસ.ડેવિડની ટી.એ.ટી. વાર્તાઓનો ઉપયોગ કર્યો હતો. કે.સંગીથારાવ (૧૯૭૫)એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ટી.એ.ટી. નો ઉપયોગ કર્યો હતો. પટેલ (૧૯૭૭)એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ધ મેરીટ એપીરેન્સીપશોર્ટનો ઉપયોગ કર્યો હતો. કિરપાલસીંગ નરૂલ્લા (૧૯૭૮)એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ટી.એ.ટી. ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો. જયારે ચંદ્રમૌલી જોષી (૧૯૯૯)એ કે.પી. મેવા દ્વારા અનુવાદિત "સિદ્ધિપ્રેરણા માપદંડ" નો ઉપયોગ કર્યો હતો.

## ૨.૧૦.૦ વલણ અંગે પ્રાપ્ત થયેલા સંશોધનોની સમીક્ષા

વલણ અંગે પ્રાપ્ત થયેલા અભ્યાસ પૈકી બે અભ્યાસો એમ.એચ.હુઝ (૧૯૬૭) અને ભંડારકર (૧૯૮૦)એ કોલેજના શિક્ષકોનો વ્યવસાય વલણ સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

બે અભ્યાસો તુલસી પટેલ (૧૯૮૨), કે.પી.સોલંકી (૧૯૮૩) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યવસાય વલણોના સંદર્ભમાં થયા હતા.

દસ અભ્યાસ માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યવસાય વલણ સંદર્ભમાં થયા હતા. જેમાં યશોમતિબેન પટેલ (૧૯૬૫), જોસેફ (૧૯૬૮), એન.સી.ઇ.આર.ટી. (૧૯૭૧), ડાહ્યાભાઇ રાવલ (૧૯૭૧)એન.આર.લાખિયા (૧૯૭૧) જે.કે.સુદ (૧૯૭૪) પ્રફુલ્લ ઉન્યા (૧૯૭૬), પી.આર.નૈયર (૧૯૭૭), પ્રમોદકુમાર (૧૯૭૮), શ્રીવાસ્તવ (૧૯૮૦) નો સમાવેશ થયો હતો.

બાર અભ્યાસ પ્રાથમિક શાળાના શિક્ષકોના વલણ સંદર્ભમાં થયા હતાં. જેમાં ઓ. એલ. ડેવીડ (૧૯૬૮), સુશીલાબેન પટેલ (૧૯૮૦), વોકર (૧૯૮૧), વોટસન (૧૯૮૧), ગોન્સાલીઝ (૧૯૮૩), કરવેકર (૧૯૮૫), જોષી (૧૯૯૫), દવે (૧૯૯૫), ભટ્ટ (૧૯૯૬), મોદી (૨૦૦૦) તથા ભોપા (૨૦૦૦)નો સમાવેશ થયો હતો.

ચાર અભ્યાસ તાલીમાર્થી શિક્ષકોના વલણના સંદર્ભમાં થયા હતાં. જેમાં અંધારીયા (૧૯૭૧), રઘુરામ સિંગ (૧૯૮૧), પટેલ (૨૦૦૦) તથા પરમાર (૨૦૦૦)નો સમાવેશ થયો હતો.

નાગદા (૧૯૭૪)એ વસ્તીની સમસ્યાના સંદર્ભમાં શિક્ષકોના વલણોનો અભ્યાસ કર્યો હતો. જયારે કે. એસ. રૈડી (૧૯૮૫)એ વિદ્યાર્થીઓ, માતા–પિતા અને શિક્ષકોના શૈક્ષણિક વલણનો અભ્યાસ કર્યો હતો.

યશોમતિબેન પટેલ (૧૯૬૫)એ નમૂનામાં ૧૦૦ પાત્રો લીધા હતા. એચ. એચ. હુઝ (૧૯૬૭)એ ૩૦૦ પાત્રો લીધા હતા. ડેવીડ (૧૯૬૮)એ ૧૩૨ શિક્ષકો પસંદ કર્યા હતાં. શાંતિલાલ અંધારિયા (૧૯૭૧)એ ૪૭૪ શિક્ષકો નમૂનામાં લીધા હતા. એન. સી. ઈ. આર. ટી. (૧૯૭૧)એ ૬૫૫૮ શિક્ષકો નમૂનામા પસંદ કર્યા હતા. ડાહ્યાભાઈ રાવલ (૧૯૭૧)એ ૭૦૦ પાત્રોને નમૂનામાં સમાવ્યા હતા. લાખીયા (૧૯૭૧)એ ૧૦૦ પાત્રો લીધા હતા. સુદ (૧૯૭૪) ૧૦૦૦ પાત્રો નમૂનામાં લીધા હતા.

નૈયર (૧૯૭૭)એ ૪૦૦ પાત્રો નમૂનામાં લીધા હતા. પ્રમોદકુમાર (૧૯૭૮)એ ૮૫ પાત્રો લીધા હતા. શ્રીવાસ્તવ (૧૯૮૦)એ ૩૦૦ પાત્રોને નમૂનામાં લીધા હતા. ભંડારકર (૧૯૮૦)એ ૪૦૦ પાત્રોને નમૂનામાં સમાવ્યા હતાં. સુશીલાબેન પટેલ (૧૯૮૦)એ ૫૭૫ પાત્રો લીધા હતા. વોકર (૧૯૮૧) ૪૬ પાત્રો નમૂનામાં લીધા હતા. વોટસન (૧૯૮૧)એ ૯૧ પાત્રો નમૂનામાં લીધા હતા. રઘુરામ સિંગ (૧૯૮૧)એ ૭૮ પાત્રો લીધા હતાં. ગોન્સાલિઝ (૧૯૮૩)એ ૮૩ પાત્રો નમૂનામાં લીધા હતાં. સોલંકી

(૧૯૮૩)એ ૨૦૦ પાત્રો નમૂનામાં લીધા હતાં. રેડી (૧૯૮૫)એ ૭૫૦ પાત્રો નમૂનામાં લીધા હતાં. કે. સી. જોષી (૧૯૯૫)એ ૨૫૦ પાત્રો પસંદ કર્યા હતાં. જગદીશ દવે (૧૯૯૫)એ ૨૧૦ પાત્રો નમૂનામાં લીધા હતાં. ભટ્ટ (૧૯૯૬)એ ૪૧૬ પાત્રો નમૂનામાં લીધા હતા. ચંદ્રમૌલી જોષી (૧૯૯૯)એ ૫૨૫ પાત્રો નમૂનામાં પસંદ કર્યા હતા. મોદી (૨૦૦૦)એ ૧૨૦ પાત્રો નમૂનામાં લીધા હતા. પટેલ (૨૦૦૦)એ ૪૦૯ પાત્રો નમૂનામાં પસંદ કર્યા હતા. ભોપા (૨૦૦૦)એ ૧૦૦ પાત્રો નમૂનામાં લીધા હતાં. જયારે પરમાર (૨૦૦૦)એ ૨૫૦ પાત્રો નમૂનામાં પસંદ કર્યા હતાં.

## ૨.૧૧.૦ પ્રસ્તુત અભ્યાસની વિશિષ્ટતા

પૂરોગામી અભ્યાસમાં શિક્ષકોના મૂલ્યોના સંદર્ભમાં પ્રાથમક, માઘ્યમિક, ઉચ્ચતર માઘ્યમિક અને કોલેજના શિક્ષકો પર સંશોધન થયા હતાં. આ અભ્યાસોમાં શિક્ષકોના વિવિધ મૂલ્યો પર અસરકર્તા પરિબળોનો અભ્યાસ હાથ ધરાયો હતો. જેમાં વિવિધ મૂલ્યો પૈકી ચાર પ્રકારના મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કુલ ત્રણ સંશોધનોમાં દસ મૂલ્યો જણાયા હતાં. જેમાં એક પ્રાથમિક અઘ્યાપન મંદીરના તાલીમાર્થીઓ પર તથા એક સંશોધન પ્રાથમિક શાળાના શિક્ષકો પર તથા એકમાં શિક્ષિકા બહેનો પર અભ્યાસ કરવામાં આવેલ હતો. માઘ્યમિક શાળાના શિક્ષકોના દસ મૂલ્યોને ઘ્યાનમાં રાખીને પીએચ.ડી. કક્ષાએ એક પણ સંશોધન મળેલ નથી.

પૂરોગામી અભ્યાસોમાં શિક્ષકોની સિદ્ધિપ્રેરણા અંગે જૂજ અભ્યાસો થયા હતાં. આ અભ્યાસોમાં સિદ્ધિપ્રેરણાના માપન માટે ટી. એ. ટી. કે અન્ય ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એક અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના માપન માટે "સિદ્ધિપ્રેરણા માપદંડ"નો ઉપયોગ થયો હતો. પ્રસ્તુત સંશોધનમાં માઘ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના માપન માટે કે. પી. મેવા દ્વારા અનુવાદિત "સિદ્ધિપ્રેરણા માપદંડ"નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પૂરોગામી અભ્યાસમાં શિક્ષકોના મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને વલણના સંદર્ભે જુદા–જુદા સ્વતંત્ર ચલો જેવા કે વિસ્તાર, શારીરિક ખામી, સામાજિક–આર્થિક દરજ્જો, અનુભવ, જાતીયતા, ઉંમર, વૈવાહિક દરજ્જો વગેરે જેવા સ્વતંત્ર ચલો હતાં.

પ્રસ્તુત સંશોધનમાં માઘ્યમિક શાળાના શિક્ષકોના મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને શીખવવા પ્રત્યેના વલણ પર અસરકર્તા આઠ સ્વતંત્ર ચલોનો સમાવેશ કરવામાં આવ્યો

હતો. જે આ મુજબ હતાં – (૧) જાતીયતા, (૨) શૈક્ષણિક લાયકાત, (૩) શૈક્ષણિક અનુભવ, (૪) વૈવાહિક દરજ્જો, (૫) કુટુંબનો પ્રકાર, (૬) ઉંમર, (૭) શાળાનો વિસ્તાર અને (૮) શાળા સંચાલનનો પ્રકાર.

પૂરોગામી અભ્યાસમાં મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને વલણ સંબંધિત થયેલા અભ્યાસ પૈકી નમૂનામાં પાત્રોની સંખ્યા ૫૦૦થી ઓછી હોય તેવા ૩૩ અભ્યાસો પ્રાપ્ત થયા હતા જ્યારે ૫૦૦થી વધારે નમૂનો ધરાવતા હોય તેવા ૧૬ સંશોધનો પ્રાપ્ત થયા હતાં.

પ્રસ્તુત સંશોધનમાં નમૂનાના પાત્રોની સંખ્યા ૬૪૬ હતી.

પૂરોગામી અભ્યાસો પરથી જાણવા મળે છે કે મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને શીખવવા પ્રત્યેના વલણ આ ત્રણ પરતંત્ર ચલને ધ્યાનમાં રાખીને માધ્યમિક શાળાના શિક્ષકો પર કોઈ પીએચ.ડી. કક્ષાએ સંશોધન હાથ ધરાયું નથી. પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળાના શિક્ષકોના મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ હાથ ધરાયો હતો.

***

# પ્રકરણ - ૩
# સંશોધન યોજના

**૩.૧.૦ પ્રસ્તાવના**

**૩.૨.૦ વ્યાપવિશ્વ**

**૩.૩.૦ નમૂના પસંદગી**

**૩.૪.૦ સંશોધન પદ્ધતિ**

**૩.૫.૦ ઉપકરણોની પસંદગી**

૩.૫.૧ મૂલ્ય માપદંડ

૩.૫.૨ સિદ્ધિપ્રેરણા કસોટી

**૩.૬.૦ વલણ માપદંડની રચના**

૩.૬.૧ ઉપકરણના પ્રાથમિક સ્વરૂપની રચના

૩.૬.૨ પ્રાથમિક સ્વરૂપની અજમાયશ

૩.૬.૩ વલણ માપદંડના અંતિમ સ્વરૂપની રચના

૩.૬.૪ વલણ માપદંડની વિશ્વસનિયતા

૩.૬.૫ વલણ માપદંડની પ્રમાણભૂતતા

**૩.૭.૦ માહિતીનું એકત્રિકરણ**

**૩.૮.૦ ગુણાંકન યોજના**

**૩.૯.૦ માહિતીના પૃથક્કરણની આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ**

૩.૯.૧ "ટી" કસોટી

૩.૯.૨ "એફ" કસોટી

૩.૯.૩ પિયર્સનનો સહ સંબંધાંક

# પ્રકરણ - ૩
# સંશોધન યોજના

## ૩.૧.૦ પ્રસ્તાવના

શિક્ષક વિદ્યાર્થીઓમાં મૂલ્યનું સિંચન કરે છે, જતન કરે છે, અને સંવર્ધન કરે છે. જો શિક્ષણ આપનાર વ્યક્તિમાંજ મૂલ્યોનો અભાવ હોય તો તે વિદ્યાર્થીઓમાં સિંચન કે જતન કેવી રીતે કરી શકે ? આ માટે શિક્ષકોનાં વિવિધ મૂલ્યોની સ્થિતિ જાણવાનો અત્રે પ્રયાસ કરેલ હતો.

શિક્ષક અને વિદ્યાર્થીઓ શિક્ષણનાં બે ખૂબ જ મહત્ત્વના પાસા છે. આજની શિક્ષણ પ્રણાલી વિદ્યાર્થીકેન્દ્રી છે. પરંતુ શિક્ષણમાં શિક્ષકનો ફાળો ખૂબ જ અગત્યનો છે. શાળામાં અમુક બાબત ઉત્તમ કેવી રીતે થઈ શકે, વધુ સારી રીતે કઈ રીતે થઈ શકે, વધુ ઝડપથી શી રીતે થઈ શકે તેમાં વિશિષ્ટ કે નવું કેમ કરી શકાય એવા વિચારો સાથે સંકળાયેલા હોય તે વ્યક્તિના ઉચ્ચ ધ્યેય સાથે સંકળાયેલું આંતરિક તત્ત્વ સિદ્ધિપ્રેરણા છે. શિક્ષકના આવા ગુણ વિકસેલા હોય તે જરૂરી છે.

બાળકના શિક્ષણ ઉપર અસર કરતા પરિબળોમાંનુ એક અગત્યનું પરિબળ શિક્ષકોનું શીખવવા પ્રત્યેનું વલણ છે. વ્યક્તિનું રોજબરોજનું કાર્ય કેવળ તર્ક આધારિત નહીં પણ વલણ પ્રેરિત પણ હોય છે. વ્યક્તિનું વલણ તેના વર્તન તેમજ તત્કાલિન અનુભવોમાં પ્રતિબિંબિત થતુ હોય છે, વળી માનવીના વિચારો, ચિંતન, વલણો, વર્તનો અને સંબધો ઉપર તેના વલણોનો પ્રત્યક્ષ યા પરોક્ષરૂપે દૃઢપણે પ્રભાવ પડે છે, તેવી જ શિક્ષણ ક્ષેત્રે કામ કરનારના વલણ ઉપરના સંશોધનો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણો જાણવા પ્રયત્ન કર્યા હતો.

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસ માટેનું વ્યાપવિશ્વ, નમૂનો, વલણ માપદંડની રચના તથા પ્રમાણીકરણની પ્રવિધિ, માહિતી એકત્રિકરણની પ્રવિધિ તથા માહિતીના વિશ્લેષણની રીત રજૂ કરવામાં આવી છે.

## ૩.૨.૦ વ્યાપ વિશ્વ

પ્રયોગ માટેનો નમૂનો જે સમૂહમાંથી પસંદ કરવામાં આવે તે મૂળભૂત પાત્રોના સમૂહને વ્યાપ વિશ્વ કહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓ તથા કચ્છમાં આવેલ માધ્યમિક શાળામાં નોકરી કરતાં શિક્ષકોનો વ્યાપ વિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ દરેક જિલ્લાઓમાં આવેલી માધ્યમિક શાળાઓની માહિતી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પાસેથી મેળવવામાં આવી. તેમજ ગુજરાત રાજ્ય દ્વારા વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માં પ્રકાશિત આંકડાકીય માહિતીમાંથી આ માહિતી મેળવવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર તથા કચ્છના જુદા જુદા જિલ્લામાં વર્ષ ૨૦૦૩–૨૦૦૪માં આવેલી માધ્યમિક શાળાઓની સંખ્યા સારણી ૩.૧ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી – ૩.૧**

**વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ માધ્યમિક શાળાઓની સંખ્યા**

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *ખાનગી અનુદાન લેતી શાળાઓ* | *સ્વનિર્ભર શાળાઓ* | *સરકારી શાળાઓ* | *કુલ* |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૪૦ | ૩૯ | ૦૧ | ૧૮૦ |
| ૨ | ભાવનગર | ૧૬૦ | ૪૦ | ૧૨ | ૨૧૨ |
| ૩ | જામનગર | ૧૫૭ | ૮૫ | ૨૦ | ૨૬૨ |
| ૪ | જુનાગઢ | ૩૫૦ | ૮૪ | ૧૨ | ૪૪૬ |
| ૫ | કચ્છ | ૯૨ | ૯૧ | ૩૯ | ૨૨૨ |
| ૬ | પોરબંદર | ૪૧ | ૧૭ | ૦૩ | ૬૧ |
| ૭ | રાજકોટ | ૩૫૩ | ૧૯૨ | ૧૧ | ૫૫૬ |
| ૮ | સુરેન્દ્રનગર | ૧૦૫ | ૩૨ | ૦૭ | ૧૪૪ |
| | કુલ | ૧૩૯૮ | ૫૮૦ | ૧૦૫ | ૨૦૮૩ |

સારણી ૩.૧માં દર્શાવ્યા અનુસાર રાજકોટ જિલ્લામાં શાળાઓની સંખ્યા સૌથી વધારે ૫૫૬ હતી. જયારે પોરબંદર જિલ્લામાં સૌથી ઓછી શાળાઓ ૬૧ હતી અને વ્યાપવિશ્વમાં કુલ ૨૦૮૩ માધ્યમિક શાળાઓ વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માં સમાવિષ્ટ કરવામાં આવી હતી.

## ૩.૩.૦ નમૂના પસંદગી

નમૂનો એટલે વ્યાપવિશ્વમાંથી પસંદ કરેલ પાત્રોનું જૂથ કે જે સમગ્ર વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ કરતું હોય.

યોગ્ય પ્રતિનિધિત્વ ધરાવતો નમૂનો પસંદ કરવા માટે વ્યાપવિશ્વની સંપૂર્ણ માહિતી મેળવવામાં આવી. વ્યાપવિશ્વમાં ખાનગી અનુદાન લેતી માધ્યમિક શાળાઓની સંખ્યા વધારે હતી. જયારે સરકારી માધ્યમિક શાળાઓ તથા સ્વનિર્ભર માધ્યમિક શાળાઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હતી. નમૂનામાં વ્યાપવિશ્વનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ રહે તે માટે ત્રણેય પ્રકારની શાળાઓને નમૂનામાં રાખવામાં આવેલી હતી. સારણી ૩.૧ માં દર્શાવ્યા પ્રમાણે વ્યાપવિશ્વની કુલ ૨૦૮૩ શાળાઓમાંથી ૫% શાળાઓને એટલે કે ૧૦૯ શાળાઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ માટે સ્તરીકૃત ઝૂમખા પદ્ધતિથી વ્યાપ વિશ્વમાંથી નમૂનાની  શાળાઓ પસંદ કરવામાં આવી હતી. જેની વિગત સારણી ૩.૨ માં દર્શાવેલ છે.

**સારણી – ૩.૨**

**નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાઓની સંખ્યા**

| ક્રમ | જિલ્લાનું નામ | માધ્યમિક શાળાઓની સંખ્યા કુલ | ખાનગી અનુદાન લેતી શાળાઓ | સ્વનિર્ભર શાળાઓ | સરકારી શાળાઓ | કુલ નમૂનાની માધ્યમિક શાળાઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૮૦ | ૦૭ | ૦૨ | ૦૧ | ૧૦ |
| ૨ | ભાવનગર | ૨૧૨ | ૦૮ | ૦૨ | ૦૧ | ૧૧ |
| ૩ | જામનગર | ૨૬૨ | ૦૮ | ૦૪ | ૦૧ | ૧૩ |
| ૪ | જુનાગઢ | ૪૪૬ | ૧૭ | ૦૪ | ૦૧ | ૨૨ |
| ૫ | કચ્છ | ૨૨૨ | ૦૫ | ૦૫ | ૦૨ | ૧૨ |
| ૬ | પોરબંદર | ૬૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૪ |
| ૭ | રાજકોટ | ૫૫૬ | ૧૮ | ૧૦ | ૦૧ | ૨૯ |
| ૮ | સુરેન્દ્રનગર | ૧૪૪ | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૮ |
| | કુલ | ૨૦૮૩ | ૭૦ | ૩૦ | ૦૯ | ૧૦૯ |

આ રીતે નમૂનામાં કુલ ૧૦૯ માધ્યમિક શાળાઓના શિક્ષકોનો સમાવેશ થતો હતો. જેમાં ખાનગી અનુદાન લેતી માધ્યમિક શાળાઓની સંખ્યા ૭૦ હતી. સરકારી શાળાઓની સંખ્યા ૦૯ તથા સ્વનિર્ભર માધ્યમિક શાળાઓની સંખ્યા ૩૦ હતી. પ્રત્યેક જિલ્લામાંથી માધ્યમિક શાળાઓને યદચ્છ નમૂના પદ્ધતિથી નમૂના માટે પસંદ કરવામાં આવી હતી. નમૂનામાં પસંદગી પામેલ શાળાના શિક્ષકોને નમૂનાના પાત્રો તરીકે સ્વીકારવામાં આવ્યા હતાં. આ રીતે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોની સંખ્યા તમામ જિલ્લાઓ પ્રમાણે સારણી ૩.૩ માં દર્શાવવામાં આવી છે.

## સારણી – ૩.૩

## નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોની શાળાઓના પ્રકારના આધારે સંખ્યા

| ક્રમ | જિલ્લાનું નામ | ખાનગી અનુદાન લેતી શાળાના શિક્ષકો | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | સરકારી શાળાના શિક્ષકો | કુલ શિક્ષકો |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૩૬ | ૦૯ | ૦૯ | ૫૪ |
| ૨ | ભાવનગર | ૪૧ | ૨૨ | ૨૪ | ૮૭ |
| ૩ | જામનગર | ૬૯ | ૧૬ | ૧૦ | ૯૫ |
| ૪ | જુનાગઢ | ૪૯ | ૧૩ | ૨૪ | ૮૬ |
| ૫ | કચ્છ | ૨૮ | ૩૦ | ૩૨ | ૯૦ |
| ૬ | પોરબંદર | ૩૬ | ૦૭ | ૦૭ | ૫૦ |
| ૭ | રાજકોટ | ૫૭ | ૩૫ | ૧૬ | ૧૦૮ |
| ૮ | સુરેન્દ્રનગર | ૫૩ | ૧૪ | ૦૯ | ૭૬ |
| | કુલ | ૩૬૯ | ૧૪૬ | ૧૩૧ | ૬૪૬ |

સારણી ૩.૩ માં દર્શાવ્યા પ્રમાણે જિલ્લા અનુસાર તથા શાળાના સંચાલનના પ્રકારને આધારે નમૂનામાં ૬૪૬ શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. જે પૈકી સૌથી વધુ શિક્ષકો ૧૦૮ રાજકોટ જિલ્લાના પસંદ કર્યા હતાં. અને સૌથી ઓછા શિક્ષકો ૫૦ પોરબંદર જિલ્લામાંથી પસંદ કર્યા હતા. ખાનગી અનુદાન લેતી માઘ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા ૩૬૯ હતી.જયારે સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા ૧૩૧ તથા સ્વનિર્ભર શાળાના શિક્ષકોની સંખ્યા ૧૪૬ હતી. નમૂનામાં સમાવિષ્ટ કુલ ૬૪૬ શિક્ષકો પૈકી ૪૨૭ પુરુષ શિક્ષકો હતા જયારે ૨૧૯ સ્ત્રી શિક્ષકો હતા. વ્યાપવિશ્વમાંથી નમૂનો પસંદ કરતી વખતે શાળાની ભૌગોલિક સ્થિતિને ઘ્યાનમાં રાખવામાં આવી હતી. નમૂનામાં સમાયેલ શહેરી, અર્ધ શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં શિક્ષકોની માહિતી સારણી ૩.૪માં દર્શાવેલ છે.

**સારણી – ૩.૪**

**શાળાની ભૌગોલિક સ્થિતિને આધારે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોની સંખ્યા**

| *ક્રમ* | *શાળાની ભૌગોલિક સ્થિતિ* | *શિક્ષકોની સંખ્યા* |
|---|---|---|
| ૧ | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ |
| ૨ | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ |
| ૩ | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ |
| | કુલ | ૬૪૬ |

સારણી ૩.૪ માં દર્શાવ્યા પ્રમાણે શાળાની ભૌગોલિક સ્થિતિને આધારે નમૂનામાં ૬૪૬ શિક્ષકો પૈકી સૌથી વધુ ૨૭૧ શિક્ષકો ગ્રામ્ય વિસ્તારની શાળાની પસંદ કર્યા હતાં અને સૌથી ઓછા શિક્ષકો ૧૪૭ અર્ધશહેરી વિસ્તારની શાળાના પસંદ કર્યા હતાં.

## ૩.૪.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના હેતુઓની પૂર્તિ અર્થે નમૂનાના પાત્રોની પાસેથી ચલો અંગેની માહિતી પ્રાપ્ત કરવાની હતી. નમૂનામાં સમાવિષ્ટ ૬૪૬ પાત્રોની જાતીયતા, શૈક્ષણિક, લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળાના સંચાલનના પ્રકારના સંદર્ભે માહિતી એકત્ર કરવાની હતી. આ માટે વિવિધ ઉપકરણો દ્વારા માહિતી એકત્ર કરવાની હતી. આ માટે વિવિધ ઉપકરણો દ્વારા માહિતી પ્રાપ્ત કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ❀ *સર્વેક્ષણ પદ્ધતિ*

શૈક્ષણિક, સરકારી, ઔદ્યોગિક અને રાજકીય ક્ષેત્રોમાં પડેલ વ્યક્તિઓ પોતાની સમસ્યાના ઉકેલ માટે સર્વેક્ષણ હાથ ધરે છે. અહિં વર્તમાન પરિસ્થિતિની ઊંડી માહિતી મેળવી તેનું પૃથક્કરણ કરી વર્તમાન સ્થિતિ કેટલા અંશે યોગ્ય છે તેની ચકાસણી કરવામાં આવે છે. ભવિષ્યના આયોજનની દૃષ્ટિએ પણ વર્તમાન સ્થિતિનું સર્વેક્ષણ કરવામાં આવે છે. કેટલીકવાર આદર્શ સ્થિતિ અથવા પ્રમાણભૂત સ્થિતિની તુલનામાં વર્તમાન સ્થિતિ કેવી છે તે પણ તપાસવામાં આવે છે.

સર્વેક્ષણો વિશાળ પણ હોઈ શકે અને સીમિત પણ હોઈ શકે. કેટલીક વાર સમગ્ર વ્યાપવિશ્વનું સર્વેક્ષણ કરવામાં આવે છે તો કેટલીકવાર તે માટે નિર્ધારિત નમૂનો પસંદ કરવામાં આવે છે. સર્વેક્ષણમાં અનેક ચલો સમાવી શકાય અથવા અમુક પસંદગીના ચલો અંગે તપાસ થાય. સર્વેક્ષણની માત્રા અને વ્યાપનો આધાર સમસ્યાના પ્રકાર પર રહે છે.

શૈક્ષણિક સર્વેક્ષણોના જુદા જુદા પ્રકારો હોઈ શકે છે.

(૧) શાળાકીય સર્વેક્ષણો (૨) વ્યવસાય પૃથક્કરણ (૩) દસ્તાવેજી સર્વેક્ષણ (૪) જનમત સર્વેક્ષણ (૫) સમાજ સર્વેક્ષણ

### ❀ *શિક્ષણના ક્ષેત્રમાં કામ કરતી વ્યક્તિઓના લક્ષણો અંગેના સર્વેક્ષણો*

કેટલાક સર્વેક્ષણોમાં શિક્ષકો, નિરીક્ષકો કેળવણી મંડળના સભ્યો, આચાર્યો વગેરે અંગે તપાસ થાય છે. આમાં તેમની ઉંમર, જાતીયતા, શૈક્ષણિક લાયકાતો, સામાજિક–આર્થિક સ્થિતિ, આવક, સામાજિક સંબંધો વગેરેની માહિતી મેળવાય છે. અથવા તેમના રહેઠાણ, નોકરીની શરતો, નિવૃતિ સમયની જોગવાઈઓ અંગે વિચારણા વગેરે પર કાર્ય થાય છે. હમણાં શિક્ષકના વર્ગમાંના વ્યવહાર, શિક્ષક–વિદ્યાર્થી સંબંધો, શિક્ષક–વાલી સંબંધો, શિક્ષકગણના માનવીય સંબંધો અને તેની શિક્ષણ પર થતી અસર અંગે પણ ઘણાં સર્વેક્ષણો થાય છે. શિક્ષકોની શારીરિક ક્ષમતા, વિવિધ સમસ્યાઓ અંગેના તેમના વલણો, તેમનું સમાજમાં સ્થાન, વિદ્યાર્થીઓની દષ્ટિએ તેમનું મૂલ્યાંકન વગેરેની તપાસ થાય છે.

## ૩.૫.૦ ઉપકરણોની પસંદગી

નમૂનાના પાત્રો પાસેથી વિવિધ ચલોની માહિતી એકત્ર કરવા માટે ઉપકરણોનો ઉપયોગ કરવો પડે છે. સંશોધનની સફળતાનો મુખ્ય આધાર યોગ્ય રીતે પસંદ કરેલા ઉપકરણો ઉપર છે. એટલું જ નહીં પરંતુ પસંદ કરેલા ઉપકરણો બનાવવા માટે રાખવામાં આવેલી ચોકસાઈ અને ખંત ઉપર પણ છે.

ઘણીવાર એક જ સંશોધન માટે એકથી વધુ ઉપકરણો ઉપયોગમાં લેવામાં આવે છે. સંશોધનની પદ્ધતિ અને તેના હેતુઓ લક્ષમાં રાખીને સંશોધનકારે ઉપકરણોની પસંદગી કરવાની રહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણો, મૂલ્યો તથા સિદ્ધિપ્રેરણા અંગેની માહિતી મેળવવાની હતી. સિદ્ધિપ્રેરણા અંગેની માહિતી

મેળવવા મીનાક્ષી ભટનાગરની "વ્યક્તિત્વ પરખ સંશોધનિકા" માંથી સિદ્ધિપ્રેરણાના વિધાનોનું કે.પી. મેવા દ્વારા અનુવાદિત "સિદ્ધિપ્રેરણા માપદંડ" નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શિક્ષકોના વિવિધ મૂલ્યોના માપન માટે ગોવિંદ જી. નકુમ અનુવાદિત મૂલ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નમૂનામાં સમાયેલ શિક્ષકોના વલણના માપન માટે વલણ માપદંડની રચના કરવામાં આવી હતી.

### ૩.૫.૧ મૂલ્ય માપદંડ

જી.પી. શેરી અને આર.પી.વર્માએ તૈયાર કરેલ વ્યક્તિગત મૂલ્ય પ્રશ્નાવલિનું ગુજરાતી રૂપાંતર કરવામાં આવ્યું છે. આ પ્રશ્નાવલિ દ્વારા વ્યક્તિના દસ મૂલ્યોનું માપન થઈ શકે છે. આ દસ મૂલ્યો નીચે પ્રમાણે છે.

(૧) ધાર્મિક

(૨) સામાજિક

(૩) લોકશાહી

(૪) સૌંદર્યાત્મક

(૫) આર્થિક

(૬) જ્ઞાનાત્મક

(૭) સુખાત્મક

(૮) સત્તા

(૯) કૌટુંબિક

(૧૦) આરોગ્યાત્મક

આ દસ મૂલ્યોના માપન માટે પ્રશ્નાવલિમાં કુલ ૪૦ પ્રશ્નો આપેલા છે. દરેક પ્રશ્નની નીચે ઉત્તરરૂપે ત્રણ ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા છે. પ્રતિચાર આપનાર વ્યક્તિએ સૌથી વધારે પસંદ હોય તે વિકલ્પની સામેના કૌંસમાં √ નું અને સૌથી ઓછો પસંદ હોય તે વિકલ્પની સામેના કૌંસમાં X ની નિશાની કરવાની હોય છે. એક વિકલ્પને કોઈ પણ જાતના નિશાન વગર છોડી દેવાનો હોય છે.

મૂલ્યાંકન કરતી વખતે પ્રતિચાર આપનાર વ્યક્તિએ જેની સામે√ નું નિશાન કર્યુ હોય તે વિકલ્પને બે પ્રાપ્તાંક અને જેની સામે કાંઈ નિશાન ન કર્યુ હોય તે વિકલ્પને એક પ્રાપ્તાંક અને જેની સામે Xનું નિશાન કર્યુ હોય તેને શૂન્ય પ્રાપ્તાંક આપવાનો હોય છે.

પ્રત્યેક પૃષ્ઠ પર આઠ પ્રશ્નોના પ્રાપ્તાંકો લખી શકાય તેવી મૂલ્યવાર સારણી આપવામાં આવેલ છે. સમગ્ર પ્રશ્નાવલિ તપાસ્યા બાદ પ્રત્યેક પૃષ્ઠના પ્રાપ્તાંકો અંતે આપેલી સારણીમાં લખવામાં આવે છે. જેથી પ્રત્યેક મૂલ્યમાં પ્રતિચાર આપનાર વ્યક્તિએ કેટલા પ્રાપ્તાંક મેળવ્યા તે જાણી શકાય છે. આ પ્રશ્નાવલિ સમૂહમાં આપી શકાય તેવી છે. તેને કોઈ સમય મર્યાદા નથી. માધ્યમિક શાળાઓ તથા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે પુખ્તવયની કોઈપણ વ્યક્તિના વ્યક્તિગત મૂલ્યોના માપન માટે વાપરી શકાય તેવી છે. પ્રતિચારો પ્રશ્નાવલિમાં જ આપવાના હોય છે.

આ પ્રશ્નાવલિ ૨૩૯૯ પાત્રો પર પ્રમાણિત કરવામાં આવી હતી. જેમાં માધ્યમિક શાળાના શિક્ષકો તથા ધો. ૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. આ પ્રશ્નાવલિની કસોટી પુનઃકસોટીની વિશ્વસનીયતા ત્રણ અને અગિયાર માસના સમયાંતરાલ અનુક્રમે ૦.૬૬ અને ૦.૫૬ જોવા મળી હતી. આ પ્રશ્નાવલિની પ્રમાણભૂતતા ૦.૬૪ હતી.

ગુજરાતી રૂપાંતરની કસોટી પુનઃકસોટી વિશ્વસનીયતા ૫૦ પાત્રો ઉપર એક માસના અંતે ૦.૬૦ થી ૦.૭૮ મળી આવી હતી. સમગ્ર કસોટીનો વિશ્વસનીયતા આંક ૦.૭૦ પ્રાપ્ત થયો હતો. કસોટીનો પ્રમાણભૂતતા આંક ૦.૬૪ જોવા મળ્યો હતો.

### *૩.૫.૨ સિદ્ધિપ્રેરણા માપદંડ*

પ્રસ્તુત અભ્યાસમાં નમૂનાના પાત્રોની સિદ્ધિપ્રેરણા માપવા માટે મીનાક્ષી ભટનાગર રચિત "સિદ્ધિપ્રેરણા કસોટી" ના વિધાનોનું કે.પી. મેવા એ કરેલ ગુજરાતી કરણ (સિદ્ધિપ્રેરણા માપદંડ) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ માપદંડમાં સિદ્ધિપ્રેરણાના વિવિધ પાસાઓ અંગે કુલ અઢાર પાસાઓની જોડ હતી. "અ" અને "બ" ના ક્રમમાં બબ્બે વિધાનોનો વિકલ્પ આપેલ. જેમાંથી કોઈ પણ એક વિધાન પસંદ કરવાનું હતું, આ વિધાનો પૈકી કુલ સતર જોડ (ચોત્રીસ) વિધાનો હકારાત્મક અને એક જોડ (બે) વિધાનો નકારાત્મક હતા.

સિદ્ધિપ્રેરણા માપદંડના વિધાનો સામે પ્રતિચાર આપવા માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા આપવામાં આવી નથી. પરંતુ કસોટી સંશોધકને અધ્યેતાઓને સૂચનો

આપવા માટે અને પ્રતિચારો મેળવવા માટે લગભગ ત્રીસ મિનિટ જેટલો સમય લાગ્યો હતો.

અધ્યેતાઓએ આપેલા પ્રતિચારના આધારે ગુણાંકન કરવા માટે પ્રત્યેક સાચા પ્રતિચાર માટે એક ગુણ આપવામાં આવે છે. આમ, કુલ અઢાર વિધાનોની જોડ પૈકી કુલ અઢાર ગુણ મળવાની શકયતા હતી.

સિદ્ધિપ્રેરણા માપદંડની વિશ્વસનીયતા શોધવા માટે અર્ધ વિચ્છેદન પદ્ધતિનો ઉપયોગ કરેલ. માપદંડમાં લેવાયેલ અઢાર કલમોને બે સરખા ભાગમાં વહેંચવામાં આવી હતી. એટલે કે દરેક ભાગમાં કુલ નવ કલમો હતી. જે વિભાજન મૂળ કસોટી મુજબ હતું. સિદ્ધિપ્રેરણા માપદંડ ભરનાર કુલ પાત્રોમાંથી ૧૦૦ પાત્રો આકસ્મિક રીતે પસંદ કર્યા હતા. આ પાત્રોના બન્ને ભાગ પરના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસંબંધ સ્પીયરમેન બ્રાઉન સુત્રની મદદથી શોધવામાં આવ્યો હતો. જે ૦.૩૨ હતો. આ સહસંબંધાંક પરથી રૂબોનના સુત્રનો ઉપયોગ કરી આખી કસોટીનો વિશ્વસનીયતા આંક શોધવામાં આવ્યો હતો. જેનું મૂલ્ય ૦.૬૨ આવ્યું. આમ, કસોટીની વિશ્વસનીયતા ૦.૬૨ છે. પ્રમાણિત થયેલ મૂળ સિદ્ધિપ્રેરણા સંશોધિનીની પ્રમાણભૂતતા ઈન્ટર, બી.એ. / બી.એસસી. તથા એમ.એ. / એમ.એસસી.ના ત્રણ જૂથો પર અલગ અલગ નક્કી કરવામાં આવી હતી. તેમાં પ્રમાણભૂતતા નક્કી કરવા માટે આર.પી. ભટનાગરે હિન્દીમાં અનુવાદ કરેલ. "એડવર્ડઝ પર્સનલ પ્રેફરન્સ" શીડયુલ માપદંડ તરીકે લેવામાં આવેલ હતો. મૂળ સિદ્ધિપ્રેરણા સંશોધિની અને ભટનાગરની હિન્દી એડવર્ડઝ પર્સનલ શીડયુલ સાથેની ઈન્ટર, સ્નાતક અને અનુસ્નાતક જૂથોના સહસંબંધાંક અનુક્રમે ૦.૭૦, ૦.૬૬ અને ૦.૬૨ હતાં.

આ ઉપકરણ અન્ય ઉપકરણનું માત્ર ગુજરાતી રૂપાંતર જ હોવાથી તેની પ્રમાણભૂતતા શોધવાનું જરૂરી ન જણાતા પ્રસ્તુત ઉપકરણની પ્રમાણભૂતતા શોધવામાં આવી નથી.

## ૩.૬.૦ વલણ માપદંડની રચના

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણને પરતંત્ર ચલ તરીકે સ્વીકારેલ હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ માપી શકાય તેવું ઉપકરણ પ્રાપ્ય ન હતું. આથી સંશોધકે શીખવવા પ્રત્યેના વલણ

માપદંડની રચના કરવાનું નક્કી કર્યું હતું. વલણ માપદંડ રચનાની વિવિધ પદ્ધતિઓ પૈકી લીકર્ટ પદ્ધતિનો અત્રે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### *૩.૬.૧ ઉપકરણના પ્રાથમિક સ્વરૂપની રચના*

વિધાનોનું એકત્રિકરણ : વલણ સબંધિત વિધાનો રચવા માટે વિવિધ પ્રકારના સ્ત્રોતો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી. જેમાં –

- ➢ શિક્ષણશાસ્ત્ર ભવનના પ્રાધ્યાપકો
- ➢ વિવિધ પ્રકારના સંચાલનની અને વિસ્તારની શાળાઓના આચાર્યશ્રીઓ.
- ➢ માધ્યમિક શાળાઓમાં સેવા આપતા અનુભવી શિક્ષકો.
- ➢ શિક્ષણકાર્ય કરતા સાથી શિક્ષક મિત્રો તેમજ
- ➢ સંદર્ભગ્રંથોનો સમાવેશ થાય છે.

જેમાં ઘનાત્મક અને ઋણાત્મક હોય તેવા વિધાનો પસંદ કરવામાં આવે છે. તટસ્થ વિધાનોને આમાથી દૂર કરવામાં આવ્યા હતાં. વલણ માપદંડના પ્રાથમિક સ્વરૂપમાં ઘનાત્મક અને ઋણાત્મક (કુલ ૭૬) વિધાનોનો સમાવેશ થતો હતો. આ વિધાનોમાં જમણી બાજુએ દરેક વિધાનની સામે પાંચ વિકલ્પો. (૧) સંપૂર્ણ સહમત (૨) સહમત (૩) તટસ્થ (૪) અસહમત (૫) સંપૂર્ણ અસહમત એ મુજબ મૂકયા હતા. (જેની નકલ પરિશિષ્ટ–૧ માં સામેલ છે.) આ વિધાનો તજજ્ઞોને મોકલવામાં આવ્યા હતા. જેમાં યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ, બી.એડ.કોલેજના પ્રિન્સિપાલશ્રી, પ્રાધ્યાપકો ઉપરાંત શિક્ષણક્ષેત્રના તજજ્ઞોને વલણ માપદંડનું પ્રાથમિક સ્વરૂપ મોકલવામાં આવ્યું હતું. સાથે આ વલણ માપદંડમાં તેમના તજજ્ઞીય અભિપ્રાય માગવામાં આવ્યા હતાં તથા વલણ માપદંડને રચનાની દૃષ્ટિએ તપાસવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. શિક્ષકના શીખવવા પ્રત્યેના વલણો દર્શાવવા, કોઈ વિધાનો બાકી રહી જતા હોય તો તે દર્શાવવા માટે પણ વિનંતી કરવામાં આવી હતી. સાથે પ્રયોજકના સરનામાવાળું ટિકિટ સહિતનું કવર પણ મૂકવામાં આવ્યું હતું. (તજજ્ઞોનું લીસ્ટ પરિશિષ્ટ–૨માં સામેલ છે.) જેમાંથી ૧૦ તજજ્ઞોના જવાબ આવ્યા હતાં. બાકીના તજજ્ઞોને ફરી પત્ર દ્વારા વિનંતી કરતાં બીજા પાંચ તજજ્ઞોના જવાબો પ્રાપ્ત થયા હતાં. તેમણે આપેલા સૂચનો પૈકી જરૂરી સૂચનોને ધ્યાનમાં લઈ કેટલાંક વિધાનોની પુનઃરચના કરવામાં આવી હતી. આમ, પ્રાથમિક સ્વરૂપના વલણ માપદંડની રચના કરવામાં આવી હતી. (જે પરિશિષ્ટ – ૩ માં સામેલ છે.)

### *૩.૬.૨ પ્રાથમિક સ્વરૂપની અજમાયશ*

આ રીતે તૈયાર થયેલા વલણ માપદંડની પ્રાથમિક અજમાયશ કરવામાં આવી હતી. પ્રાથમિક અજમાયશ માટેના હેતુઓ આ મુજબ હતાં.

(૧) પ્રત્યેક વિધાનનો આંતર સહસંબંધાંક ચકાસવો.

(૨) વલણ માપદંડમાં આપેલી સૂચનાઓ સમજવામાં શિક્ષકોને પડતી મુશ્કેલીઓ જાણવી.

(૩) વલણ માપદંડ ભરતી વખતે શિક્ષકોને નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.

(૪) સમયનો અંદાજિત ખ્યાલ મેળવવો.

પ્રાથમિક અજમાયશ માટે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાની માધ્યમિક શાળાના કુલ ૧૦૯ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં. પ્રાથમિક અજમાયશ માટેના નમૂનાના પાત્રોની વિગત જિલ્લાને ધ્યાનમાં રાખી સારણી ૩.૫માં દર્શાવવામાં આવી છે.

**સારણી – ૩.૫**

**વલણ માપદંડના પ્રારંભિક અજમાયશ માટેના નમૂનાના પાત્રોની વિગત**

| *ક્રમ* | *જિલ્લાનું નામ* | *શિક્ષકોની સંખ્યા* |
|---|---|---|
| ૧ | અમરેલી | ૦૭ |
| ૨ | ભાવનગર | ૧૬ |
| ૩ | જામનગર | ૧૬ |
| ૪ | જુનાગઢ | ૨૧ |
| ૫ | કચ્છ | ૦૬ |
| ૬ | પોરબંદર | ૦૭ |
| ૭ | રાજકોટ | ૨૫ |
| ૮ | સુરેન્દ્રનગર | ૧૧ |
| | **કુલ** | **૧૦૯** |

સારણી ૩.૫ ના આધારે કહી શકાય કે જિલ્લા અનુસાર નમૂનામાં કુલ ૧૦૯ શિક્ષકોનો સમાવેશ થતો હતો. જે પૈકી સૌથી વધુ શિક્ષકો રાજકોટ જિલ્લાના હતાં. જયારે સૌથી ઓછા શિક્ષકો કચ્છ જિલ્લામાંથી પસંદ કર્યા હતાં.

### ૩.૬.૩ વલણ માપદંડના અંતિમ સ્વરૂપની રચના

વલણ માપદંડની પ્રાથમિક અજમાયશ દ્વારા મળેલ માહિતીનું ગુણાંકન કરવામાં આવ્યું હતું. પરિબળ ગુણાકાર પદ્ધતિથી શિક્ષકોના કુલ ગુણ અને પ્રત્યેક વિધાનોમાં પ્રાપ્ય ગુણ વચ્ચે સહ સંબંધાંક શોધવામાં આવ્યો તથા સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી. પરિણામની વિગત સારણી ૩.૬ માં દર્શાવવામાં આવી છે.

**સારણી – ૩.૬**

**વલણ માપદંડના કુલ ગુણ અને વિધાન ગુણ વચ્ચેના સહસંબંધાંકો**

| *વિધાન* | *સહસંબંધાંક* | *સાર્થકતા* |
|---|---|---|
| ૧. | ૦.૨૬ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૨. | ૦.૩૭ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૩. | ૦.૨૯ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૪. | ૦.૨૯ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૫. | ૦.૧૩ | સાર્થક નથી |
| ૬. | ૦.૨૫ | સાર્થક નથી |
| ૭. | ૦.૩૧ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૮. | ૦.૨૮ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૯. | ૦.૩૭ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૦. | ૦.૪૭ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૧. | ૦.૨૭ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૨. | ૦.૫૭ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૩. | ૦.૪૬ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૪. | ૦.૨૪ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૫. | ૦.૩૮ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૬. | ૦.૫૨ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૭. | ૦.૫૭ | 0.01 કક્ષાએ સાર્થક |
| ૧૮. | ૦.૩૪ | 0.01 કક્ષાએ સાર્થક |

| વિધાન | સહસંબંધાંક | સાર્થકતા |
|---|---|---|
| ૧૯. | ૦.૩૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૦. | ૦.૨૩ | સાર્થક નથી |
| ૨૧. | ૦.૨૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૨. | ૦.૩૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૩. | ૦.૩૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૪. | ૦.૩૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૫. | ૦.૨૨ | સાર્થક નથી |
| ૨૬. | ૦.૩૩ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૭. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૨૮. | ૦.૩૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૯. | ૦.૪૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૦. | ૦.૪૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૧. | ૦.૩૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૨. | ૦.૩૩ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૩. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૩૪. | ૦.૪૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૫. | ૦.૪૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૬. | ૦.૩૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૭. | ૦.૩૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૮. | ૦.૦૬ | સાર્થક નથી |
| ૩૯. | ૦.૨૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૦. | ૦.૩૩ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૧. | ૦.૩૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૨. | ૦.૪૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૩. | ૦.૩૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

| વિધાન | સહસંબંધાંક | સાર્થકતા |
|---|---|---|
| ૪૪. | ૦.૧૨ | સાર્થક નથી |
| ૪૫. | ૦.૦૭ | સાર્થક નથી |
| ૪૬. | ૦.૩૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૭. | ૦.૪૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૮. | ૦.૩૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૯. | ૦.૫૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૦. | ૦.૫૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૧. | ૦.૫૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૨. | ૦.૪૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૩. | ૦.૩૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૪. | ૦.૧૭ | સાર્થક નથી |
| ૫૫. | ૦.૪૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૬. | ૦.૨૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

સારણી ૩.૬નું અવલોકન દર્શાવે છે કે વિધાન ક્રમાંક ૫, ૬, ૨૦, ૨૫, ૨૭, ૩૩, ૩૮, ૪૪, ૪૫ અને ૫૪નાં કુલ પ્રાપ્તાંકો સાથેના સહસંબંધાંકો અનુક્રમે ૦.૧૩, ૦.૨૫, ૦.૨૩, ૦.૨૨, ૦.૧૯, ૦.૨૧, ૦.૦૬, ૦.૧૨, ૦.૦૭ અને ૦.૧૭ હતાં જે સાર્થક ન હતાં. આથી આ દસ વિધાનો વલણ માપદંડમાં સ્વીકારવામાં આવ્યા નહીં. આમ માધ્યમિક શાળાના ક્ષિકોના શીખવવા પ્રત્યેનું વલણ માપવા માટેના વલણ માપદંડમાં કુલ ૪૬ વિધાનો સ્વીકારવામાં આવ્યા હતાં. જેમાં ૨૩ ધન વિધાનો અને ૨૩ ઋણ વિધાનો હતાં.

## ૩.૬.૪ વલણ માપદંડની વિશ્વસનીયતા

ઉપકરણની રચના કર્યા બાદ તેની વિશ્વસનીયતા નક્કી કરવામાં આવી હતી. કસોટીની વિશ્વસનીયતા એટલે કસોટી વિવિધ પ્રસંગે એકસરખું જ પરિણામ આપશે તે ચકાસી જોવું. જો ઉપકરણ વિશ્વસનીય હોય તો વિવિધ સમયે, વિવિધ પ્રસંગે, વિવિધ

પરિસ્થિતિમાં વ્યક્તિ દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોમાં સાતત્ય હોય. કોઈ પણ ઉપકરણ પર વ્યક્તિએ મેળવેલા પ્રાપ્તાંક એ તેના સાચા પ્રાપ્તાંક અને માપનભૂલનો સરવાળો છે.

વિશ્વસનીયતાંક નક્કી કરવા માટેની વિવિધ રીતો પૈકી કસોટી પુનઃકસોટી વિશ્વસનીયતા પદ્ધતિ દ્વારા પ્રસ્તુત વલણ માપદંડનો વિશ્વસનીયતાંક નક્કી કરવામાં આવ્યો હતો.

### ❀ *કસોટી પુનઃકસોટી વિશ્વસનીયતા*

વલણ માપદંડને ઉપયોગમાં લેતા પહેલા કસોટી પુનઃકસોટી વડે તેની વિશ્વસનીયતા ચકાસવામાં આવી હતી. તે માટે રાજકોટ શહેરની ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો પર વલણમાપદંડનું સંચાલન કરવામાં આવ્યું હતું. એક વખત વલણમાપદંડ દ્વારા પ્રાપ્તાંક મેળવ્યા બાદ એક મહિના પછી તે જ પાત્રોમાંથી પચીસ પાત્રોને ફરીથી વલણ માપદંડ ભરવા માટે આપ્યો હતો. ઉત્તરપત્ર તપાસીને વલણ માપદંડના કુલ પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતાં. આ પાત્રોએ પ્રથમ વખત મેળવેલ પ્રાપ્તાંક અને ફરીથી મેળવેલ પ્રાપ્તાંક વચ્ચે પરીબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાંક શોધવામાં આવ્યો હતો. જેની કિંમત ૦.૮૩ આવી હતી. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતી. તેથી કહી શકાય છે કે અંતિમ વલણ માપદંડ આ અભ્યાસના નમૂના માટે વિશ્વસનીય હતો.

### *૩.૬.૫ વલણ માપદંડની યથાર્થતા*

કોઈપણ મનોવૈજ્ઞાનિક કસોટી માટે મહત્ત્વની વાત તેની યથાર્થતા છે. કસોટી પાસે રખાતી અપેક્ષાઓ તે કેટલે અંશે પરિપૂર્ણ કરે છે. તેનું માપ યથાર્થતા ઉપરથી મળે છે. યથાર્થતા ચકાસવા માટે સામાન્ય રીતે બાહ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે. માપદંડને આધારે કસોટીની મૂલવણી થાય છે.

પ્રયોજકે તૈયાર કરેલ માપદંડની યથાર્થતા પ્રસ્થાપિત કરવામાં શાળાના આચાર્યના અભિપ્રાયો લેવામાં આવ્યા હતાં. અભ્યાસના નમૂનામાં સમાવિષ્ટ શાળાઓ પૈકી એક ખાનગી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા, એક સરકારી માધ્યમિક શાળા તથા એક સ્વનિર્ભર માધ્યમિક શાળાને યથાર્થતા ચકાસવા માટે પસંદ કરવામાં આવી હતી. આ ત્રણેય શાળાના નમૂનામાં પસંદગી પામેલા પચીસ શિક્ષકોના નામની યાદી ત્રણેય શાળાની અલગ અલગ

તૈયાર કરવામાં આવી હતી. અને તે યાદી જે તે આચાર્યને આપવામાં આવી ત્યાર બાદ આચાર્યના અભિપ્રાય માટે પંદર પ્રશ્નોની એક પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. આચાર્યશ્રીએ જે તે શિક્ષક માટે આપેલ અભિપ્રાયનું ગુણાંકન કરવામાં આવ્યું. શિક્ષકના વલણ માપદંડ પરના પ્રાપ્તાંક અને અભિપ્રાયવલિમાં આચાર્યશ્રીએ આપેલા અભિપ્રાયના પ્રાપ્તાંક વચ્ચે પરિબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાંક શોધવામાં આવ્યો. પ્રમાણભૂતતા સહસંબંધાંક ૦.૭૨ મળી આવ્યો. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતો. આથી કહી શકાય કે પ્રસ્તુત વલણ માપદંડ શિક્ષકોના વલણ માપતો હતો.

## ૩.૭.૦ માહિતીનું એકત્રિકરણ

અભ્યાસના હેતુઓની પૂર્તિ અર્થે અને ઉત્કલ્પનાઓની ચકાસણી અર્થે નમૂનામાં પાત્રો પાસેથી વિવિધ ઉપકરણ દ્વારા માહિતીનું એકત્રિકરણ કરવામાં આવ્યું હતું.

માધ્યમિક શાળાના શિક્ષકોનું શીખવવા પ્રત્યેનું વલણ, મૂલ્યો તથા સિદ્ધિપ્રેરણાના અભ્યાસની માહિતીનું એકત્રિકરણ માટે તથા અભ્યાસ હેઠળના આઠ ચલોના માપન માટે વલણ માપદંડના પ્રથમ પાના ઉપર સૂચિ ભરવા વિશે સમજૂતિ તથા વ્યક્તિગત માહિતી માંગવામાં આવી હતી. મૂલ્ય માપદંડમાં અને સિદ્ધિપ્રેરણા માપદંડમાં સૂચનાઓ ઉપરથી તેમને આ ઉપકરણોમાં પોતાના પ્રતિચારો આપવાના હતા. એક પણ ઉપકરણમાં સમય મર્યાદા  ન હતી. તેમજ ઉપકરણ ભરવા માટેનો ક્રમ પણ નક્કી ન હતો. નમૂનામાં પસંદ થયેલી શાળાઓ પૈકી રાજકોટ શહેરની તથા ગ્રામ્યથી શાળાઓમાં રૂબરૂ જઈ જરૂરી સૂચનાઓ અને સમજૂતિ આપી શિક્ષકોને ત્રણેય ઉપકરણો સાથે આપી યોગ્ય પ્રતિચાર મેળવવામાં આવ્યો હતો. નમૂનાના અન્ય જિલ્લામાં દરેક જિલ્લા દીઠ એક એક શિક્ષક પ્રતિનિધિ દ્વારા માહિતી એકઠી કરવામાં આવી હતી. આ શિક્ષક પ્રતિનિધિ દરેક શાળાઓ રૂબરૂ જઈ જરૂરી સૂચનાઓ આપ્યા બાદ શિક્ષકોના પ્રતિચારો મેળવતા હતાં. આ રીતે કુલ ૯૦૦ પાત્રોને આ ઉપકરણો આપવામા આવ્યા હતાં. જેમાંથી પૂર્ણ રીતે ભરાઈને  આવેલા ઉપકરણોની સંખ્યા ૬૪૬ હતી. આથી કહી શકાય કે આશરે ૭૨% પાત્રોએ સહકાર આપ્યો હતો. કેટલાક શિક્ષકોએ માહિતી આપવાની ના પાડી. જયારે કેટલાક ઉપકરણો અધૂરા ભરેલા પાછા આવ્યા હતા. આ રીતે માહિતીનું એકત્રિકરણ કરવામાં આવ્યું હતું.

## ૩.૮.૦ ગુણાંકન યોજના

પૃથક્કરણમાં ઉપયોગમાં લેવાયેલા પાત્રોના શીખવવા પ્રત્યેના વલણ, મૂલ્યો તથા સિદ્ધિપ્રેરણાના ઉપકરણોમાં મળેલા પ્રતિચારોનું ગુણાંકન જે તે ઉપકરણના સૂચનાપત્રમાં આપેલ ગુણાંકન ચાવી વડે કરવામાં આવ્યું હતું.

### ❀ *વલણ માપદંડ પરના પ્રતિચારોની ગુણાંકન પ્રવિધિ*

વલણ માપદંડમાં દરેક વિધાનની સામે પાંચ વિકલ્પો સંપૂર્ણ સહમત, સહમત, તટસ્થ, અસહમત, સંપૂર્ણ અસહમત આપેલા હતાં. જેમાં પસંદગીના વિકલ્પો પર √ ની નિશાની કરવાની હતી. પાત્રોએ આપેલા પ્રતિચારો પરથી ગુણાંકન કરતી વખતે હકારાત્મક વિધાનને ૫, ૪, ૩, ૨ અને ૧ ગુણ આપવામાં આવ્યો હતો. જયારે નકારાત્મક વિધાનને ૧,૨,૩,૪ અને ૫ ગુણ આપવામાં આવ્યા હતાં. આ રીતે બધા વિધાનો પરના પ્રાપ્તાંકોનો સરવાળો શોધી વલણાંક નક્કી કરવામાં આવ્યો હતો.

### ❀ *મૂલ્ય માપદંડ પરના પ્રતિચારોની ગુણાંકન પ્રવિધિ*

મૂલ્ય માપદંડમાં કુલ ૪૦ પ્રશ્નો આપ્યા હતાં. દરેક પ્રશ્નની નીચે ઉત્તરરૂપે ત્રણ–ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા હતાં. પ્રતિચાર આપનાર વ્યક્તિએ સૌથી વધારે પસંદ હોય તે વિકલ્પની સામેના કૌંસમાં √ ને સૌથી ઓછો પસંદ હોય તે વિકલ્પની સામેના કૌંસમા × ની નિશાની કરવાની હતી. એક વિકલ્પને કોઈ જાતના નિશાન વગર છોડી દેવાનો હતો.

મૂલ્યાંકન કરતી વખતે પ્રતિચાર આપનાર વ્યક્તિએ જેની સામે √ નું નિશાન કર્યુ હોય તે વિકલ્પને બે પ્રાપ્તાંક, જેની સામે કાંઈ નિશાન ન કર્યુ હોય તે વિકલ્પને એક પ્રાપ્તાંક અને જેની સામે X નું નિશાન કર્યુ હોય તેને શૂન્ય પ્રાપ્તાંક આપવામાં આવ્યો હતો. મૂલ્ય માપદંડ ઉપકરણના પ્રત્યેક પૃષ્ઠ પર આઠ પ્રશ્નો આપેલા છે. પૃષ્ઠના નીચેના ભાગમાં આઠ પ્રશ્નોના પ્રાપ્તાંકો લખી શકાય તેની મૂલ્યવાર સારણી આપવામાં આવી છે. સમગ્ર પ્રશ્નાવલિ તપાસ્યા બાદ પ્રત્યેક પૃષ્ઠના પ્રાપ્તાંકો અંતે આપેલી સારણીમાં લખવામાં આવે છે. જેથી પ્રત્યેક મૂલ્યમાં પ્રતિચાર આપનાર વ્યક્તિએ કેટલા પ્રાપ્તાંકો મેળવ્યા છે તે જાણી શકાય છે.

## ❀ *સિદ્ધિપ્રેરણા માપદંડ પરના પ્રતિચારોની ગુણાંકન પ્રવિધિ*

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. "તમારા માટે શું યોગ્ય લાગે છે ?" કસોટી પર માધ્યમિક શાળાના શિક્ષકોએ આપેલ પ્રતિચારોના આધારે કસોટીની માર્ગદર્શિકા તથા કસોટીમાં આપેલા કોષ્ટકની મદદથી પ્રાપ્તાંક મેળવવામાં આવ્યા હતાં. પ્રત્યેક વિધેયાત્મક પ્રતિચાર માટે એક ગુણ અને નિષેધાત્મક પ્રતિચાર માટે શૂન્ય ગુણ આપવામાં આવ્યા હતાં. આ કસોટીમાં કુલ અઢાર વિધાનોની જોડ હતી. જેમાં પ્રત્યેક સાચા ઉત્તર માટે એક ગુણ મળી કુલ અઢાર ગુણ મળવાની શકયતા હતી.

## ૩.૯.૦ માહિતીના પૃથક્કરણની આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ

માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણો, મૂલ્યો અને સિદ્ધિપ્રેરણાને જુદા જુદા આઠ ચલોના સંદર્ભે ચકાસવાના હતાં. આ માટે કુલ ૯૬ ઉત્કલ્પનાઓ ચકાસવાની હતી. પ્રાપ્ત માહિતીના વિશ્લેષણ માટે જુદી – જુદી ત્રણ આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### *૩.૯.૧ ટી–કસોટી*

ટી–કસોટી એ બે જૂથોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક હોવા માટે તફાવત કેટલો હોવો જરૂરી છે તે નક્કી કરવા માટે વપરાય છે. "બે જૂથોની સરાસરીઓ સાર્થક રીતે જુદી નથી એટલે કે બન્નેની સરાસરીઓ એટલી સમાન છે કે બન્ને જુથો સમાન વ્યાપવિશ્વમાંથી પસંદ થયા છે અર્થાત્ $Ho : \mu_1 = \mu_2$ (જયાં $\mu_1$ અને $\mu_2$ એ બે વ્યાપવિશ્વની કાલ્પનિક સરાસરીઓ છે.) આ ઉત્કલ્પનાને ચકાસવા માટે ટી કસોટી ઉપયોગમાં લેવામાં આવેલ હતી. ટી–કસોટીની પૂર્વધારણા આ પ્રમાણે હતી.

(૧) નમૂનો આકસ્મિક રીતે પસંદ થયેલો હોવો જોઈએ.

(૨) એકત્ર કરેલ માહિતી અંતરાલ માપ પદ્ધતિમાં રજૂ થયેલી હોવી જોઈએ અને

(૩) માપ હેઠળ ચલ લક્ષણ વ્યાપવિશ્વમાં સમધારિત રીતે વિસ્તરેલું હોવું જોઈએ.

જયાં ટી નું મૂલ્ય ૧.૯૬ કે તેથી વધુ આવ્યું ત્યાં શૂન્ય ઉત્કલ્પનાઓનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. એટલે શૂન્ય ઉત્કલ્પના $Ho : \mu_1 = \mu_2$ છે. તેનો સ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે $H_1 : \mu_1 \neq \mu_2$ એટલે બંને જૂથોની સરાસરીમાં દેખાતો તફાવત આકસ્મિક તકોથી પર છે. તેમ સ્વીકારાયું હતું. જયાં ટી નું મૂલ્ય ૧.૯૬ થી ઓછું આવ્યું

હતું. ત્યાં શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી તેમ સ્વીકારાયું હતું. અભ્યાસના આ વિભાગમાં સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા વલણને બે જૂથમાં વહેંચવામાં આવ્યા હતાં. દરેક જૂથની સરાસરી અને પ્રમાણવિચલન શોધવામાં આવ્યા હતાં. જૂથોની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા વલણની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી–કસોટી વડે ચકાસવામાં આવી હતી. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક, દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર, શાળા સંચાલનનો પ્રકાર સંદર્ભે પાત્રોને બે થી વધારે જૂથમાં વહેંચવામાં આવ્યાં હતાં. જૂથો વચ્ચેના તફાવતની સાર્થકતાનું એફ–મૂલ્ય જયાં સાર્થક જણાયું હતું ત્યાં દરેક બે જૂથો પ્રત્યે સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા વલણની સરાસરીઓ વચ્ચેના તફાવતને ટી–કસોટી વડે ચકાસવામાં આવ્યા હતા.

### *૩.૯.૨ એફ કસોટી*

એક જ સ્વતંત્ર ચલના આધારે પાડેલા બે કે તેથી વધુ જૂથોના પરતંત્ર ચલ પરથી સરાસરીઓમાં સાર્થક તફાવત છે કે કેમ તે ચકાસવા માટે "એફ" મૂલ્ય ઉપયોગમાં લેવાય છે.

જૂથોની સરાસરીઓ વચ્ચેના તફાવતો સાર્થક હોવા માટે જૂથોની સરાસરી વિચરણ અને નમૂનાના કુલ વિચરણ વચ્ચે કેટલો મોટો તફાવત હોવો જરૂરી છે તે નક્કી કરવા માટે આ પ્રયુક્તિ ઉપયોગમાં લેવાય છે. ત્રણ કે વધુ જૂથોની સરાસરીઓ વચ્ચેના તફાવતો સાર્થક નથી. એટલે કે જૂથોની સરાસરીઓ એટલી સમાન છે કે તમામ જૂથો સમાન વ્યાપવિશ્વમાંથી લીધેલ છે. અર્થાત્ $Ho = \mu_1 = \mu_2 = \mu_3 \ldots = \mu_n$ ને શૂન્ય ઉત્કલ્પના ચકાસવા માટે "એફ" ગુણોત્તર ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. વિચરણ વિશ્લેષણનો ઉપયોગ કરવા માટે મહત્ત્વની પૂર્વધારણા એ છે કે

(૧) નમૂનો આકસ્મિક રીતે પસંદ થયેલો હોવો જોઈએ.

(૨) એકત્ર કરેલી માહિતી અંતરાલ માપ પદ્ધતિમાં રજૂ થયેલી હોવી જોઈએ.

(૩) માપન હેઠળનું ચલ સમધારીત રીતે વિસ્તરેલું હોવું જોઈએ.

(૪) જેમની તુલના કરવામાં આવી હોય તે જૂથો સ્વતંત્ર હોવા જોઈએ.

(૫) સંશોધન હેઠળના પેટા જૂથો સમાન ચલિતતા ધરાવતા હોવા જોઈએ એટલે કે જેમની તુલના થતી હોય તે જૂથો ચલિતતાની બાબતમાં લગભગ સમાન હોવા જોઈએ.

જયાં "એફ" મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં જૂથોની સરાસરીઓ વચ્ચેના તફાવતોની સાર્થકતા ચકાસવા માટે ટી—મૂલ્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૦.૦૫ કક્ષાએ તથા ૦.૦૧ કક્ષાએ તફાવતો સાર્થક હોવા માટે તફાવતનું લઘુતમ મૂલ્ય કેટલું હોવુ જોઈએ તે નક્કી કરી પ્રત્યેક કિસ્સામાં કુલ તફાવતો પૈકી કેટલા તફાવતો કઈ કક્ષાએ સાર્થક છે તે નક્કી કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક લાયકાતના ત્રણ જૂથ, શૈક્ષણિક અનુભવના ત્રણ જૂથ, શાળા સંચાલનના પ્રકારના ત્રણ જૂથ અને વિસ્તારના ત્રણ જૂથોને સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા વલણની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા એફ—મૂલ્ય વડે ચકાસવામાં આવી હતી.

## *૩.૯.૩ પિયર્સનનો સહ સંબંધાંક*

જયારે પાત્રોની સંખ્યા ઘણી વધારે હોય ત્યારે બન્ને ચલ રાશિના પ્રાપ્તાંકોને સંયુક્ત સહસંબંધ સારણીમાં ગોઠવવામાં આવે છે.

$$r = \frac{\dfrac{\sum x^{+} y^{+} - CxCy}{N}}{6x - 6y}$$

સૂત્ર વડે સહસંબંધાંક શોધવામાં આવે છે.

r ની કિંમત –૧ થી +૧ની વચ્ચે જ હોય છે. આ માપનું અર્થઘટન તથા સાર્થકતાની કક્ષા સારણી પરથી નક્કી કરવામાં આવે છે.

પિયર્સનના સહસંબંધાંકને પરિબળ ગુણાકાર પણ કહેવામાં આવે છે.

પરિબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાક શોધવા માટેની પૂર્વધારણાઓ આ પ્રમાણે હતી.

(૧) નમૂનો યદચ્છ હોવો જોઈએ.

(૨) ચલો સમધારણ વિસ્તરિત હોવા જોઈએ.

(૩) બન્ને ચલો અંગેની માહિતી અંતરાલ માપ પદ્ધતિમાં રજૂ થયેલી હોવી જોઈએ તથા

(૪) બન્ને ચલરાશિ વચ્ચેનો સંબંધ રૈખિક હોવો જોઈએ.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના વલણોમાં સંબંધ તપાસવામાં સહસંબંધાંકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તથા વલણમાપદંડની વિશ્વસનીયતા, યથાર્થતા અને આંતર સાતત્યતા નક્કી કરવા માટે સહસંબંધાંકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# પ્રકરણ - ૪
# માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન


૪.૧.૦ પ્રસ્તાવના

૪.૨.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના ધાર્મિક મૂલ્યો
- ૪.૨.૧ જાતીયતા અને ધાર્મિક મૂલ્યો
- ૪.૨.૨ શૈક્ષણિક લાયકાત અને ધાર્મિક મૂલ્યો
- ૪.૨.૩ શૈક્ષણિક અનુભવ અને ધાર્મિક મૂલ્યો
- ૪.૨.૪ વૈવાહિક દરજ્જો અને ધાર્મિક મૂલ્યો
- ૪.૨.૫ કુટુંબનો પ્રકાર અને ધાર્મિક મૂલ્યો
- ૪.૨.૬ ઉંમર અને ધાર્મિક મૂલ્યો
- ૪.૨.૭ શાળાનો વિસ્તાર અને ધાર્મિક મૂલ્યો
- ૪.૨.૮ શાળા સંચાલનનો પ્રકાર અને ધાર્મિક મૂલ્યો

૪.૩.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના સામાજિક મૂલ્યો
- ૪.૩.૧ જાતીયતા અને સામાજિક મૂલ્યો
- ૪.૩.૨ શૈક્ષણિક લાયકાત અને સામાજિક મૂલ્યો
- ૪.૩.૩ શૈક્ષણિક અનુભવ અને સામાજિક મૂલ્યો
- ૪.૩.૪ વૈવાહિક દરજ્જો અને સામાજિક મૂલ્યો
- ૪.૩.૫ કુટુંબનો પ્રકાર અને સામાજિક મૂલ્યો
- ૪.૩.૬ ઉંમર અને સામાજિક મૂલ્યો
- ૪.૩.૭ શાળાનો વિસ્તાર અને સામાજિક મૂલ્યો
- ૪.૩.૮ શાળા સંચાલનનો પ્રકાર અને સામાજિક મૂલ્યો

## ૪.૪.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના લોકશાહી મૂલ્યો

૪.૪.૧ જાતીયતા અને લોકશાહી મૂલ્યો
૪.૪.૨ શૈક્ષણિક લાયકાત અને લોકશાહી મૂલ્યો
૪.૪.૩ શૈક્ષણિક અનુભવ અને લોકશાહી મૂલ્યો
૪.૪.૪ વૈવાહિક દરજ્જો અને લોકશાહી મૂલ્યો
૪.૪.૫ કુટુંબનો પ્રકાર અને લોકશાહી મૂલ્યો
૪.૪.૬ ઉંમર અને લોકશાહી મૂલ્યો
૪.૪.૭ શાળાનો વિસ્તાર અને લોકશાહી મૂલ્યો
૪.૪.૮ શાળા સંચાલનનો પ્રકાર અને લોકશાહી મૂલ્યો

## ૪.૫.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના સૌંદર્યાત્મક મૂલ્યો

૪.૫.૧ જાતીયતા અને સૌંદર્યાત્મક મૂલ્યો
૪.૫.૨ શૈક્ષણિક લાયકાત અનેસૌંદર્યાત્મક મૂલ્યો
૪.૫.૩ શૈક્ષણિક અનુભવ અને સૌંદર્યાત્મક મૂલ્યો
૪.૫.૪ વૈવાહિક દરજ્જો અને સૌંદર્યાત્મક મૂલ્યો
૪.૫.૫ કુટુંબનો પ્રકાર અને સૌંદર્યાત્મક મૂલ્યો
૪.૫.૬ ઉંમર અને સૌંદર્યાત્મક મૂલ્યો
૪.૫.૭ શાળાનો વિસ્તાર અને સૌંદર્યાત્મક મૂલ્યો
૪.૫.૮ શાળા સંચાલનનો પ્રકાર અને સૌંદર્યાત્મક મૂલ્યો

## ૪.૬.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના આર્થિક મૂલ્યો

૪.૬.૧ જાતીયતા અને આર્થિક મૂલ્યો
૪.૬.૨ શૈક્ષણિક લાયકાત અને આર્થિક મૂલ્યો
૪.૬.૩ શૈક્ષણિક અનુભવ અને આર્થિક મૂલ્યો
૪.૬.૪ વૈવાહિક દરજ્જો અને આર્થિક મૂલ્યો
૪.૬.૫ કુટુંબનો પ્રકાર અને આર્થિક મૂલ્યો
૪.૬.૬ ઉંમર અને આર્થિક મૂલ્યો
૪.૬.૭ શાળાનો વિસ્તાર અને આર્થિક મૂલ્યો
૪.૬.૮ શાળા સંચાલનનો પ્રકાર અને આર્થિક મૂલ્યો

## ૪.૭.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના જ્ઞાનાત્મક મૂલ્યો

૪.૭.૧ જાતીયતા અને જ્ઞાનાત્મક મૂલ્યો
૪.૭.૨ શૈક્ષણિક લાયકાત અને જ્ઞાનાત્મક મૂલ્યો
૪.૭.૩ શૈક્ષણિક અનુભવ અને જ્ઞાનાત્મક મૂલ્યો

૪.૭.૪ વૈવાહિક દરજ્જો અને જ્ઞાનાત્મક મૂલ્યો
૪.૭.૫ કુટુંબનો પ્રકાર અને જ્ઞાનાત્મક મૂલ્યો
૪.૭.૬ ઉંમર અને જ્ઞાનાત્મક મૂલ્યો
૪.૭.૭ શાળાનો વિસ્તાર અને જ્ઞાનાત્મક મૂલ્યો
૪.૭.૮ શાળા સંચાલનનો પ્રકાર અને જ્ઞાનાત્મક મૂલ્યો

*૪.૮.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના સુખાત્મક મૂલ્યો*
૪.૮.૧ જાતીયતા અને સુખાત્મક મૂલ્યો
૪.૮.૨ શૈક્ષણિક લાયકાત અને સુખાત્મક મૂલ્યો
૪.૮.૩ શૈક્ષણિક અનુભવ અને સુખાત્મક મૂલ્યો
૪.૮.૪ વૈવાહિક દરજ્જો અને સુખાત્મક મૂલ્યો
૪.૮.૫ કુટુંબનો પ્રકાર અને સુખાત્મક મૂલ્યો
૪.૮.૬ ઉંમર અને સુખાત્મક મૂલ્યો
૪.૮.૭ શાળાનો વિસ્તાર અને સુખાત્મક મૂલ્યો
૪.૮.૮ શાળા સંચાલનનો પ્રકાર અને સુખાત્મક મૂલ્યો

*૪.૯.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના સત્તાના મૂલ્યો*
૪.૯.૧ જાતીયતા અને સત્તાના મૂલ્યો
૪.૯.૨ શૈક્ષણિક લાયકાત અને સત્તાના મૂલ્યો
૪.૯.૩ શૈક્ષણિક અનુભવ અને સત્તાના મૂલ્યો
૪.૯.૪ વૈવાહિક દરજ્જો અને સત્તાના મૂલ્યો
૪.૯.૫ કુટુંબનો પ્રકાર અને સત્તાના મૂલ્યો
૪.૯.૬ ઉંમર અને સત્તાના મૂલ્યો
૪.૯.૭ શાળાનો વિસ્તાર અને સત્તાના મૂલ્યો
૪.૯.૮ શાળા સંચાલનનો પ્રકાર અને સત્તાના મૂલ્યો

*૪.૧૦.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના કૌટુંબિક મૂલ્યો*
૪.૧૦.૧ જાતીયતા અને કૌટુંબિક મૂલ્યો
૪.૧૦.૨ શૈક્ષણિક લાયકાત અને કૌટુંબિક મૂલ્યો
૪.૧૦.૩ શૈક્ષણિક અનુભવ અને કૌટુંબિક મૂલ્યો
૪.૧૦.૪ વૈવાહિક દરજ્જો અને કૌટુંબિક મૂલ્યો
૪.૧૦.૫ કુટુંબનો પ્રકાર અને કૌટુંબિક મૂલ્યો
૪.૧૦.૬ ઉંમર અને કૌટુંબિક મૂલ્યો
૪.૧૦.૭ શાળાનો વિસ્તાર અને કૌટુંબિક મૂલ્યો
૪.૧૦.૮ શાળા સંચાલનનો પ્રકાર અને કૌટુંબિક મૂલ્યો

## *૪.૧૧.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના આરોગ્યાત્મક મૂલ્યો*

૪.૧૧.૧ જાતીયતા અને આરોગ્યાત્મક મૂલ્યો
૪.૧૧.૨ શૈક્ષણિક લાયકાત અને આરોગ્યાત્મક મૂલ્યો
૪.૧૧.૩ શૈક્ષણિક અનુભવ અને આરોગ્યાત્મક મૂલ્યો
૪.૧૧.૪ વૈવાહિક દરજ્જો અને આરોગ્યાત્મક મૂલ્યો
૪.૧૧.૫ કુટુંબનો પ્રકાર અને આરોગ્યાત્મક મૂલ્યો
૪.૧૧.૬ ઉંમર અને આરોગ્યાત્મક મૂલ્યો
૪.૧૧.૭ શાળાનો વિસ્તાર અને આરોગ્યાત્મક મૂલ્યો
૪.૧૧.૮ શાળા સંચાલનનો પ્રકાર અને આરોગ્યાત્મક મૂલ્યો

## *૪.૧૨.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમની સિદ્ધિપ્રેરણા*

૪.૧૨.૧ જાતીયતા અને સિદ્ધિપ્રેરણા
૪.૧૨.૨ શૈક્ષણિક લાયકાત અને સિદ્ધિપ્રેરણા
૪.૧૨.૩ શૈક્ષણિક અનુભવ અને સિદ્ધિપ્રેરણા
૪.૧૨.૪ વૈવાહિક દરજ્જો અને સિદ્ધિપ્રેરણા
૪.૧૨.૫ કુટુંબનો પ્રકાર અને સિદ્ધિપ્રેરણા
૪.૧૨.૬ ઉંમર અને સિદ્ધિપ્રેરણા
૪.૧૨.૭ શાળાનો વિસ્તાર અને સિદ્ધિપ્રેરણા
૪.૧૨.૮ શાળા સંચાલનનો પ્રકાર અને સિદ્ધિપ્રેરણા

## *૪.૧૩.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમનું શીખવવા પ્રત્યેનું વલણ*

૪.૧૩.૧ જાતીયતા અને શીખવવા પ્રત્યેનું વલણ
૪.૧૩.૨ શૈક્ષણિક લાયકાત અને શીખવવા પ્રત્યેનું વલણ
૪.૧૩.૩ શૈક્ષણિક અનુભવ અને શીખવવા પ્રત્યેનું વલણ
૪.૧૩.૪ વૈવાહિક દરજ્જો અને શીખવવા પ્રત્યેનું વલણ
૪.૧૩.૫ કુટુંબનો પ્રકાર અને શીખવવા પ્રત્યેનું વલણ
૪.૧૩.૬ ઉંમર અને શીખવવા પ્રત્યેનું વલણ
૪.૧૩.૭ શાળાનો વિસ્તાર અને શીખવવા પ્રત્યેનું વલણ
૪.૧૩.૮ શાળા સંચાલનનો પ્રકાર અને શીખવવા પ્રત્યેનું વલણ

# પ્રકરણ - ૪
# માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

## ૪.૧.૦ પ્રસ્તાવના

પ્રસ્તુત પ્રકરણમાં નમૂનાનાં પાત્રો પાસેથી મેળવેલ માહિતીનું પૃથક્કરણ નીચેના ત્રણ વિભાગોમાં ક્રમશઃ કરવામાં આવ્યું.

(૧) માધ્યમિક શાળાનાં શિક્ષકોના વિવિધ મૂલ્યો પર અન્ય ચલોની અસર તપાસવા માટેનાં પૃથક્કરણો.

(૨) માધ્યમિક શાળાનાં શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર અન્ય ચલોની અસર તપાસવા માટેનાં પૃથક્કરણો.

(૩) માધ્યમિક શાળાનાં શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ પર અન્ય ચલોની અસર તપાસવા માટેનાં પૃથક્કરણો.

માધ્યમિક શાળાના શિક્ષકોના મૂલ્યો ગોવિંદ જી. નકુમ અનુવાદિત મૂલ્ય માપદંડ દ્વારા મેળવવામાં આવ્યા હતા તથા માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર અન્ય ચલોની અસર તપાસવા માટે કે.પી.મેવા દ્વારા અનુવાદિત "સિદ્ધિપ્રેરણા માપદંડ"નો ઉપયોગ કર્યો હતો. જયારે માધ્યમિક શાળાનાં શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ પર અન્ય ચલોની અસર તપાસવા માટે પ્રયોજકે બનાવેલ વલણ માપદંડનો ઉપયોગ કર્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં.

૧. જાતીયતા
૨. શૈક્ષણિક લાયકાત
૩. શૈક્ષણિક અનુભવ
૪. વૈવાહિક દરજ્જો
૫. કુટુંબનો પ્રકાર
૬. ઉંમર
૭. શાળાનો વિસ્તાર
૮. શાળા સંચાલનનો પ્રકાર

દરેક સ્વતંત્ર ચલની પરતંત્ર ચલો મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને શીખવવા પ્રત્યેના વલણ પરની અસર તપાસવામાં આવી હતી. આ માટે કુલ ૯૬ શૂન્ય ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી.

પ્રસ્તુત પ્રકરણમાં દરેક સ્વતંત્ર ચલની પરતંત્ર ચલ પરની અસરનું પૃથક્કરણ ક્રમશઃ રજૂ કરવામાં આવ્યું છે. ઉત્કલ્પનાની ચકાસણી માટે એફ–મૂલ્ય તથા ટી–મૂલ્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત ગણતરીઓ કમ્પ્યૂટરની સહાયથી કરવામાં આવી હતી.

## ૪.૨.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના ધાર્મિક મૂલ્યો

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોના ધાર્મિક મૂલ્યો સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોના ધાર્મિક મૂલ્યના પ્રાપ્તાંકોની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોના ધાર્મિક મૂલ્યોની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જયાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

### *૪.૨.૧ જાતીયતા અને ધાર્મિક મૂલ્યો*

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧માં આપી છે.

સારણી ૪.૧ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની ધાર્મિક મૂલ્યોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત

ભાગમાં બે જૂથના પાત્રોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૧**

**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૪૭૧૪ | ૧૧.૦૪ | ૩.૫૮૧ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૨૪૧૪ | ૧૧.૦૨૩ | ૩.૩૧૭ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૫.૬૬૧ | ૧ | ૫.૬૬૧ | ૦.૪૬૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૮૬૧.૫૯૬ | ૬૪૪ | ૧૨.૨૦૭ | |

સારણી ૪.૧નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના ધાર્મિક મૂલ્યોની સરાસરી ૧૧.૦૪ અને ૧૧.૦૨૩ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૪૬૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે જાતીયતાની શિક્ષકોના ધાર્મિક મૂલ્યો ઉપર અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૨.૨ શૈક્ષણિક લાયકાત અને ધાર્મિક મૂલ્યો

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ

અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૨ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨**

**વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૭૯૪ | ૧૧.૫૧ | ૩.૬૪૯ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૩૨૨૨ | ૧૦.૯૬ | ૩.૬૪૭ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૨૫૩૧ | ૧૧.૩૦ | ૩.૨૧૯ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૬૨૩ | ૧૦.૫૬ | ૩.૫૦૦ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૪૩.૫૨૩ | ૩ | ૧૪.૫૦૮ | ૧.૧૯૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૮૨૩.૭૩૪ | ૬૪૨ | ૧૨.૧૮૭ | |

સારણી ૪.૨ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના ધાર્મિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૧.૫૧, ૧૦.૯૬, ૧૧.૩૦ અને ૧૦.૫૬ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૧૯૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના ધાર્મિક મૂલ્યો ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

### ૪.૨.૩ *શૈક્ષણિક અનુભવ અને ધાર્મિક મૂલ્યો*

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૩ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩**
**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૧૭૭૬ | ૧૧.૩૧ | ૩.૬૩૯ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૧૬૧૨ | ૧૦.૮૨ | ૩.૧૩૯ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૧૪૮૪ | ૧૦.૯૯ | ૩.૪૦૪ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૨૩૦૦ | ૧૧.૨૨ | ૩.૬૮૩ |

**વિચરણ પૃથક્કરણ**

| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૨૩.૧૫૪ | ૩ | ૭.૭૧૮ | ૦.૬૩૨ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૮૪૪.૧૦૩ | ૬૪૨ | ૧૨.૨૧૮ | |

સારણી ૪.૩માં દર્શાવ્યા અનુસાર અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના ધાર્મિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૧.૩૧, ૧૦.૮૨, ૧૦.૯૯ અને ૧૧.૨૨ હતી.

ચાર જૂથોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૬૩૨ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના ધાર્મિક મૂલ્યો ઉપર શૈક્ષણિક અનુભવની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૨.૪ વૈવાહિક દરજ્જો અને ધાર્મિક મૂલ્યો

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૪માં આપી છે.

સારણી ૪.૪ના શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૪**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૪૯૯૦ | ૧૦.૯૨ | ૩.૫૩૨ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૨૧૧૩ | ૧૧.૧૮ | ૩.૪૭૭ |
| | | **વિચરણ પૃથક્કરણ** | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૯.૩૨૫ | ૧ | ૯.૩૨૫ | ૦.૪૬૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૮૫૭.૯૩૨ | ૬૪૪ | ૧૨.૨૦૭ | |

સારણી ૪.૪નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના ધાર્મિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૦.૯૨ અને ૧૧.૧૮ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૪૬૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના ધાર્મિક મૂલ્યો ઉપર વૈવાહિક દરજ્જાની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૪નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૨.૫ કુટુંબનો પ્રકાર અને ધાર્મિક મૂલ્યો

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૫માં આપી છે.

સારણી ૪.૫ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથોના પાત્રોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૫**

**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૪૩૮૦ | ૧૧.૨૩ | ૩.૫૫૫ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૨૭૯૩ | ૧૦.૯૧ | ૩.૩૯૩ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૧૬.૨૭૬ | ૧ | ૧૬.૨૭૬ | ૧.૩૩૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૮૫૦.૯૮૧ | ૬૪૪ | ૧૨.૧૯૧ | |

સારણી ૪.૫નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના ધાર્મિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૧.૨૩ અને ૧૦.૯૧ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૩૩૫ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના ધાર્મિક મૂલ્યો ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૫નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૨.૬ ઉંમર અને ધાર્મિક મૂલ્યો

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૬માં રજૂ કરવામાં આવી છે.

૩૦ વર્ષથી ઓછી ઉંમર, ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમર તથા ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૬ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

## સારણી – ૪.૬
## વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ વર્ષથી ઓછી ઉંમર | ૧૭૨ | ૧૯૪૪ | ૧૧.૩૦ | ૩.૬૫૫ |
| ૨. | ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર | ૨૩૧ | ૨૪૯૨ | ૧૦.૭૯ | ૩.૩૦૫ |
| ૩. | ૪૦ વર્ષથી વધુ ઉંમર | ૨૪૩ | ૨૭૩૬ | ૧૧.૨૬ | ૩.૫૪૨ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્દગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | ઉંમરના આધારે જૂથ | ૩૪.૬૮૬ | ૨ | ૧૭.૩૪૩ | ૧.૪૨૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૮૩૨.૫૭૧ | ૬૪૩ | ૧૨.૧૮૧ | |

સારણી ૪.૬માં દર્શાવ્યા અનુસાર ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૧.૩૦, ૧૦.૭૯ અને ૧૧.૨૬ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૪૨૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના ધાર્મિક મૂલ્યો ઉપર તેમની ઉંમરની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૬નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન ઉંમર ધરાવતા શિક્ષકોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૨.૭ શાળાનો વિસ્તાર અને ધાર્મિક મૂલ્યો*

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૭ના શરૂઆતના ભાગમાં

દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭**

**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૨૫૩૮ | ૧૧.૧૩ | ૩.૪૮૮ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૧૬૩૬ | ૧૧.૧૩ | ૩.૩૫૨ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૩૦૦૦ | ૧૧.૦૭ | ૩.૫૮૨ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્દગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૦.૫૯૭ | ૨ | ૦.૨૯૮ | ૦.૦૨૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૮૬૬.૬૬૦ | ૬૪૩ | ૧૨.૨૩૪ | |

સારણી ૪.૭માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૧.૧૩, ૧૧.૧૩ અને ૧૧.૦૭ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૦૨૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના ધાર્મિક મૂલ્યો ઉપર તેની શાળાના વિસ્તારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૭નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન વિસ્તારની શાળાઓના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

### ૪.૨.૮ શાળા સંચાલનનો પ્રકાર અને ધાર્મિક મૂલ્યો

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૮ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૪૦૩૩ | ૧૦.૯૩ | ૩.૫૭૧ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૧૬૩૨ | ૧૧.૧૮ | ૩.૫૧૭ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૧૫૦૪ | ૧૧.૪૮ | ૩.૨૨૩ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૩૦.૧૦૯ | ૨ | ૧૫.૦૫૪ | ૧.૨૩૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૮૩૭.૧૪૮ | ૬૪૩ | ૧૨.૧૮૮ | |

સારણી ૪.૮માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૦.૯૩, ૧૧.૧૮ અને ૧૧.૪૮ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૨૩૫ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના ધાર્મિક મૂલ્યો ઉપર શાળાના સંચાલનના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૮નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન સંચાલનવાળી શાળાઓના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૩.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના સામાજિક મૂલ્યો

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોના સામાજિક મૂલ્યો સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોના સામાજિક મૂલ્યની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જયાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

### *૪.૩.૧ જાતીયતા અને સામાજિક મૂલ્યો*

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૯માં આપી છે.

સારણી ૪.૯ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સામાજિક મૂલ્યોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૯**

**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૬૫૯૭ | ૧૫.૪૫ | ૩.૦૭૪ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૩૨૮૧ | ૧૪.૯૮ | ૩.૩૭૧ |
| | | વિચરણ પૃથક્કરણ | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૩૨.૩૩૧ | ૧ | ૩૨.૩૩૧ | ૩.૨૦૧ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૫૦૩.૭૮૬ | ૬૪૪ | ૧૦.૦૯૯ | |

સારણી ૪.૯નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના સામાજિક મૂલ્યોની સરાસરી ૧૫.૪૫ અને ૧૪.૯૮ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૩.૨૦૧ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે જાતીયતાની શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉપર અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૯નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૩.૨ શૈક્ષણિક લાયકાત અને સામાજિક મૂલ્યો*

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧૦માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૧૦ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૦**

**વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૧૦૫૭ | ૧૫.૩૨ | ૩.૭૫૧ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૪૫૧૩ | ૧૫.૩૫ | ૩.૨૦૯ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૩૪૭૪ | ૧૫.૫૧ | ૩.૦૨૫ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૮૩૭ | ૧૪.૧૯ | ૨.૭૫૧ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૮૩.૫૮૯ | ૩ | ૨૭.૮૬૩ | ૨.૭૭૨ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૫૨.૫૨૯ | ૬૪૨ | ૧૦.૦૫૧ | |

સારણી ૪.૧૦ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના સામાજિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૩૨, ૧૫.૩૫, ૧૫.૫૧ અને ૧૪.૧૯ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૨.૭૭૨ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૦નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૩.૩ *શૈક્ષણિક અનુભવ અને સામાજિક મૂલ્યો*

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧૧માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૧૧ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૧**
**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૨૬૩૮ | ૧૬.૦૮ | ૩.૩૧૩ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૨૧૯૬ | ૧૪.૭૪ | ૩.૪૨૨ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૨૦૪૫ | ૧૫.૧૫ | ૩.૦૭૫ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૩૧૧૪ | ૧૫.૧૯ | ૨.૮૬૬ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૧૪૮.૭૮૫ | ૩ | ૪૯.૫૯૫ | ૪.૯૮૫** |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૩૮૭.૩૩૩ | ૬૪૨ | ૯.૯૪૯ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૧૧માં દર્શાવ્યા અનુસાર શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના સામાજિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૬.૦૮, ૧૪.૭૪, ૧૫.૧૫ અને ૧૫.૧૯ હતી.

ચાર જૂથોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૪.૯૮૫ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૧૧નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉપર વિભિન્ન શૈક્ષણિક અનુભવની અસર જણાય છે. એટલે કે વિભિન્ન શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોનાં પાત્રો સામાજિક મૂલ્યોની બાબતમાં ભિન્ન હતા.

વિભિન્ન શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે કુલ છ ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૧૧.૧માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૧૧.૧**

**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | - | ૩.૪૯૨** | ૨.૪૮૫* | ૨.૭૪** |
| ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | - | - | ૧.૦૫૮ | ૧.૩૪૯ |
| ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | - | - | - | ૦.૧૨૯ |
| ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | - | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ અને બે ટી–મૂલ્યો ૦.૦૧ કક્ષાએ સાર્થક હતાં.

સારણી ૪.૧૧માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોનું સામાજિક મૂલ્ય અન્ય જૂથના શિક્ષકો કરતાં વધારે હતું. જયારે ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો તથા ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૩.૪ વૈવાહિક દરજ્જો અને સામાજિક મૂલ્યો

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧૨માં આપી છે.

સારણી ૪.૧૨ના શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૨**
**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૭૦૮૮ | ૧૫.૫૧ | ૩.૩૨૧ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૨૮૭૩ | ૧૫.૨૦ | ૩.૧૨૪ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૧૨.૮૨૬ | ૧ | ૧૨.૮૨૬ | ૧.૨૬૬ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૫૨૩.૨૯૧ | ૬૪૪ | ૧૦.૧૨૯ | |

સારણી ૪.૧૨નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના સામાજિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૫૧ અને ૧૫.૨૦ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૨૬૬ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉપર વૈવાહિક દરજ્જાની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૨નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૩.૫ કુટુંબનો પ્રકાર અને સામાજિક મૂલ્યો

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી૪.૧૩માં આપી છે.

સારણી ૪.૧૩ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની

સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૩**
**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૬૦૦૨ | ૧૫.૩૯ | ૩.૩૫૨ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૩૮૭૬ | ૧૫.૧૪ | ૨.૯૦૭ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૯.૯૯૦ | ૧ | ૯.૯૯૦ | ૦.૯૮૬ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૫૨૬.૧૨૭ | ૬૪૪ | ૧૦.૧૩૪ | |

સારણી ૪.૧૩નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના સામાજિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૩૯ અને ૧૫.૧૪ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૯૮૬ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૩.૬ ઉંમર અને સામાજિક મૂલ્યો

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧૪માં રજૂ કરવામાં આવી છે.

૩૦ વર્ષથી ઓછી ઉંમર, ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમર તથા ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૧૪ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૪**

**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ વર્ષથી ઓછી ઉંમર | ૧૭૨ | ૨૬૧૧ | ૧૫.૧૮ | ૩.૪૮૨ |
| ૨. | ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર | ૨૩૧ | ૩૫૬૭ | ૧૫.૪૪ | ૩.૨૭૯ |
| ૩. | ૪૦ વર્ષથી વધુ ઉંમર | ૨૪૩ | ૩૭૦૩ | ૧૫.૨૪ | ૨.૮૬૨ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | ઉંમરના આધારે જૂથ | ૭.૭૦૯ | ૨ | ૩.૮૫૪ | ૦.૩૮૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૫૨૮.૪૦૯ | ૬૪૩ | ૧૦.૧૫૩ | |

સારણી ૪.૧૪માં દર્શાવ્યા અનુસાર ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૧૮, ૧૫.૪૪ અને ૧૫.૨૪ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૩૮૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉપર તેમની ઉંમરની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૪નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન ઉંમર ધરાવતા શિક્ષકોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૩.૭ શાળાનો વિસ્તાર અને સામાજિક મૂલ્યો*

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧૫માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૧૫ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૫**
**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૩૪૬૮ | ૧૫.૨૧ | ૩.૩૯૭ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૨૧૯૬ | ૧૪.૯૪ | ૩.૨૬૯ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૪૨૧૭ | ૧૫.૫૬ | ૨.૯૨૯ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૩૯.૬૧૨ | ૨ | ૧૮.૮૦૬ | ૧.૯૬૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૯૬.૫૦૬ | ૬૪૩ | ૧૦.૧૦૩ | |

સારણી ૪.૧૫માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૨૧, ૧૪.૯૪ અને ૧૫.૫૬ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૯૬૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉપર તેની શાળાના વિસ્તારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૫નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન વિસ્તારની શાળાઓના શિક્ષકોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૩.૮ શાળા સંચાલનનો પ્રકાર અને સામાજિક મૂલ્યો

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧૬માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૧૬ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૬**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૫૬૦૫ | ૧૫.૧૯ | ૨.૮૯૭ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૨૩૧૦ | ૧૫.૮૨ | ૩.૫૩૨ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૧૯૬૬ | ૧૫.૦૧ | ૩.૪૯૦ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૫૫.૬૫૮ | ૨ | ૨૭.૮૨૯ | ૨.૭૬૧ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૮૦.૪૬૦ | ૬૪૩ | ૧૦.૦૭૮ | |

સારણી ૪.૧૬માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૧૯, ૧૫.૮૨ અને ૧૫.૦૧ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૨.૭૬૧ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉપર શાળાના સંચાલનના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૬નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન સંચાલનવાળી શાળાઓના શિક્ષકોના સામાજિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૪.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના લોકશાહી મૂલ્યો

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોના લોકશાહી મૂલ્યો સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોના લોકશાહી મૂલ્યની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જ્યાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

### *૪.૪.૧ જાતીયતા અને લોકશાહી મૂલ્યો*

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી૪.૧૭માં આપી છે.

સારણી ૪.૧૭ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની લોકશાહી મૂલ્યોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૧૭**

**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૬૬૨૩ | ૧૫.૫૧ | ૩.૩૭૯ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૩૩૭૭ | ૧૫.૪૨ | ૩.૧૫૩ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૧.૦૧૦ | ૧ | ૧.૦૧૦ | ૦.૦૯૩ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૦૩૦.૨૨૮ | ૬૪૪ | ૧૦.૯૧૭ | |

સારણી ૪.૧૭નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના લોકશાહી મૂલ્યોની સરાસરી ૧૫.૫૧ અને ૧૫.૪૨ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૦૯૩ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે જાતીયતાની શિક્ષકોના લોકશાહી મૂલ્યો ઉપર અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૭નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૪.૨ શૈક્ષણિક લાયકાત અને લોકશાહી મૂલ્યો

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧૮માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૧૮ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૮**

**વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૧૦૧૯ | ૧૪.૭૭ | ૩.૫૬૯ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૪૬૨૮ | ૧૫.૭૪ | ૩.૪૦૮ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૩૪૪૫ | ૧૫.૩૮ | ૨.૯૫૭ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૯૦૮ | ૧૫.૩૯ | ૩.૬૦૧ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૫૮.૫૪૭ | ૩ | ૧૯.૫૧૬ | ૧.૭૯૭ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૯૭૨.૬૯૧ | ૬૪૨ | ૧૦.૮૬૧ | |

સારણી ૪.૧૮ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના લોકશાહી મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૪.૭૭, ૧૫.૭૪, ૧૫.૩૮ અને ૧૫.૩૯ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૭૯૭ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના લોકશાહી મૂલ્યો ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૮નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૪.૩ શૈક્ષણિક અનુભવ અને લોકશાહી મૂલ્યો

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૧૯માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી સારણી ૪.૧૯ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૧૯**

**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૨૪૦૦ | ૧૫.૨૯ | ૨.૯૭૫ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૨૩૨૧ | ૧૫.૫૮ | ૩.૩૯૭ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૨૧૧૫ | ૧૫.૬૭ | ૩.૩૮૧ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૩૧૬૧ | ૧૫.૪૨ | ૩.૪૨૮ |

**વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૧૨.૯૩૪ | ૩ | ૪.૩૧૧ | ૦.૩૯૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૦૧૮.૩૦૫ | ૬૪૨ | ૧૦.૯૩૨ | |

સારણી ૪.૧૯માં દર્શાવ્યા અનુસાર અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના લોકશાહી મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૨૯, ૧૫.૫૮, ૧૫.૬૭ અને ૧૫.૪૨ હતી.

ચાર જૂથોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૩૯૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના લોકશાહી મૂલ્યો ઉપર શૈક્ષણિક અનુભવની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૧૯નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

### ૪.૪.૪ વૈવાહિક દરજ્જો અને લોકશાહી મૂલ્યો

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૦માં આપી છે.

સારણી ૪.૨૦ના શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૦**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૭૧૨૦ | ૧૫.૫૮ | ૩.૨૩૭ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૨૯૧૮ | ૧૫.૪૪ | ૩.૩૩૧ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૨.૫૦૬ | ૧ | ૨.૫૦૬ | ૦.૨૩૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૦૨૮.૭૩૩ | ૬૪૪ | ૧૦.૯૧૪ | |

સારણી ૪.૨૦નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના લોકશાહી મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૫૮ અને ૧૫.૪૪ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૨૩૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના લોકશાહી મૂલ્યો ઉપર વૈવાહિક દરજ્જાની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૦નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૪.૫ કુટુંબનો પ્રકાર અને લોકશાહી મૂલ્યો

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૧માં આપી છે.

સારણી ૪.૨૧ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૧**
**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૬૦૬૧ | ૧૫.૫૪ | ૩.૨૪૮ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૩૯૪૦ | ૧૫.૩૯ | ૩.૩૮૭ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૩.૩૭૮ | ૧ | ૩.૩૭૮ | ૦.૩૧૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૦૨૭.૮૬૧ | ૬૪૪ | ૧૦.૯૧૩ | |

સારણી ૪.૨૧નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના લોકશાહી મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૫૪ અને ૧૫.૩૯ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૩૧૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના લોકશાહી મૂલ્યો ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૧નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૪.૬ ઉંમર અને લોકશાહી મૂલ્યો

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૨માં રજૂ કરવામાં આવી છે.

૩૦ વર્ષથી ઓછી ઉંમર, ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમર તથા ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી સારણી ૪.૨૨ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૨**
**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ વર્ષથી ઓછી ઉંમર | ૧૭૨ | ૨૬૩૮ | ૧૫.૩૪ | ૩.૨૭૪ |
| ૨. | ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર | ૨૩૧ | ૩૫૯૨ | ૧૫.૫૫ | ૩.૧૭૪ |
| ૩. | ૪૦ વર્ષથી વધુ ઉંમર | ૨૪૩ | ૩૭૬૯ | ૧૫.૫૧ | ૩.૪૪૮ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | ઉંમરના આધારે જૂથ | ૪.૯૧૯ | ૨ | ૨.૪૬૦ | ૦.૨૨૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૦૨૬.૩૧૯ | ૬૪૩ | ૧૦.૯૨૭ | |

સારણી ૪.૨૨માં દર્શાવ્યા અનુસાર ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૩૪, ૧૫.૫૫ અને ૧૫.૫૧ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૨૨૫ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના લોકશાહી મૂલ્યો ઉપર તેમની ઉંમરની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૨નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન ઉંમર ધરાવતા શિક્ષકોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૪.૭ શાળાનો વિસ્તાર અને લોકશાહી મૂલ્યો*

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૩માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી સારણી ૪.૨૩ના શરૂઆતના

ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૩**

**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૩૪૭૫ | ૧૫.૨૪ | ૩.૧૩૫ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૨૨૪૦ | ૧૫.૨૪ | ૩.૬૭૦ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૪૨૮૭ | ૧૫.૮૨ | ૩.૨૦૯ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૫૨.૫૮૬ | ૨ | ૨૬.૨૯૩ | ૨.૪૨૩ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૯૭૮.૬૫૨ | ૬૪૩ | ૧૦.૮૫૩ | |

સારણી ૪.૨૩માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૨૪, ૧૫.૨૪ અને ૧૫.૮૨ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૨.૪૨૩ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના લોકશાહી મૂલ્યો ઉપર તેની શાળાના વિસ્તારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન વિસ્તારની શાળાઓના શિક્ષકોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૪.૮ શાળા સંચાલનનો પ્રકાર અને લોકશાહી મૂલ્યો

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૪માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી સારણી ૪.૨૪ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૪**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૫૭૦૮ | ૧૫.૪૭ | ૩.૩૮૪ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૨૨૨૫ | ૧૫.૨૪ | ૩.૨૪૦ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૨૦૬૫ | ૧૫.૭૬ | ૩.૧૩૩ |

**વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૧૮.૯૫૯ | ૨ | ૯.૪૮૦ | ૦.૮૬૯ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૦૧૨.૨૭૯ | ૬૪૩ | ૧૦.૯૦૬ | |

સારણી ૪.૨૪માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૫.૪૭, ૧૫.૨૪ અને ૧૫.૭૬ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૮૬૯ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના લોકશાહી મૂલ્યો ઉપર શાળાના સંચાલનના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૪નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન સંચાલનવાળી શાળાઓના શિક્ષકોના લોકશાહી મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૫.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના સૌંદર્યાત્મક મૂલ્યો

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોના સૌંદર્યાત્મક મૂલ્યની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જ્યાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

### *૪.૫.૧ જાતીયતા અને સૌંદર્યાત્મક મૂલ્યો*

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૫માં આપી છે.

સારણી ૪.૨૫ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૨૫**

**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૫૪૧૯ | ૧૨.૬૯ | ૩.૪૩૨ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૨૮૪૯ | ૧૩.૦૧ | ૩.૩૯૨ |
| | | વિચરણ પૃથક્કરણ | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૧૫.૩૦૬ | ૧ | ૧૫.૩૦૬ | ૧.૩૧૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૫૨૬.૫૩૩ | ૬૪૪ | ૧૧.૬૮૭ | |

સારણી ૪.૨૫નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી ૧૨.૬૯ અને ૧૩.૦૧ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૩૧૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે જાતીયતાની શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉપર અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૫નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૫.૨ શૈક્ષણિક લાયકાત અને સૌંદર્યાત્મક મૂલ્યો

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૬માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૨૬ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૬**

**વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૯૦૯ | ૧૩.૧૭ | ૩.૧૮૫ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૩૭૩૭ | ૧૨.૭૧ | ૩.૪૦૭ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૨૮૨૨ | ૧૨.૬૦ | ૩.૪૬૮ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૭૯૮ | ૧૩.૫૩ | ૩.૫૧૫ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૫૧.૫૭૬ | ૩ | ૧૭.૧૯૨ | ૧.૪૭૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૪૯૦.૨૬૩ | ૬૪૨ | ૧૧.૬૬૭ | |

સારણી ૪.૨૬ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૩.૧૭, ૧૨.૭૧, ૧૨.૬૦ અને ૧૩.૫૩ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ—મૂલ્ય ૧.૪૭૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના—૨૬નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૫.૩ શૈક્ષણિક અનુભવ અને સૌંદર્યાત્મક મૂલ્યો*

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૭માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૨૭ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ—મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૭**

**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૨૦૫૭ | ૧૩.૧૦ | ૩.૫૧૫ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૧૮૪૦ | ૧૨.૩૫ | ૩.૨૬૯ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૧૭૩૩ | ૧૨.૮૪ | ૩.૪૭૧ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૨૬૩૮ | ૧૨.૮૭ | ૩.૪૧૦ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૪૫.૩૦૩ | ૩ | ૧૫.૧૦૧ | ૧.૨૯૩ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૪૯૬.૫૩૬ | ૬૪૨ | ૧૧.૬૭૭ | |

સારણી ૪.૨૭માં દર્શાવ્યા અનુસાર અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૩.૧૦, ૧૨.૩૫, ૧૨.૮૪ અને ૧૨.૮૭ હતી.

ચાર જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૨૯૩ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉપર શૈક્ષણિક અનુભવની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૭નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૫.૪ વૈવાહિક દરજ્જો અને સૌંદર્યાત્મક મૂલ્યો

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૮માં આપી છે.

સારણી ૪.૨૮ના શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૮**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૫૮૨૭ | ૧૨.૭૫ | ૩.૫૮૯ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૨૪૨૩ | ૧૨.૮૨ | ૩.૩૫૧ |
| | | વિચરણ પૃથક્કરણ | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૦.૬૦૧ | ૧ | ૦.૬૦૧ | ૦.૦૫૧ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૫૪૧.૨૩૮ | ૬૪૪ | ૧૧.૭૧૦ | |

સારણી ૪.૨૮નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૨.૭૫ અને ૧૨.૮૨ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૦૫૧ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉપર વૈવાહિક દરજ્જાની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૮નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૫.૫ કુટુંબનો પ્રકાર અને સૌંદર્યાત્મક મૂલ્યો

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૨૯માં આપી છે.

સારણી ૪.૨૯ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૨૯**

**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૪૯૪૫ | ૧૨.૬૮ | ૩.૪૬૯ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૩૩૨૦ | ૧૨.૯૭ | ૩.૩૪૧ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૧૨.૮૨૩ | ૧ | ૧૨.૮૨૩ | ૧.૦૯૭ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૫૨૯.૦૧૬ | ૬૪૪ | ૧૧.૬૯૧ | |

સારણી ૪.૨૯નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૨.૬૮ અને ૧૨.૯૭ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૦૯૭ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૨૯નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૫.૬ ઉંમર અને સૌંદર્યાત્મક મૂલ્યો*

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૦માં રજૂ કરવામાં આવી છે.

૩૦ વર્ષથી ઓછી ઉંમર, ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમર તથા ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૩૦ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩૦**
**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ વર્ષથી ઓછી ઉંમર | ૧૭૨ | ૨૧૯૬ | ૧૨.૭૭ | ૩.૩૬૩ |
| ૨. | ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર | ૨૩૧ | ૩૦૦૩ | ૧૩.૦૦ | ૩.૫૮૩ |
| ૩. | ૪૦ વર્ષથી વધુ ઉંમર | ૨૪૩ | ૩૦૬૯ | ૧૨.૬૩ | ૩.૩૦૨ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | ઉંમરના આધારે જૂથ | ૧૬.૦૨૦ | ૨ | ૮.૦૧૦ | ૦.૬૮૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૫૨૫.૮૧૯ | ૬૪૩ | ૧૧.૭૦૪ | |

સારણી ૪.૩૦માં દર્શાવ્યા અનુસાર ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૨.૭૭, ૧૩.૦૦ અને ૧૨.૬૩ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૬૮૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉપર તેમની ઉંમરની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩૦નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન ઉંમર ધરાવતા શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૫.૭ શાળાનો વિસ્તાર અને સૌંદર્યાત્મક મૂલ્યો*

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૧માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૩૧ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩૧**

**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૨૮૦૪ | ૧૨.૩૦ | ૩.૫૯૦ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૧૯૨૧ | ૧૩.૦૭ | ૩.૪૨૫ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૩૫૪૨ | ૧૩.૦૭ | ૩.૨૩૦ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૮૬.૭૩૯ | ૨ | ૪૩.૩૭૦ | ૩.૭૪૧* |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૪૫૫.૧૦૦ | ૬૪૩ | ૧૧.૫૯૪ | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી ૪.૩૧માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૨.૩૦, ૧૩.૦૭ અને ૧૩.૦૭ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૩.૭૪૧ હતું જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૩૧નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉપર શાળાના વિસ્તારની અસર જણાય છે એટલે કે વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોનાં પાત્રો સૌંદર્યાત્મક મૂલ્યોની બાબતમાં ભિન્ન હતા.

શાળાના વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે ત્રણ ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૩૧.૧માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૩૧.૧**

**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો* | *અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો* | *ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો* |
|---|---|---|---|
| શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | - | ૨.૦૭૦* | ૨.૫૦* |
| અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | - | - | ૦.૦૨૫ |
| ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત ટી–મૂલ્યો પૈકી બે ટી–મૂલ્યો ૦.૦૫ કક્ષાએ સાર્થક હતા.

સારણી ૪.૩૧માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો અન્ય જૂથની સરખામણીમાં નીચા હતા, જ્યારે અર્ધશહેરી વિસ્તારના માધ્યમિક શાળાના શિક્ષકો અને ગ્રામ્ય–વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૫.૮ શાળા સંચાલનનો પ્રકાર અને સૌંદર્યાત્મક મૂલ્યો

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૨માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૩૨ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩૨**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૪૭૭૯ | ૧૨.૯૫ | ૩.૩૪૨ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૧૮૪૮ | ૧૨.૬૬ | ૩.૪૫૧ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૧૬૪૧ | ૧૨.૫૩ | ૩.૬૦૦ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૨૦.૬૦૬ | ૨ | ૧૦.૩૦૩ | ૦.૮૮૧ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૫૨૧.૨૩૩ | ૬૪૩ | ૧૧.૬૯૭ | |

સારણી ૪.૩૨માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૨.૯૫, ૧૨.૬૬ અને ૧૨.૫૩ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૮૮૧ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો ઉપર શાળાના સંચાલનના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩૨નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન સંચાલનવાળી શાળાઓના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૬.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના આર્થિક મૂલ્યો

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોના આર્થિક મૂલ્યો સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોના આર્થિક મૂલ્યોની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જયાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

### *૪.૬.૧ જાતીયતા અને આર્થિક મૂલ્યો*

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૩માં આપી છે.

સારણી ૪.૩૩ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની આર્થિક મૂલ્યોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૩૩**

**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૩૬૬૪ | ૮.૫૮ | ૩.૧૪૭ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૧૯૫૧ | ૮.૯૧ | ૩.૨૦૮ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૧૬.૪૫૩ | ૧ | ૧૬.૪૫૩ | ૧.૬૪૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૬૧.૬૨૮ | ૬૪૪ | ૧૦.૦૩૪ | |

સારણી ૪.૩૩નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના આર્થિક મૂલ્યોની સરાસરી ૮.૫૮ અને ૮.૯૧ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૬૪૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે જાતીયતાની શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉપર અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૬.૨ શૈક્ષણિક લાયકાત અને આર્થિક મૂલ્યો

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૪માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૩૪ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩૪**

**વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૬૧૮ | ૮.૯૬ | ૩.૬૫૬ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૨૫૨૫ | ૮.૫૯ | ૩.૧૦૫ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૧૯૮૦ | ૮.૮૪ | ૩.૧૯૪ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૪૯૦ | ૮.૩૧ | ૨.૭૭૫ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૨૧.૯૭૧ | ૩ | ૭.૩૨૪ | ૦.૭૨૮ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૫૬.૧૧૦ | ૬૪૨ | ૧૦.૦૫૬ | |

સારણી ૪.૩૪ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના આર્થિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૮.૯૬, ૮.૫૯, ૮.૮૪ અને ૮.૩૧ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૭૨૮ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩૪નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

### *૪.૬.૩ શૈક્ષણિક અનુભવ અને આર્થિક મૂલ્યો*

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૫માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૩૫ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

## સારણી – ૪.૩૫
## વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૧૨૯૪ | ૮.૨૪ | ૩.૧૨૪ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૧૩૪૭ | ૯.૦૪ | ૩.૨૪૪ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૧૧૭૯ | ૮.૭૩ | ૩.૩૭૯ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૧૭૯૪ | ૮.૭૫ | ૨.૯૮૪ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૫૦.૮૦૭ | ૩ | ૧૬.૯૩૬ | ૧.૬૯૨ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૨૭.૨૭૩ | ૬૪૨ | ૧૦.૦૧૧ | |

સારણી ૪.૩૫માં દર્શાવ્યા અનુસાર અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના આર્થિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૮.૨૪, ૯.૦૪, ૮.૭૩ અને ૮.૭૫ હતી.

ચાર જૂથોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૬૯૨ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉપર શૈક્ષણિક અનુભવની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩૫નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૬.૪ વૈવાહિક દરજ્જો અને આર્થિક મૂલ્યો*

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૬માં આપી છે.

સારણી ૪.૩૬ના શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩૬**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૩૮૮૯ | ૮.૫૧ | ૩.૨૭૭ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૧૬૫૮ | ૮.૭૭ | ૩.૧૪૬ |
| | | **વિચરણ પૃથક્કરણ** | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૮.૮૯૫ | ૧ | ૮.૮૯૫ | ૦.૮૮૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૬૯.૧૮૬ | ૬૪૪ | ૧૦.૦૪૫ | |

સારણી ૪.૩૬નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના આર્થિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૮.૫૧ અને ૮.૭૭ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૮૮૫ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉપર વૈવાહિક દરજ્જાની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩૬નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૬.૫ કુટુંબનો પ્રકાર અને આર્થિક મૂલ્યો

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૭માં આપી છે.

સારણી ૪.૩૭ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩૭**
**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૩૩૧૧ | ૮.૪૯ | ૩.૧૭૫ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૨૩૦૪ | ૯.૦૦ | ૩.૧૪૨ |
| **વિચરણ પૃથક્કરણ** | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૩૯.૬૨૫ | ૧ | ૩૯.૬૨૫ | ૩.૯૬૩ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૩૮.૪૫૫ | ૬૪૪ | ૯.૯૯૮ | |

સારણી ૪.૩૭નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના આર્થિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૮.૪૯ અને ૯.૦૦ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૩.૯૬૩ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩૭નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૬.૬ ઉંમર અને આર્થિક મૂલ્યો

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૮માં રજૂ કરવામાં આવી છે.

૩૦ વર્ષથી ઓછી ઉંમર, ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમર તથા ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૩૮ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩૮**

**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ વર્ષથી ઓછી ઉંમર | ૧૭૨ | ૧૪૬૪ | ૮.૫૧ | ૩.૧૯૬ |
| ૨. | ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર | ૨૩૧ | ૨૦૪૭ | ૮.૮૬ | ૩.૨૫૫ |
| ૩. | ૪૦ વર્ષથી વધુ ઉંમર | ૨૪૩ | ૨૧૦૪ | ૮.૬૬ | ૩.૦૭૧ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | ઉંમરના આધારે જૂથ | ૧૨.૧૬૮ | ૨ | ૬.૦૮૪ | ૦.૬૦૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૬૫.૯૧૩ | ૬૪૩ | ૧૦.૦૫૬ | |

સારણી ૪.૩૮માં દર્શાવ્યા અનુસાર ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૮.૫૧, ૮.૮૬ અને ૮.૬૬ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૬૦૫ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉપર તેમની ઉંમરની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૩૮નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન ઉંમર ધરાવતા શિક્ષકોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૬.૭ શાળાનો વિસ્તાર અને આર્થિક મૂલ્યો

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૩૯માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૩૯ના શરૂઆતના ભાગમાં

દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૩૯**

**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૨૧૩૯ | ૯.૩૮ | ૩.૪૧૯ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૧૨૬૯ | ૮.૬૩ | ૨.૮૪૬ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૨૨૦૬ | ૮.૧૪ | ૩.૦૧૩ |
| **વિચરણ પૃથક્કરણ** | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૧૯૦.૪૬૯ | ૨ | ૯૫.૨૩૪ | ૯.૭૩૯** |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૨૮૭.૬૧૨ | ૬૪૩ | ૯.૭૭૯ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૩૯માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૯.૩૮, ૮.૬૩ અને ૮.૧૪ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૯.૭૩૯ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૩૯નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉપર શાળાના વિસ્તારની અસર જણાય છે

એટલે કે વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોનાં પાત્રો આર્થિક મૂલ્યોની બાબતમાં ભિન્ન હતા.

શાળાના વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે ત્રણ ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૩૯.૧માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૩૯.૧**

**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો* | *અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો* | *ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો* |
|---|---|---|---|
| શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | - | ૨.૨૨૮* | ૪.૨૯૭** |
| અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | - | - | ૧.૫૯૨ |
| ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ અને એક ટી–મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

સારણી ૪.૩૯માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યો અન્ય જૂથોના શિક્ષકો કરતાં ઊંચા હતાં જયારે અર્ધશહેરી વિસ્તારના માધ્યમિક શાળાના શિક્ષકો અને ગ્રામ્ય–વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૬.૮ શાળા સંચાલનનો પ્રકાર અને આર્થિક મૂલ્યો

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૪૦માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૪૦ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૪૦**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૩૨૦૭ | ૮.૬૯ | ૩.૧૩૯ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૧૨૧૮ | ૮.૩૪ | ૩.૦૩૯ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૧૧૯૦ | ૯.૦૮ | ૩.૩૬૭ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૩૭.૯૬૮ | ૨ | ૧૮.૯૮૪ | ૧.૮૯૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૪૪૦.૧૧૩ | ૬૪૩ | ૧૦.૦૧૬ | |

સારણી ૪.૪૦માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૮.૬૯, ૮.૩૪ અને ૯.૦૮ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૮૯૫ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉપર શાળાના સંચાલનના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૪૦નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન સંચાલનવાળી શાળાઓના શિક્ષકોના આર્થિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૭.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના જ્ઞાનાત્મક મૂલ્યો

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યો સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોના જ્ઞાનાત્મક મૂલ્યની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જયાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

### *૪.૭.૧ જાતીયતા અને જ્ઞાનાત્મક મૂલ્યો*

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૪૧માં આપી છે.

સારણી ૪.૪૧ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત

ભાગમાં બે જૂથના પાત્રોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૪૧**

**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૬૧૯૬ | ૧૪.૫૧ | ૩.૨૫૮ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૩૧૧૨ | ૧૪.૨૧ | ૩.૧૨૩ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૧૩.૨૭૬ | ૧ | ૧૩.૨૭૬ | ૧.૨૮૬ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૬૪૭.૦૧૭ | ૬૪૪ | ૧૦.૩૨૧ | |

સારણી ૪.૪૧નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી ૧૪.૫૧ અને ૧૪.૨૧ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૨૮૬ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે જાતીયતાની શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યો ઉપર અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૪૧નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૭.૨ શૈક્ષણિક લાયકાત અને જ્ઞાનાત્મક મૂલ્યો

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૪૨માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ

અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૪૨ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૪૨**

**વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૯૫૯ | ૧૩.૯૦ | ૩.૩૩૫ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૪૩૧૯ | ૧૪.૬૯ | ૩.૧૮૦ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૩૨૧૨ | ૧૪.૩૪ | ૩.૨૭૦ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૮૪૬ | ૧૪.૩૪ | ૩.૦૧૬ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૨૮.૯૨૬ | ૩ | ૯.૬૪૨ | ૦.૯૩૩ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૬૩૧.૩૬૭ | ૬૪૨ | ૧૦.૩૨૯ | |

સારણી ૪.૪૨ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૩.૯૦, ૧૪.૬૯, ૧૪.૩૪ અને ૧૪.૩૪ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૯૩૩ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યો ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૪૨નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

### ૪.૭.૩ શૈક્ષણિક અનુભવ અને જ્ઞાનાત્મક મૂલ્યો

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૪૩માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૪૩ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૪૩**
**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૨૩૨૭ | ૧૪.૮૨ | ૩.૨૮૯ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૨૧૧૪ | ૧૪.૧૯ | ૩.૧૯૮ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૧૯૦૯ | ૧૪.૧૪ | ૩.૫૨૪ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૨૯૫૮ | ૧૪.૪૩ | ૨.૯૩૧ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૪૨.૬૦૭ | ૩ | ૧૪.૨૦૨ | ૧.૩૭૮ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૬૧૭.૬૮૬ | ૬૪૨ | ૧૦.૩૦૮ | |

સારણી ૪.૪૩માં દર્શાવ્યા અનુસાર અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૪.૮૨, ૧૪.૧૯, ૧૪.૧૪ અને ૧૪.૪૩ હતી.

ચાર જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૩૭૮ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યો ઉપર શૈક્ષણિક અનુભવની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૪૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૭.૪ વૈવાહિક દરજ્જો અને જ્ઞાનાત્મક મૂલ્યો

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૪૪માં આપી છે.

સારણી ૪.૪૪ના શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૪૪**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૬૭૦૪ | ૧૪.૬૭ | ૩.૬૬૫ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૨૭૦૩ | ૧૪.૩૦ | ૩.૦૦૫ |
| | વિચરણ પૃથક્કરણ | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૧૮.૩૦૩ | ૧ | ૧૮.૩૦૩ | ૧.૭૭૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૬૪૧.૯૯૦ | ૬૪૪ | ૧૦.૩૧૪ | |

સારણી ૪.૪૪નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૪.૬૭ અને ૧૪.૩૦ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૭૭૫ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યો ઉપર વૈવાહિક દરજ્જાની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૪૪નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૭.૫ કુટુંબનો પ્રકાર અને જ્ઞાનાત્મક મૂલ્યો

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૪૫માં આપી છે.

સારણી ૪.૪૫ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે એફ–મૂલ્ય, વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૪૫**
**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૫૬૪૭ | ૧૪.૪૮ | ૩.૨૧૧ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૩૬૬૧ | ૧૪.૩૦ | ૩.૨૨૦ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૫.૦૭૮ | ૧ | ૫.૦૭૮ | ૦.૪૯૧ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૬૫૫.૨૧૪ | ૬૪૪ | ૧૦.૩૩૪ | |

સારણી ૪.૪૫નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૪.૪૮ અને ૧૪.૩૦ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૪૯૧ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યો ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૪૫નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૭.૬ ઉંમર અને જ્ઞાનાત્મક મૂલ્યો*

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૪૬માં રજૂ કરવામાં આવી છે.

| ૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકો | - | ૨.૩૯૮* | ૩.૪૦૭** |
| ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા શિક્ષકો | - | - | ૧.૨૬૬ |
| ૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક; **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોકત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ અને એક ટી–મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક હતાં.

સારણી ૪.૭૦માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે ૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોનું કૌટુંબિક મૂલ્ય અન્ય જૂથના શિક્ષકો કરતાં વધારે હતું. જયારે ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો તથા ૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૦.૭ શાળાનો વિસ્તાર અને કૌટુંબિક મૂલ્યો

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭૧માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૭૧ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના કૌટુંબિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭૧**
**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૨૬૧૧ | ૧૧.૪૫ | ૩.૦૯૪ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૧૬૧૦ | ૧૦.૯૫ | ૨.૯૧૮ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૨૯૮૧ | ૧૧.૦૦ | ૩.૩૧૮ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૩૨.૧૦૦ | ૨ | ૧૬.૦૫૦ | ૧.૬૧૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૩૮૮.૯૨૯ | ૬૪૩ | ૯.૯૩૬ | |

સારણી ૪.૭૧માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૧.૪૫, ૧૦.૯૫ અને ૧૧.૦૦ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૬૧૫ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના કૌટુંબિક મૂલ્યો ઉપર તેની શાળાના વિસ્તારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૭૧નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્

વિભિન્ન વિસ્તારની શાળાઓના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૧૦.૮ શાળા સંચાલનનો પ્રકાર અને કૌટુંબિક મૂલ્યો*

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭૨માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી સારણી ૪.૭૨ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના કૌટુંબિક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭૨**
**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૪૦૧૮ | ૧૦.૮૯ | ૩.૧૨૮ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૧૭૩૨ | ૧૧.૮૬ | ૩.૨૧૬ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૧૪૫૩ | ૧૧.૦૯ | ૩.૦૬૫ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૯૮.૯૩૦ | ૨ | ૪૯.૪૬૫ | ૫.૦૩૧** |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૩૨૨.૧૦૦ | ૬૪૩ | ૯.૮૩૨ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૭૨માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૦.૮૯, ૧૧.૮૬ અને ૧૧.૦૯ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૫.૦૩૧ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૭૨નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યો ઉપર શિક્ષકોના શાળા સંચાલનના પ્રકારની અસર જણાય છે. એટલે કે શાળા સંચાલનના પ્રકારના આધારે પાડેલા ત્રણ જૂથનાં પાત્રો કૌટુંબિક મૂલ્યોની બાબતમાં ભિન્ન હતાં.

શાળા સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે ત્રણ ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૭૨.૧માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૭૨.૧**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો* | *સ્વનિર્ભર શાળાના શિક્ષકો* | *સરકારી શાળાના શિક્ષકો* |
|---|---|---|---|
| ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | - | ૩.૧૪૬** | ૦.૬૪૯ |
| સ્વનિર્ભર શાળાના શિક્ષકો | - | - | ૨.૦૨* |
| સરકારી શાળાના શિક્ષકો | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક, **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોકત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થક તથા એક ટી–મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

સારણી ૪.૭૨માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે સ્વ–નિર્ભર માધ્યમિક શાળાના શિક્ષકોનું કૌટુંબિક મૂલ્ય અન્ય જૂથના શિક્ષકો કરતાં વધારે હતું. જયારે ખાનગી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા તથા સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૧.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના આરોગ્યાત્મક મૂલ્યો

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોના આરોગ્યાત્મક મૂલ્યની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જ્યાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

### *૪.૧૧.૧ જાતીયતા અને આરોગ્યાત્મક મૂલ્યો*

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭૩માં આપી છે.

સારણી ૪.૭૩ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૭૩**

**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૫૯૦૧ | ૧૩.૮૨ | ૩.૨૯૫ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૩૦૩૧ | ૧૩.૮૪ | ૩.૧૯૧ |
| | | **વિચરણ પૃથક્કરણ** | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૦.૦૧૮ | ૧ | ૦.૦૧૮ | ૦.૦૦૨ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૮૪૨.૯૦૯ | ૬૪૪ | ૧૦.૬૨૮ | |

સારણી ૪.૭૩નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી ૧૩.૮૨ અને ૧૩.૮૪ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૦૦૨ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે જાતીયતાની શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉપર અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૭૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૧.૨ શૈક્ષણિક લાયકાત અને આરોગ્યાત્મક મૂલ્યો

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭૪માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરી સારણી ૪.૭૪ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત

ભાગમાં ચારેય જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭૪**

**વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૯૫૬ | ૧૩.૮૬ | ૩.૪૬૫ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૪૦૯૦ | ૧૩.૯૧ | ૩.૨૫૪ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૩૦૩૩ | ૧૩.૫૪ | ૩.૨૮૫ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૮૫૪ | ૧૪.૪૭ | ૨.૮૫૫ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૪૬.૦૭૬ | ૩ | ૧૫.૩૫૯ | ૧.૪૧૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૭૯૭.૮૫૧ | ૬૪૨ | ૧૦.૫૮૯ | |

સારણી ૪.૭૪ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૩.૮૬, ૧૩.૯૧, ૧૩.૫૪ અને ૧૪.૪૭ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૪૫૧ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૭૪નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૧૧.૩ શૈક્ષણિક અનુભવ અને આરોગ્યાત્મક મૂલ્યો*

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૬૭માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૭૫ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭૫**
**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૨૦૨૪ | ૧૨.૮૯ | ૩.૦૮૬ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૨૦૮૦ | ૧૩.૯૬ | ૩.૩૨૦ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૧૮૬૪ | ૧૩.૮૧ | ૨.૮૦૮ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૨૯૬૪ | ૧૪.૪૬ | ૩.૪૬૨ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૨૨૪.૮૮૭ | ૩ | ૭૪.૯૬૨ | ૭.૨૭૧** |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૬૧૯.૦૪૧ | ૬૪૨ | ૧૦.૩૧૦ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૭૫માં દર્શાવ્યા અનુસાર અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૨.૮૯, ૧૩.૯૬, ૧૩.૮૧ અને ૧૪.૪૬ હતી.

ચાર જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૭.૨૭૧ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૭૫નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉપર શિક્ષકોના શૈક્ષણિક અનુભવની અસર જણાય છે. એટલે કે વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથનાં પાત્રો આરોગ્યાત્મક મૂલ્યોની બાબતમાં ભિન્ન હતાં.

વિવિધ વર્ષોના શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના છ ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૭૫.૧ માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૭૫.૧**

**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્યો)**

| *ક્રમ* | *જૂથ* | *૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો* |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | - | ૨.૯૩૩** | ૨.૬૭૫** | ૪.૫૦૩** |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | | | ૦.૩૯૫ | ૧.૩૭૫ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | - | - | - | ૧.૮૧૮ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | | | | |

*૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત ટી–મૂલ્યો પૈકી ત્રણ ટી–મૂલ્યો ૦.૦૧ કક્ષાએ સાર્થક હતાં.

સારણી ૪.૭૫ માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોનું આરોગ્યાત્મક મૂલ્ય અન્ય જૂથનાં શિક્ષકો કરતાં ઓછું હતું. જયારે ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો તથા ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોનાં આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૧.૪ વૈવાહિક દરજ્જો અને આરોગ્યાત્મક મૂલ્યો

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭૬માં આપી છે.

સારણી ૪.૭૬ના શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭૬**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૬૨૩૮ | ૧૩.૬૫ | ૩.૧૩૩ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૨૬૨૭ | ૧૩.૯૦ | ૩.૩૦૮ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૮.૯૧૫ | ૧ | ૮.૯૧૫ | ૦.૮૪૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૮૩૫.૦૧૨ | ૬૪૪ | ૧૦.૬૧૩ | |

સારણી ૪.૭૬નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૩.૬૫ અને ૧૩.૯૦ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૮૪૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉપર વૈવાહિક દરજ્જાની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૭૬નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૧.૫ કુટુંબનો પ્રકાર અને આરોગ્યાત્મક મૂલ્યો

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭૭માં આપી છે.

સારણી ૪.૭૭ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭૭**

**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૫૩૫૯ | ૧૩.૭૪ | ૩.૧૮૮ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૩૫૭૪ | ૧૩.૯૬ | ૩.૩૬૨ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૭.૯૨૧ | ૧ | ૭.૯૨૧ | ૦.૭૪૬ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૮૩૬.૦૦૭ | ૬૪૪ | ૧૦૬૧૫ | |

સારણી ૪.૭૭નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૩.૭૪ અને ૧૩.૯૬ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૭૪૬ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૭૭નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૧.૬ ઉંમર અને આરોગ્યાત્મક મૂલ્યો

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭૮માં રજૂ કરવામાં આવી છે.

૩૦ વર્ષથી ઓછી ઉંમર, ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમર તથા ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૭૮ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭૮**

**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ વર્ષથી ઓછી ઉંમર | ૧૭૨ | ૨૨૫૫ | ૧૩.૧૧ | ૩.૩૫૦ |
| ૨. | ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર | ૨૩૧ | ૩૧૯૨ | ૧૩.૮૨ | ૩.૧૨૨ |
| ૩. | ૪૦ વર્ષથી વધુ ઉંમર | ૨૪૩ | ૩૪૮૭ | ૧૪.૩૫ | ૩.૨૩૩ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | ઉંમરના આધારે જૂથ | ૧૫૩.૬૯૯ | ૨ | ૭૬.૮૫૦ | ૭.૩૮૬** |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૬૯૦.૨૨૮ | ૬૪૩ | ૧૦.૪૦૫ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૭૮માં દર્શાવ્યા અનુસાર ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૩.૧૧, ૧૩.૮૨ અને ૧૪.૩૫ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૭.૩૮૬ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૭૮નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉપર શિક્ષકોની ઉંમરની અસર જણાય

છે એટલે કે વિવિધ ઉંમરને આધારે પાડેલા ત્રણ જૂથનાં પાત્રો આરોગ્યાત્મક મૂલ્યોની બાબતમાં ભિન્ન હતાં.

વિવિધ ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૭૮.૧માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૭૮.૧**
**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકો* | *૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા શિક્ષકો* | *૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો* |
|---|---|---|---|
| ૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકો | - | ૨.૧૮૧* | ૩.૭૭૭** |
| ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા શિક્ષકો | - | - | ૧.૮૦૫ |
| ૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક; **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોકત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ અને એક ટી–મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક હતાં.

સારણી ૪.૭૮માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે ૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોનું આરોગ્યાત્મક મૂલ્ય અન્ય જૂથના શિક્ષકો કરતાં ઓછું હતું. જયારે ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો તથા ૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૧.૭ શાળાનો વિસ્તાર અને આરોગ્યાત્મક મૂલ્યો

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૭૯માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૭૯ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૭૯**

**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૩૧૧૪ | ૧૩.૬૬ | ૩.૨૧૭ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૨૦૫૧ | ૧૩.૯૫ | ૩.૨૭૩ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૩૭૬૭ | ૧૩.૯૦ | ૩.૨૮૯ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૯.૮૬૧ | ૨ | ૪.૯૩૧ | ૦.૪૬૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૮૩૪.૦૦૬ | ૬૪૩ | ૧૦.૬૨૮ | |

સારણી ૪.૭૯માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૩.૬૬, ૧૩.૯૫ અને ૧૩.૯૦ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૪૬૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉપર તેની શાળાના વિસ્તારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૭૯નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન વિસ્તારની શાળાઓના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૧.૮ શાળા સંચાલનનો પ્રકાર અને આરોગ્યાત્મક મૂલ્યો

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૦માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી સારણી ૪.૮૦ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના આરોગ્યાત્મક મૂલ્યોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮૦**
**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૫૨૨૫ | ૧૪.૧૬ | ૩.૨૫૧ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૧૯૦૭ | ૧૩.૦૬ | ૨.૮૩૧ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૧૮૦૦ | ૧૩.૭૪ | ૩.૫૭૯ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૧૨૮.૦૬૩ | ૨ | ૬૪.૦૩૧ | ૬.૧૩૧** |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૭૧૫.૮૬૫ | ૬૪૩ | ૧૦.૪૪૫ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૮૦માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી અનુક્રમે ૧૪.૧૬, ૧૩.૦૬ અને ૧૩.૭૪ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૬.૧૩૧ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૮૦નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યો ઉપર શિક્ષકોના શાળા સંચાલનના પ્રકારની અસર જણાય છે. એટલે કે શાળા સંચાલનના પ્રકારના આધારે પાડેલા ત્રણ જૂથનાં પાત્રો આરોગ્યાત્મક મૂલ્યોની બાબતમાં ભિન્ન હતાં.

શાળા સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે ત્રણ ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૮૦.૧માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૮૦.૧**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો* | *સ્વનિર્ભર શાળાના શિક્ષકો* | *સરકારી શાળાના શિક્ષકો* |
|---|---|---|---|
| ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | - | ૩.૫૮૯** | ૧.૨૪૩ |
| સ્વનિર્ભર શાળાના શિક્ષકો | - | - | ૧.૭૫૯ |
| સરકારી શાળાના શિક્ષકો | - | - | - |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોકત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

સારણી ૪.૮૦માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે સ્વ–નિર્ભર માધ્યમિક શાળાના શિક્ષકોનું આરોગ્યાત્મક મૂલ્ય અન્ય જૂથના શિક્ષકો કરતાં વધારે હતું. જયારે ખાનગી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા તથા સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોના આરોગ્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૨.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમની સિદ્ધિપ્રેરણા

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જયાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

### *૪.૧૨.૧ જાતીયતા અને સિદ્ધિપ્રેરણા*

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૧માં આપી છે.

સારણી ૪.૮૧ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૮૧**
**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૫૦૬૪ | ૧૧.૮૬ | ૨.૦૬૮ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૨૭૧૮ | ૧૨.૪૧ | ૭.૬૨૫ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૪૩.૨૯૮ | ૧ | ૪૩.૨૯૮ | ૧.૯૨૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૧૪૪૯૬.૪૦૦ | ૬૪૪ | ૨૨.૫૧૦ | |

સારણી ૪.૮૧નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરી ૧૧.૮૬ અને ૧૨.૪૧ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૯૨૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે જાતીયતાની શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉપર અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૮૧નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૨.૨ *શૈક્ષણિક લાયકાત અને સિદ્ધિપ્રેરણા*

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૨માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૮૨ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં

ચારેય જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮૨**

**વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૮૨૧ | ૧૧.૯૦ | ૨.૪૯૨ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૩૬૦૭ | ૧૨.૨૭ | ૬.૬૦૨ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૨૬૫૨ | ૧૧.૮૪ | ૨.૧૩૭ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૭૦૧ | ૧૧.૮૮ | ૨.૨૮૩ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૨૭.૨૫૨ | ૩ | ૯.૦૮૪ | ૦.૪૦૨ |
| ૨. | જૂથ અંતર્ગત | ૧૪૫૧૨.૪૪૬ | ૬૪૨ | ૨૨.૬૦૫ | |

સારણી ૪.૭૪ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૧.૯૦, ૧૨.૨૭, ૧૧.૮૪ અને ૧૧.૮૮ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૪૦૨ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૮૨નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૨.૩ *શૈક્ષણિક અનુભવ અને સિદ્ધિપ્રેરણા*

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૩માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી સારણી ૪.૮૩ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮૩**

**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૧૯૭૨ | ૧૨.૫૬ | ૮.૮૫૪ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૧૭૮૮ | ૧૨.૦૦ | ૨.૪૮૨ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૧૫૬૯ | ૧૧.૬૨ | ૨.૧૫૪ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૨૪૫૨ | ૧૧.૯૬ | ૧.૮૬૫ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૬૭.૬૦૨ | ૩ | ૨૨.૫૩૪ | ૧.૦૦૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૧૪૪૭૨.૦૯૬ | ૬૪૨ | ૨૨.૫૪૨ | |

સારણી ૪.૮૩માં દર્શાવ્યા અનુસાર અનુભવના આધારે પાડેલા ચાર જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૨.૫૬, ૧૨.૦૦, ૧૧.૬૨ અને ૧૧.૯૬ હતી.

ચાર જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૦૦૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉપર શિક્ષકોના શૈક્ષણિક અનુભવની અસર થતી નથી. તેથી ઉત્કલ્પના–૮૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૧૨.૪ વૈવાહિક દરજ્જો અને સિદ્ધિપ્રેરણા*

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૪માં આપી છે.

સારણી ૪.૮૪ની શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮૪**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૫૫૧૧ | ૧૨.૦૬ | ૧.૯૨૨ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૨૨૭૬ | ૧૨.૦૪ | ૫.૫૧૦ |
| | | વિચરણ પૃથક્કરણ | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૦.૦૪૭ | ૧ | ૦.૦૪૭ | ૦.૦૦૨ |
| ૨. | જૂથ અંતર્ગત | ૧૪૫૩૯.૬૫૧ | ૬૪૪ | ૨૨.૫૭૭ | |

સારણી ૪.૮૪નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૨.૦૬ અને ૧૨.૦૪ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૦૦૨ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉપર વૈવાહિક દરજ્જાની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૮૪નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૨.૫ કુટુંબનો પ્રકાર અને સિદ્ધિપ્રેરણા

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૫માં આપી છે.

સારણી ૪.૮૫ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮૫**

**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૪૭૩૯ | ૧૨.૧૫ | ૫.૮૭૧ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૩૦૪૧ | ૧૧.૮૮ | ૨.૦૯૫ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૧૧.૬૮૩ | ૧ | ૧૧.૬૮૩ | ૦.૫૧૮ |
| ૨. | જૂથ અંતર્ગત | ૧૪૫૨૮.૦૧૫ | ૬૪૪ | ૨૨.૫૫૯ | |

સારણી ૪.૮૫નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૨.૧૫ અને ૧૧.૮૮ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૫૧૮ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૮૫નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૧૨.૬ ઉંમર અને સિદ્ધિપ્રેરણા*

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૬માં રજૂ કરવામાં આવી છે.

૩૦ વર્ષથી ઓછી ઉંમર, ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમર તથા ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી સારણી ૪.૮૬ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮૬**
**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ વર્ષથી ઓછી ઉંમર | ૧૭૨ | ૨૧૭૮ | ૧૨.૬૬ | ૮.૪૯૩ |
| ૨. | ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર | ૨૩૧ | ૨૭૩૫ | ૧૧.૮૪ | ૨.૨૪૬ |
| ૩. | ૪૦ વર્ષથી વધુ ઉંમર | ૨૪૩ | ૨૮૭૦ | ૧૧.૮૧ | ૧.૯૮૭ |
| | | વિચરણ પૃથક્કરણ | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | ઉંમરના આધારે જૂથ | ૮૯.૫૯૮ | ૨ | ૪૪.૭૯૯ | ૧.૯૯૩ |
| ૨. | જૂથ અંતર્ગત | ૧૪૪૫૦.૧૦૦ | ૬૪૩ | ૨૨.૪૭૩ | |

સારણી ૪.૮૬માં દર્શાવ્યા અનુસાર ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૨.૬૬, ૧૧.૮૪ અને ૧૧.૮૧ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૯૯૩ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉપર તેમની ઉંમરની અસર થતી નથી તેથી ઉત્કલ્પના–૮૬નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન ઉંમર ધરાવતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૨.૭ શાળાનો વિસ્તાર અને સિદ્ધિપ્રેરણા

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૭માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી સારણી ૪.૮૭ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮૭**
**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૨૭૩૬ | ૧૨.૦૦ | ૨.૦૭૯ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૧૮૩૨ | ૧૨.૪૬ | ૯.૧૬૫ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૩૨૧૪ | ૧૧.૮૬ | ૨.૧૫૯ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૩૫.૪૮૭ | ૨ | ૧૭.૭૪૩ | ૦.૭૮૭ |
| ૨. | જૂથ અંતર્ગત | ૧૪૫૦૪.૨૧૧ | ૬૪૩ | ૨૨.૫૫૭ | |

સારણી ૪.૮૭માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૨.૦૦, ૧૨.૪૬ અને ૧૧.૮૬ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૦.૭૮૭ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉપર તેની શાળાના વિસ્તારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૮૭નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન વિસ્તારની શાળાઓના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૧૨.૮ શાળા સંચાલનનો પ્રકાર અને સિદ્ધિપ્રેરણા*

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૮માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી સારણી ૪.૮૮ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૮૮**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૪૪૮૭ | ૧૨.૧૬ | ૬.૦૧૪ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૧૭૯૩ | ૧૨.૨૮ | ૧.૭૧૭ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૧૫૦૧ | ૧૧.૪૬ | ૨.૩૯૩ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૫૮.૧૨૬ | ૨ | ૨૯.૦૬૩ | ૧.૨૯૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૧૪૪૮૧.૫૭૨ | ૬૪૩ | ૨૨.૫૨૨ | |

સારણી ૪.૮૮માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૨.૧૬, ૧૨.૨૮ અને ૧૧.૪૬ હતી.

ત્રણ જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૨૯૦ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉપર શાળાના સંચાલનના પ્રકારની અસર થતી નથી. તેથી ઉત્કલ્પના–૮૮નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિભિન્ન સંચાલનવાળી શાળાઓના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૩.૦ માધ્યમિક શાળાના શિક્ષકો અને તેમના શીખવવા પ્રત્યેના વલણ

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માધ્યમિક શાળાના શિક્ષકોના જુદા–જુદા આઠ સ્વતંત્ર ચલોને આધારે જૂથ પાડવામાં આવ્યા હતાં. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં. જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનનો પ્રકાર. પ્રત્યેક ચલને આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ સરખાવવા માટે આઠ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથનાં પાત્રોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીની ગણતરી કરવામાં આવી હતી. પ્રત્યેક જૂથનાં પાત્રોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી અને જૂથની અંદરના પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને વિચરણ પૃથક્કરણ, એફ–મૂલ્ય દ્વારા ચકાસવામાં આવ્યા હતા. જયાં એફ–મૂલ્ય સાર્થક જણાયું હતું ત્યાં પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી.

## ૪.૧૩.૧ જાતીયતા અને શીખવવા પ્રત્યેનું વલણ

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૮૯માં આપી છે.

સારણી ૪.૮૯ના શરૂઆતમાં જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ રજૂ કરેલ છે.

**સારણી – ૪.૮૯**
**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પુરુષ શિક્ષકો | ૪૨૭ | ૭૬૩૯૯ | ૧૭૮.૯૨ | ૨૦.૨૮૫ |
| ૨. | સ્ત્રી શિક્ષકો | ૨૧૯ | ૩૫૫૭૦ | ૧૬૨.૪૨ | ૨૪.૪૭૭ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | જાતીયતાના આધારે જૂથ | ૩૯૪૩૩.૨૫૪ | ૧ | ૩૯૪૩૩.૨૫૪ | ૮૩.૦૧૫** |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૦૫૯૦૮.૪૮ | ૬૪૪ | ૪૭૫.૦૧૩ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૮૯નું અવલોકન દર્શાવે છે કે જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી ૧૭૮.૯૨ અને ૧૬૨.૪૨ હતી.

પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૮૩.૦૧૫ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૮૯નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉપર શિક્ષકોની જાતીયતાની અસર જણાય છે. એટલે કે જાતીયતાના આધારે પાડેલા બેજૂથનાં પાત્રો શીખવવા પ્રત્યેના વલણની બાબતમાં ભિન્ન હતાં.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથના પાત્રોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના ટી–મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. જે સારણી ૪.૮૯.૧ માં દર્શાવેલ છે. (અહીં જાતીયતાના બે જૂથ હોવાથી એફ–મૂલ્ય પરથી પણ અર્થઘટન કરી શકાય).

**સારણી – ૪.૮૯.૧**

**માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *પુરુષ શિક્ષકો* | *સ્ત્રી શિક્ષકો* |
|---|---|---|
| પુરુષ શિક્ષકો | - | ૯.૧૧૧** |
| સ્ત્રી શિક્ષકો | - | - |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૮૯માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે માધ્યમિક શાળાના પુરુષ શિક્ષકોના શીખવવા પ્રત્યેનું વલણ માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષકો કરતાં ઉંચું હતું.

## *૪.૧૩.૨ શૈક્ષણિક લાયકાત અને શીખવવા પ્રત્યેનું વલણ*

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૯૦ માં રજૂ કરવામાં આવી છે.

માત્ર સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલિમી), સ્નાતક અને તાલિમી સ્નાતક, અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરી સારણી ૪.૯૦ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

## સારણી – ૪.૯૦
## વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સ્નાતક કે અનુસ્નાતક (બિનતાલીમી) | ૬૯ | ૧૧૬૭૬ | ૧૬૯.૨૨ | ૨૨.૮૦૬ |
| ૨. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૨૯૪ | ૫૧૪૯૪ | ૧૭૫.૧૫ | ૨૨.૪૧૧ |
| ૩. | અનુસ્નાતક કે તાલીમી અનુસ્નાતક | ૨૨૪ | ૩૮૭૦૯ | ૧૭૨.૮૧ | ૨૪.૬૨૯ |
| ૪. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે વધુ અભ્યાસ | ૫૯ | ૧૦૦૮૯ | ૧૭૧.૦૦ | ૨૦.૭૬૯ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૨૫૨૧.૮૩૪ | ૩ | ૮૪૦.૬૧૧ | ૧.૫૭૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૪૨૮૧૯.૯૦ | ૬૪૨ | ૫૩૩.૯૮૭ | |

સારણી ૪.૯૦ સૂચવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી અનુક્રમે ૧૬૯.૨૨, ૧૭૫.૧૫, ૧૭૨.૮૧ અને ૧૭૧.૦૦ હતી.

વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૫૭૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉપર શૈક્ષણિક લાયકાતની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૯૦નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૧૩.૩ શૈક્ષણિક અનુભવ અને શીખવવા પ્રત્યેનું વલણ*

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા વિભિન્ન ચાર જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૯૧માં રજૂ કરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષનો અનુભવ, ૬ થી ૧૦ વર્ષનો અનુભવ, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી સારણી ૪.૯૧ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ચારેય જૂથોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

## સારણી – ૪.૯૧

## વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૫૭ | ૨૭૨૮૫ | ૧૭૩.૭૯ | ૨૧.૮૨૯ |
| ૨. | ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૪૯ | ૨૫૧૩૩ | ૧૬૮.૬૮ | ૨૧.૩૨૭ |
| ૩. | ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | ૧૩૫ | ૨૨૯૯૯ | ૧૭૦.૩૬ | ૨૪.૯૨૦ |
| ૪. | ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | ૨૦૫ | ૩૬૫૫૨ | ૧૭૮.૩૦ | ૨૩.૩૨૩ |
| | | | વિચરણ પૃથક્કરણ | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | શૈક્ષણિક અનુભવના આધારે જૂથ | ૯૫૦૫.૦૭૦ | ૩ | ૩૧૬૮.૩૫૭ | ૬.૦૫૭** |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૩૫૮૩૬.૬૬ | ૬૪૨ | ૫૨૩.૧૧૦ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૯૧માં દર્શાવ્યા અનુસાર અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી અનુક્રમે ૧૭૩.૭૯, ૧૬૮.૬૮, ૧૭૦.૩૬ અને ૧૭૮.૩૦ હતી.

ચાર જૂથોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૬.૦૫૭ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૯૧નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉપર શૈક્ષણિક અનુભવની અસર જણાય છે. એટલે કે વિવિધ શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથનાં પાત્રો શીખવવા પ્રત્યેના વલણની બાબતમાં ભિન્ન હતાં.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથના પાત્રોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના છ ટી–મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. જે સારણી ૪.૯૧.૧ માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૯૧.૧**

**વિભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો* | *૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો* |
|---|---|---|---|---|
| ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | - | ૨.૦૭૧* | ૧.૨૫૩ | ૧.૮૭૩ |
| ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | - | - | ૦.૬૧૪ | ૩.૯૭૦** |
| ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો | - | - | - | ૨.૯૮૭** |
| ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકો | | | | |

**૦.૦૫ કક્ષાએ સાર્થક      **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૧ કક્ષાએ અને બે ટી–મૂલ્યો ૦.૦૦૧ કક્ષાએ સાર્થક હતાં.

સારણી ૪.૯૧માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોનું શીખવા પ્રત્યેનુ વલણ અન્ય જૂથના શિક્ષકો કરતાં વધારે હતું. જ્યારે ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવા પ્રત્યેના વલણ ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો કરતાં વધારે હતું. જ્યારે ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો અને ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૩.૪ વૈવાહિક દરજ્જો અને શીખવવા પ્રત્યેનું વલણ

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૯૨માં આપી છે.

સારણી ૪.૯૨ના શરૂઆતમાં વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા, એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૯૨**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | પરિણિત શિક્ષકો | ૪૫૭ | ૭૬૭૧ | ૧૬૭.૯૯ | ૨૩.૧૫૧ |
| ૨. | અપરણિત શિક્ષકો | ૧૮૯ | ૩૩૧૭૫ | ૧૭૫.૫૩ | ૨૨.૭૯૬ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વૈવાહિક દરજ્જાના આધારે જૂથ | ૭૬૦૫.૯૬૫ | ૧ | ૭૬૦૫.૯૬૫ | ૧૪.૫૦૩** |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૩૭૭૩૫.૭૭ | ૬૪૪ | ૫૨૪.૪૩૪ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૯૨નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી અનુક્રમે ૧૬૭.૯૯ અને ૧૭૫.૫૩ હતી.

પરિણિત શિક્ષકો અને અપરણિત શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧૪.૫૦૩ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૯૨ નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉપર વૈવાહિક દરજ્જાની અસર જણાય છે. એટલે કે વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથનાં પાત્રો શીખવવા પ્રત્યેના વલણની બાબતમાં ભિન્ન હતાં.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથના પાત્રોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના ટી–મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. જે સારણી ૪.૯૨.૧ માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૯૨.૧**

**વિભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *પરિણિત શિક્ષકો* | *અપરણિત શિક્ષકો* |
|---|---|---|
| પરિણિત શિક્ષકો | - | ૩.૮૦૮** |
| અપરણિત શિક્ષકો | - | - |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૯૨માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે માધ્યમિક શાળાના અપરણિત શિક્ષકોના શીખવવા પ્રત્યેનું વલણ પરિણિત શિક્ષકો કરતાં વધુ જોવા મળ્યું હતું.

## *૪.૧૩.૫ કુટુંબનો પ્રકાર અને શીખવવા પ્રત્યેનું વલણ*

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૯૩માં આપી છે.

સારણી ૪.૯૩ના શરૂઆતમાં કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના પાત્રોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરી દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં બે જૂથના પાત્રોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૯૩**

**કુટુંબના પ્રકારને આધારે માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૩૯૦ | ૬૭૮૮૩ | ૧૭૪.૦૬ | ૨૩.૨૧૯ |
| ૨. | વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો | ૨૫૬ | ૪૪૦૮૩ | ૧૭૨.૨૦ | ૨૩.૦૧૬ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | કુટુંબના પ્રકારના આધારે જૂથ | ૫૩૭.૪૯૬ | ૧ | ૫૩૭.૪૯૬ | ૧.૦૦૪ |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૪૪૮૦૪.૨૪ | ૬૪૪ | ૫૩૫.૪૧૦ | |

સારણી ૪.૯૩નો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી અનુક્રમે ૧૭૪.૦૬ અને ૧૭૨.૨૦ હતી.

સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧.૦૦૪ હતું જે સાર્થક ન હતું.

આથી કહી શકાય કે શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉપર કુટુંબના પ્રકારની અસર થતી નથી. આથી ઉત્કલ્પના–૯૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં વસતા શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સમાન હતી.

## *૪.૧૩.૬ ઉંમર અને શીખવવા પ્રત્યેનું વલણ*

ઉંમરને આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૯૪માં રજૂ કરવામાં આવી છે.

૩૦ વર્ષથી ઓછી ઉંમર, ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમર તથા ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી સારણી ૪.૯૪ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૯૪**
**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| *ક્રમ* | *જૂથ* | *સંખ્યા* | *પ્રાપ્તાંકોનો સરવાળો* | *સરાસરી* | *પ્રમાણ વિચલન* |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ વર્ષથી ઓછી ઉંમર | ૧૭૨ | ૨૯૩૩૩ | ૧૭૦.૫૪ | ૨૧.૬૫૨ |
| ૨. | ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર | ૨૩૧ | ૩૯૬૫૮ | ૧૭૧.૬૮ | ૨૪.૧૭૨ |
| ૩. | ૪૦ વર્ષથી વધુ ઉંમર | ૨૪૩ | ૪૨૯૭૭ | ૧૭૬.૮૬ | ૨૨.૮૦૦ |
| વિચરણ પૃથક્કરણ | | | | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‍ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | ઉંમરના આધારે જૂથ | ૪૯૮૫.૧૨૯ | ૨ | ૨૪૯૨.૫૬૫ | ૪.૭૦૯* |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૪૦૩૫૬.૬૦ | ૬૪૩ | ૫૨૯.૩૨૬ | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી ૪.૯૪માં દર્શાવ્યા અનુસાર ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી અનુક્રમે ૧૭૦.૫૪, ૧૭૧.૬૮ અને ૧૭૬.૮૬ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૪.૭૦૯ હતું જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૯૪ નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉપર શિક્ષકોની ઉંમરની અસર જણાય છે એટલે કે વિવિધ ઉંમરને આધારે પાડેલા ત્રણ જૂથનાં પાત્રો શીખવવા પ્રત્યેના વલણની બાબતમાં ભિન્ન હતાં.

વિવિધ ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૯૪.૧માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૯૪.૧**

**વિભિન્ન ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકો* | *૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા શિક્ષકો* | *૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો* |
|---|---|---|---|
| ૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકો | - | ૦.૪૯૧ | ૨.૮૩૮** |
| ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા શિક્ષકો | - | - | ૨.૩૯૭* |
| ૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક; **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોકત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ અને એક ટી–મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક હતાં.

સારણી ૪.૯૪માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે ૪૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોનું શીખવવા પ્રત્યેનું વલણ અન્ય જૂથના શિક્ષકો કરતાં વધારે હતું. જયારે ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકો તથા ૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી લગભગ સમાન હતી.

## ૪.૧૩.૭ શાળાનો વિસ્તાર અને શીખવવા પ્રત્યેનું વલણ

શાળાના વિસ્તારના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૯૫માં રજૂ કરવામાં આવી છે.

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકોની સંખ્યા, ત્રણેય જૂથના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી સારણી ૪.૯૫ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૯૫**
**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૨૮ | ૩૮૦૮૧ | ૧૬૭.૦૨ | ૨૩.૫૪૮ |
| ૨. | અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | ૧૪૭ | ૨૫૩૫૬ | ૧૭૨.૪૯ | ૨૨.૧૧૯ |
| ૩. | ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | ૨૭૧ | ૪૮૫૩૧ | ૧૭૯.૦૮ | ૨૧.૯૩૨ |
| **વિચરણ પૃથક્કરણ** | | | | | |
| ક્રમ | વિચરણનું ઉદ્ગમ | વર્ગોના સરવાળા | સ્વતંત્ર સંખ્યા | વિચરણ | એફ–મૂલ્ય |
| ૧. | વિસ્તારના આધારે જૂથો | ૧૮૧૬૪.૦૨૧ | ૨ | ૯૦૮૨.૦૧૧ | ૧૭.૮૪૯** |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૨૭૧૭૭.૭૧ | ૬૪૩ | ૫૦૮.૮૩૦ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૯૫માં દર્શાવ્યા અનુસાર વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી અનુક્રમે ૧૬૭.૦૨, ૧૭૨.૪૯ અને ૧૭૯.૦૮ હતી.

ત્રણ જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૧૭.૮૪૯ હતું જે સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૯૫ નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉપર શાળાના વિસ્તારની અસર જણાય છે. એટલે કે શાળાના વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથનાં પાત્રો શીખવવા પ્રત્યેના વલણની બાબતમાં ભિન્ન હતાં.

શાળાના વિસ્તારના આધારે પાડેલ ત્રણ જૂથના પાત્રોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેના ત્રણ ટી–મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. જે સારણી ૪.૯૫.૧ માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૯૫.૧**

**વિભિન્ન વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો* | *અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો* | *ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો* |
|---|---|---|---|
| શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | - | ૨.૨૪૯* | ૫.૯૧૯** |
| અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો | - | - | ૨.૯૨૭** |
| ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો | - | - | - |

**૦.૦૫ કક્ષાએ સાર્થક **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ અને બે ટી–મૂલ્યો ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

સારણી ૪.૯૫ માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેનું વલણ અન્ય જૂથના શિક્ષકો કરતાં વધારે હતું. જ્યારે શહેરી વિસ્તારની શાળાના શિક્ષકોનું શીખવવા પ્રત્યેનું વલણ અર્ધશહેરી વિસ્તારની શાળાના શિક્ષકો કરતાં ઓછું હતું.

## *૪.૧૩.૮ શાળા સંચાલનનો પ્રકાર અને શીખવવા પ્રત્યેનું વલણ*

શાળાના સંચાલનના આધારે પાડેલા વિભિન્ન જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટેના વિચરણ પૃથક્કરણની આંકડાકીય માહિતી સારણી ૪.૯૬માં રજૂ કરવામાં આવી છે.

ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ, સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાના શિક્ષકોની સંખ્યા, પ્રત્યેક જૂથના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી સારણી ૪.૯૬ના શરૂઆતના ભાગમાં દર્શાવેલ છે. સારણીના અંત ભાગમાં ત્રણેય જૂથોના શીખવવા પ્રત્યેના વલણના પ્રાપ્તાંકની સરાસરીના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે તપાસવા માટે વિચરણ પૃથક્કરણ આપ્યું છે.

**સારણી – ૪.૯૬**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|---|
| ૧. | ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | ૩૬૯ | ૬૫૦૧૦ | ૧૭૬.૧૮ | ૨૨.૪૦૭ |
| ૨. | સ્વનિર્ભર શાળાના શિક્ષકો | ૧૪૬ | ૨૪૩૬૨ | ૧૬૬.૮૬ | ૨૩.૦૭૦ |
| ૩. | સરકારી શાળાના શિક્ષકો | ૧૩૧ | ૨૨૫૯૮ | ૧૭૨.૫૦ | ૨૩.૮૯૧ |
| | | | **વિચરણ પૃથક્કરણ** | | |
| *ક્રમ* | *વિચરણનું ઉદ્‌ગમ* | *વર્ગોના સરવાળા* | *સ્વતંત્ર સંખ્યા* | *વિચરણ* | *એફ–મૂલ્ય* |
| ૧. | શાળાના સંચાલનના પ્રકારના આધારે જૂથ | ૬૨૦૪.૮૧૧ | ૨ | ૪૬૦૨.૪૦૬ | ૮.૮૦૪** |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૩૬૧૩૬.૯૨ | ૬૪૩ | ૫૨૨.૭૬૩ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી ૪.૯૬માં દર્શાવ્યા અનુસાર શાળાના સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી અનુક્રમે ૧૭૬.૧૮, ૧૬૬.૮૬ અને ૧૭૨.૫૦ હતી.

ત્રણ જૂથોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટેનું એફ–મૂલ્ય ૮.૮૦૪ હતું જે સાર્થક હતું.

આથી ઉત્કલ્પના–૭૨નો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણ ઉપર શિક્ષકોની શાળા સંચાલનના પ્રકારની અસર જણાય છે. એટલે કે શાળા સંચાલનના પ્રકારના આધારે પાડેલા ત્રણ જૂથનાં પાત્રો શીખવવા પ્રત્યેના વલણની બાબતમાં ભિન્ન હતાં.

શાળા સંચાલનના આધારે પાડેલા ત્રણ જૂથો પૈકી પ્રત્યેક બે જૂથની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે ત્રણ ટી–મૂલ્યોની ગણતરી કરવામાં આવી હતી જે સારણી ૪.૯૬.૧માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૯૬.૧**

**વિભિન્ન પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરીઓ અને તેના તફાવતની સાર્થકતા (ટી–મૂલ્ય)**

| *જૂથ* | *ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો* | *સ્વનિર્ભર શાળાના શિક્ષકો* | *સરકારી શાળાના શિક્ષકો* |
|---|---|---|---|
| ખાનગી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો | - | ૪.૨૨૦** | ૧.૫૮૮ |
| સ્વનિર્ભર શાળાના શિક્ષકો | - | - | ૧.૯૮* |
| સરકારી શાળાના શિક્ષકો | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક, **૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોકત ટી–મૂલ્યો પૈકી એક ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થક તથા એક ટી–મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

સારણી ૪.૯૬માં દર્શાવેલ સરાસરીના આધારે કહી શકાય કે સ્વ–નિર્ભર માધ્યમિક શાળાના શિક્ષકોનું શીખવવા પ્રત્યેનું વલણ અન્ય જૂથના શિક્ષકો કરતાં વધું હતું. જયારે ખાનગી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા તથા સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણની સરાસરી લગભગ સમાન હતી.

***

# પ્રકરણ - ૫
# સારાંશ, તારણો અને ભલામણો

**૫.૧.૦ પ્રસ્તાવના**

**૫.૨.૦ પરિણામોનો સારાંશ**

૫.૨.૧ ધાર્મિક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૨ સામાજિક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૩ લોકશાહી મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૪ સૌંદર્યાત્મક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૫ આર્થિક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૬ જ્ઞાનાત્મક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૭ સુખાત્મક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૮ સત્તાના મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૯ કૌટુંબિક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૧૦ આરોગ્યાત્મક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

૫.૨.૧૧ સિદ્ધિપ્રેરણા પર વિવિધ ચલોની અસર

૫.૨.૧૨ શીખવવા પ્રત્યેના વલણ પર વિવિધ ચલોની અસર

**૫.૩.૦ તારણો**

**૫.૪.૦ શૈક્ષણિક ફલિતાર્થ**

**૫.૫.૦ ભાવિ સંશોધનો અંગે ભલામણો**

# પ્રકરણ - ૫
# સારાંશ, તારણો અને ભલામણો

## ૫.૧.૦ પ્રસ્તાવના

આ પ્રકરણમાં અભ્યાસનું સાર તત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. શરૂઆતમાં પ્રસ્તુત અભ્યાસના હેતુઓ અને હેતુઓના સંદર્ભમાં ઉત્કલ્પનાઓની વિગત ટૂંકમાં રજૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ પ્રમાણે હતા.

(૧) માધ્યમિક શાળાના શિક્ષકોના મૂલ્યોનો તેમની જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૨) માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો તેમની જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૩) માધ્યમિક શાળાના શિક્ષકોના શીખવવા પ્રત્યેના વલણનો તેમની જાતીયતા, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, ઉંમર, શાળાનો વિસ્તાર અને શાળા સંચાલનના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

ઉપર્યુકત ત્રણ હેતુઓને અનુરૂપ ૯૬ શૂન્ય ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી. પરિણામો ઉત્કલ્પનાના સ્વીકાર કે અસ્વીકાર સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યા છે.

## ૫.૨.૦ પરિણામોનો સારાંશ

અભ્યાસના નમૂનાના ૬૩૬ માધ્યમિક શિક્ષકોને આપેલા ત્રણ ઉપકરણો પરના પ્રાપ્તાંક સ્વરૂપે એકત્રીકરણ કરેલી માહિતીના વિશ્લેષણને અંતે નિમ્નલિખિત પરિણામો ઉપલબ્ધ થયા.

આ અભ્યાસના હેતુઓના અનુસંધાનમાં રચાયેલ શૂન્ય ઉત્કલ્પનાઓના સ્વીકાર કે અસ્વીકાર સ્વરૂપે આ પરિણામો રજૂ કરવામાં આવ્યા છે.

## *૫.૨.૧ ધાર્મિક મૂલ્યો પર વિવિધ ચલોની અસર*

*ઉત્કલ્પના – ૧ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

જાતીયતાના આધારે પડેલા બે જુથો પુરુષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોના ધાર્મિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૪૬૪ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતને આધારે પાડેલા ચાર જૂથોના ધાર્મિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૧૯૦ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના ધાર્મિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૬૩૨ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના ધાર્મિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૭૬૪ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫ :* માધ્યમિક શાળાના શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના ધાર્મિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૩૩૫ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરને આધારે પાડેલા ત્રણ જૂથોના ધાર્મિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૪૨૪ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ તબક્કાની ઉંમરના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૭ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થ સૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાને આધારે પાડેલા ત્રણ જૂથોના ધાર્મિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૦૨૪ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ વિસ્તારમાં આવેલા માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૮ :* વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના ધાર્મિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૨૩૫ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાઓનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૫.૨.૨ સામાજિક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

*ઉત્કલ્પના – ૯ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થ સૂચક તફાવત નહીં હોય.

માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના આધારે પાડેલા બે જૂથોના સામાજિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલ તફાવતનું એફ–મૂલ્ય ૩.૨૦૧ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૦ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતને આધારે પાડેલા ચાર જૂથોના સામાજિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલ તફાવતનું એફ–મૂલ્ય ૨.૭૭૨ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૧ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના સામાજિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલ તફાવતનું એફ–મૂલ્ય ૪.૯૮૫ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી સૌથી ઉંચી હતી જયારે ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો, ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો અને ૧૫ વર્ષની વધુ અનુભવ ધરાવતા શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૨ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથના સામાજિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલ તફાવતનું એફ–મૂલ્ય ૧.૨૬૬ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૩ :* માધ્યમિક શાળાના શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના સામાજિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલ તફાવતનું એફ–મૂલ્ય ૦.૯૮૬ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૪ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના સામાજિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલ તફાવતનું એફ–મૂલ્ય ૦.૩૮૦ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ તબક્કાની ઉંમરના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૫ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના સામાજિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૯૬૦ હતું જે સાર્થક ન હતુ આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૬ :* વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના સામાજિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૨.૭૬૧ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ પ્રકાર સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૫.૨.૩ લોકશાહી મૂલ્યો પર વિવિધ ચલોની અસર

*ઉત્કલ્પના – ૧૭ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પુરુષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોના લોકશાહી મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૦૯૩ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૮ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના લોકશાહી મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૭૯૭ હતું. જે સાર્થક ન હતુ આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૧૯ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના લોકશાહી મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૩૯૪ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૦ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના લોકશાહી મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૨૩૦ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પાનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૧ :* માધ્યમિક શાળા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના લોકશાહી મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૩૧૦ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૨ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરને આધારે પાડેલા ત્રણ જૂથોના લોકશાહી મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૨૨૫ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ તબક્કાની ઉંમરના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૩ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના લોકશાહી મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૨.૪૨૩ હતું.જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી, એટલે કે વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગભ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૪ :* વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના લોકશાહી મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૮૬૯ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના લોકશાહી મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૫.૨.૪ સૌંદર્યાત્મક મૂલ્યો પર વિવિચ ચલોની અસર

*ઉત્કલ્પના – ૨૫ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પુરુષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૩૧૦ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૬ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૪૭૪ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૭ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૨૯૩ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ શૈક્ષણિક

અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૮ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૦૫૧ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૨૯ :* માધ્યમિક શાળાના શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૦૯૭ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૦ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંધ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરને આધારે પાડેલા ત્રણ જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૬૮૪ હતુ જે સાર્થક ન હતુ આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ તબક્કાની ઉંમરના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૧ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંધ્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના સૌંધ્યાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૩.૭૪૧ હતું.જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે એટલે કે શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી અન્ય જૂથની સરખામણીમાં નીચી હતી જયારે અર્ધ શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૨ :* વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંદર્યાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના સૌંદર્યાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૮૮૧ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સૌંધ્યાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૫.૨.૫ આર્થિક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

*ઉત્કલ્પના – ૩૩ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પુરુષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોના આર્થિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૬૪૦ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે પુરુષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૪ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના આર્થિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૭૨૮ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ શૈક્ષણિક

લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૫ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના આર્થિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૬૯૨ હતું. જે સાર્થક ન હતુ આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૬ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના આર્થિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૮૮૫ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૭ :* માધ્યમિક શાળાના શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના આર્થિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૩.૯૬૩ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૮ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના આર્થિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૬૦૫ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ

તબક્કાની ઉંમરના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૩૯ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાને આધારે પાડેલા ત્રણ જૂથોના આર્થિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૯.૭૪૧ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યો સરાસરી અન્ય જૂથના શિક્ષકો કરતા ઉચી હતી જયારે અર્ધ શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪૦ :* વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના આર્થિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૮૯૫ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૫.૨.૬ જ્ઞાનાત્મક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

*ઉત્કલ્પના–૪૧ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

જાતિયતના આધારે પાડેલા બે જૂથો પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૨૮૬ હતું. જે સાર્થક ન હતુ આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪૨ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતને આધારે પાડેલા ચાર જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૯૩૩ હતું જે સાર્થક ન હતુ આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪૩ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૩૭૮ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪૪ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૭૭૫ હતું. જે સાર્થક ન હતુ આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪૫ :* માધ્યમિક શાળાના શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૪૯૧ હતું. જે સાર્થક ન હતુ આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪૬ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૨.૦૦૮ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ તબક્કાની ઉંમરના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪૭ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૪૦૧ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૪૮ :* વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના જ્ઞાનાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૭.૧૨૮ હતું. જે સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે સ્વ–નિર્ભર માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી અન્ય જૂથના શિક્ષકો કરતા વધારે હતી જયારે ખાનગી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના શિક્ષકો તથા સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોના જ્ઞાનાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૫.૨.૭ સુખાત્મક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

*ઉત્કલ્પના – ૪૯ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં સુખાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સુખાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૨.૫૫૧ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોનાં સુખાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૦ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના સુખાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૨૦૦ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૧ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના સુખાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૦૪૭ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૨ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સુખાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના સુખાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૪૦૩ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૩ :* માધ્યમિક શાળાના શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં સુખાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના સુખાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૦૩૭ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૪ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના સુખાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૧૫૫ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ તબક્કાની ઉંમરના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૫ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના સુખાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૧૮૫ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૬ :* વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના સુખાત્મક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૫૯૬ હતું. જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સુખાત્મક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૫.૨.૮ સત્તાના મૂલ્યો પર વિવિધ ચલોની અસર

*ઉત્કલ્પના – ૫૭ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં સત્તાના મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પૂરૂષ  શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોના સત્તાના મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૨.૪૦૦ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૮ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના સત્તાના મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૯૫૬ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૫૯ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના સત્તાના મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–૩.૮૧૨ હતું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. આથી કહી શકાય કે ૦ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોનું સત્તાના મૂલ્યો ૬ થી ૧૦ વર્ષનો તથા ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકો કરતા નીચા હતા જયારે ૬ થી ૧૦ વર્ષ તથા ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી પરંતુ ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યો તેમની સરખામણીમાં નીચા જોવા મળ્યા હતા તથા ૦ થી ૫ વર્ષ અને ૧૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૦ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સત્તાના મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના સત્તાના મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૫૨૬ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૧ :* માધ્યમિક શાળાના કુટુંબના પ્રકારના સંદર્ભમાં સત્તાના મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે  પાડેલા બે જૂથોના સત્તાના મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૯૯૧ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૨ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના સત્તાના મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૪૮૯ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ તબક્કાની ઉંમરના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૩ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના સત્તાના મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૩૬૫ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૪ :* વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના આધારે પાડેલા ત્રણ જૂથોના સત્તાના મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૩.૧૭૩ હતું જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ પ્રકારના સંચાલનવાળી માધ્યમિક શાળાના શિક્ષકોના સત્તાના મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

## ૫.૨.૯ કૌટુંબિક મૂલ્યો પર વિવિધ ચલોની અસર

*ઉત્કલ્પના – ૬૫ :* માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભમાં કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પૂરૂષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોના કૌટુંબિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૦.૦૬૬ હતું જે સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૬ :* વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ચાર જૂથોના કૌટુંબિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૨.૪૭૨ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૭ :* વિવિધ વર્ષોનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

શૈક્ષણિક અનુભવના આધારે પાડેલા ચાર જૂથોના કૌટુંબિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૩.૧૮૭ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ

શૈક્ષણિક અનુભવ ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૮ :* માધ્યમિક શાળાના શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જૂથોના કૌટુંબિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૮૯૬ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૬૯ :* માધ્યમિક શાળાના શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

કુટુંબના પ્રકારના આધારે પાડેલા બે જૂથોના કૌટુંબિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૩.૨૫૫ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૭૦ :* વિવિધ તબક્કાની ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ તબક્કાની ઉંમરના આધારે પાડેલા ત્રણ જૂથોના કૌટુંબિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૬.૧૫૧ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય કે ૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી અન્ય જૂથના શિક્ષકો કરતા વધારે હતી જયારે ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકો તથા ૪૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતાં માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

*ઉત્કલ્પના – ૭૧ :* વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાને આધારે પાડેલા ત્રણ જૂથોના કૌટુંબિક મૂલ્યો પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ–મૂલ્ય ૧.૬૧૫ હતું. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે વિવિધ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષકોના કૌટુંબિક મૂલ્યોની સરાસરી લગભગ સમાન હતી.

